जैन साईट

JAINSITE.com

જૈનમ્ જયતિ શાસનમ્

# JAINSITE E-BOOKS LITERATURE

## JAIN HISTORY • JAIN GRANTH • JAIN SUTRA
## JAIN VIDHI • JAIN STORY • JAIN ASTROLOGY

**And Many More Books in Gujarati, Hindi & English**

**જૈનસાઇટ ઈ-બુક્સ લિટરેચર ના સંપુર્ણ લાભાર્થી**

## શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

**પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ,**
**(જુના નાગરદાસ રોડ), અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**





www.jainsite.com

Blessings : **P. P. PANYAS SHREE NIPUNCHANDRA VIJAYJI M. S.**

Inspired by : **MUNI BHAGYACHANDRA VIJAYJI M. S.**

Created by : nikhil sambhav™ NEVER STOP

**E-mail: info@jainsite.com • Tel.: 09867711171**

।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

## જૈન ઈ-બુક્સ ના સંપુર્ણ લાભાર્થી

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)



।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

ટ્રસ્ટની નોંધણી નં. F-4210 (BOM)
સોસાયટીની નોંધણી નં. Bombay 381/1976 G.B.B.S.D.

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ, (જુના નાગરદાસ રોડ),
અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૬૯.

## પ્રસ્તાવના

અનેક પરમોપકારક આચાર્ય દેવ જ્ઞાની, તપસ્વી મુનિરાજ, સેવાભાવી સાધ્વીજી ભગવંતોના અદ્વિતિય–અદ્ભૂત–અવર્ણનીય આશિર્વાદથી તથા મહાપવિત્ર મંત્રોચ્ચાર અને વિધિ વિધાન દ્વારા સ્થાપિત આકર્ષક અલૌકિક અનેરૂ અને મનમોહક ૨૩મા ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી મનોરમ્ય, નેત્ર દિપક લાવણ્યમય પ્રતિમાજીને મૂળનાયક તરીકે બિરાજમાન કરેલ દેવવિમાન તુલ્ય તીર્થસમ જિનાલય એટલે મારું–તમારું અને આપણા સહુનુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનું શિખરબંધી જિનાલય તથા ધીર–વીર–ગંભીર–સરળ–ભક્તિ–ધાર્મિક પાપભીરૂ દાનવીર અને ઉત્તમોત્તમ શ્રાવક–શ્રાવિકાઓથી બનેલો ૨૫મા તીર્થંકર તરીકે ઓળખાતો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ, અંધેરી (પૂર્વ) એટલે અમારો શ્રી અને સરસ્વતીથી સભર બનેલો વિનયી–વિવેકી અને ગુરૂભગવંતોનો કૃપાપાત્ર બનેલ ચારે તરફ એ દશે દિશાઓમાં જૈનમ્ જયતિ શાસનમ્ ની યશોગાથા નો વિજયઘોષ ૧૪ રાજલોકમાં ગુંજતો કરનાર એટલે અમારો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ અંધેરી (પૂર્વ) અનેક નાના મોટા ધાર્મિક અનુષ્ઠાનો કરનાર શ્રી સંઘોને મદદરૂપ બનનાર, અનેક પાંજરાપોળોને સહાયભૂત થનારો અનેક સાધુ–સાધ્વીજી ભગવંતોના વૈયાવચ્ચમાં સદાય અગ્રેસર, ગૃહ જિનાલયમાંથી શરૂ થયેલ આજે ઉત્તુંગ ગગનચુંબી આકર્ષક શિખરબદ્ધ જિનાલય જેમાં દેવ–દેવીઓની દેવકુલિકાઓ શોભી રહી છે. શ્રી સંઘમાં કાયમી આયંબિલ ખાતુ–બે બે પાઠશાળાઓ, જ્ઞાનભંડાર એટલે શ્રી સંઘ શક્તિનું નમૂનેદાર નજરાણું કહેવાય.

યુગદિવાકર પ. પૂ. ઉપકારી ગચ્છના નાયક આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા. ની શુભ પ્રેરણા માર્ગદર્શક તથા તેમની શુભ નિશ્રામાં નિર્મિત અને સ્થાપિત શ્રી જિનાલય તથા પ. પૂ. શતાવધાની આ. ભ. શ્રી જયાનંદસૂરીજીની પ્રેરણાથી તા. ૪–૪–૧૯૭૬ માં શ્રી સંઘની સ્થાપનાના સુંદર વિચારોનું બીજ આજે ઘેઘુરો ઘટાદાર વૃક્ષ સમાન બન્યો છે. ચમત્કારી અને અલૌકિક મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરીને જૈન–જૈનતરોની ઇચ્છાઓ ફળીભૂત થઈ છે.


નિસહાય–અબોલ બનેલા ઢોરોની અને પાંજરાપોળોને અમારા શ્રી સંઘે ઉદાર હાથે મદદ કરી છે તથા હાલમાં કેળવણી ક્ષેત્રે, મેડીકલ ક્ષેત્રે, સાધર્મિક ક્ષેત્રે, અનુકંપા ક્ષેત્રે પણ શ્રી સંઘની જ એક શાખા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ફાઉન્ડેશન દ્વારા આર્થિક સહાય ચાલુ છે.

**શ્રી શ્વે. મૂ. જૈન સંઘ વતી**

પ્રમુખ

નડતા ગ્રહોની શાંતિ અને તેનાથી લાભાલાભ થવા માટે પહેરવાનાં નંગોની સમજ સાથે.

# ગ્રહો અને રત્નો





જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ગ્રહો અને રત્નો

[ ભાગ ૧-૨ સાથે ]

: લેખકો :

શ્રી ગજેન્દ્રશંકર લાલશંકર પંડ્યા

શ્રી રમાશંકર મુક્તશંકર જોષી

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

શ્રી હરિહર પુસ્તકાલય

બુકસેલર્સ એન્ડ પબ્લિશર્સ

ટાવરરોડ . . . . સુરત.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

: પ્રકાશક :

શ્રી હરિહર પુસ્તકાલય વતી
જયંતીલાલ વિઠ્ઠલદાસ મહેતા
ટાવર રોડ . . . સુરત.

★

© શ્રી હરિહર પુસ્તકાલય

કિંમત : રૂ. ૩=૫૦

JAINSITE.com
जैन साईट
જૈનમ્ જયતિ શાસનમ્

☆

: મુદ્રક :

ધી અશોક પ્રિન્ટરી વતી
બી. એસ. નિકમ,
ચૌટાપુલ . . સુરત.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રસ્તાવના

આધુનિક સમયમાં દુનિયામાં માણસોને દરેક બાબતથી મુસીબતો અને ઉપાધિઓ અનુભવવાનો જ સમય જણાય છે અને તેથી તેઓ દોડાદોડ કરી મૂકે છે. જુદા જુદા જોષીઓ અને માંત્રિકો તેમને જાતજાતની સલાહ આપે છે અને આ રીતે તેઓ પોતાનાં નાણાંનો દુર્વ્યય કરે છે.

અત્યારના કટોકટીના સમયમાં થોડા નાણાંનો ખોટો ખર્ચ પણ માણસને ઘણી ઉપાધિમાં મૂકી દે છે. જો માણસ પોતે જ પોતાની નબળી પરિસ્થિતિનો વિચાર કરે અને તેના માટેનો યોગ્ય ઉપાય શોધી કાઢે તો તેના નાણાંનો દુર્વ્યય થતો અટકે.

આ પુસ્તક જાહેર જનતાને ખરેખર ઉપયોગી થાય તો તે માટેની અમારી મહેનત સફળ ગણાશે કારણ કે આ પુસ્તકમાં ગ્રહ ક્યારે નડતો ગણવો અને તેના માટે શું ઉપાય કરવો તે આપવામાં આવ્યું છે.

અંતમાં આ પુસ્તકને દરેક આવકારશે જ એવી આશા સાથે,

—લેખકો

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# અ....નુ....ક્ર....મ....ણિ....કા


| ક્રમ | વિષય | પાનું |
|---|---|---|
| ૧. | મંગલ ... ... ... ... | ૯ |
| ૨. | સૂર્ય......લાલમણિ ... ... ... | ૧૦ |
| ૩. | ચંદ્ર.......મોતી ... ... ... | ૨૧ |
| ૪. | મંગળ......પરવાળું ... ... ... | ૩૭ |
| ૫. | બુધ ...પાનું ... ... ... | ૪૭ |
| ૬. | ગુરુ......પોખરાજ ... ... ... | ૫૫ |
| ૭. | શુક્ર......હીરો ... ... ... | ૬૫ |
| ૮. | શનિ......નીલમણિ ... ... ... | ૭૩ |
| ૯. | રાહુ......ગોમેદ ... ... ... | ૯૧ |
| ૧૦. | કેતુ......લસણીયો ... ... ... | ૯૮ |
| | પરિશિષ્ટ–૧ ... ... ... | ૧૦૩ |


## — ખંડ ૨ જો —


| ક્રમ | વિષય | પાનું |
|---|---|---|
| ૧. | ગ્રહોનાં નંગ અસર કરી શકે છે?... ... | ૧૦૫ |
| ૨. | કયા ગ્રહોનાં નંગ પહેરવાં? ... ... | ૧૦૯ |
| ૩. | નંગ કઈ આંગળીએ પહેરવાં? ... ... | ૧૧૭ |
| ૪. | કયા ધાતુની વીંટીમાં નંગ પહેરવું?... ... | ૧૨૧ |
| ૫. | કયા ગ્રહનું નંગ નક્કી કરવું? ... ... | ૧૨૭ |
| ૬. | જીવનદાતા ગ્રહ ને સંસ્કાર ગ્રહોનાં નંગ ... | ૧૩૧ |
| ૭. | નંગ પહેનારે પાળવાના નિયમો ... ... | ૧૩૪ |
| ૮. | સૂર્યનું નંગ ... ... ... | ૧૩૬ |
| ૯. | ખરાં અને બનાવટી નંગો ... ... | ૧૪૧ |
| ૧૦. | નંગ પહેરવાની પ્રથા ... ... | ૧૪૭ |
| | પરિશિષ્ટ–૨ ... ... ... | ૧૫૩ |
| | પરિશિષ્ટ–૩ ... ... ... | ૧૫૪ |




जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# મંગલ

બ્રહ્મા મુરારિ ત્રિપુરાંતકારિ
ભાનુઃ શશીભૂમિસુતો બુધશ્ચ ।
ગુરૂશ્ચ શુક્રઃ શનિ રાહુ કેતવઃ
કુર્વંતુ સર્વે શુભમંગલાનિ ॥

**પૂર્વાંગ :** બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તથા સૂર્યાદિ નવે ગ્રહો જેમકે સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ તથા કેતુ આ સઘળા દેવતાઓ અને ગ્રહો અનેક પ્રકારે શુભ તથા કલ્યાણ આપનારા બનો.

સૌ કોઈ જાણે જ છે કે માણસ માત્રના, અરે પ્રાણી માત્રનાં જન્મમરણ તથા જીવન તેના કર્મોના આધારે જ વિધિએ નિર્માણ કરેલાં છે. દરેક વ્યક્તિ તેમજ સ્થાવર તથા જંગમ એવા પ્રત્યેક પદાર્થમાં તેના પૂર્વ કર્મના આધારે અમુક તત્ત્વો વિશેષ પ્રમાણમાં અને અમુક તત્ત્વો ઓછા પ્રમાણમાં હોય છે. પંડિતો કહે છે કે 'જ્યોતિષં નયનં સ્મૃતમ્' અર્થાત્ જ્યોતિષ એ આંખ છે. આપણે એમ કહીએ છીએ કે અમુક વ્યક્તિને અમુક ગ્રહ નડે છે. પરંતુ ખરેખર તો તેને કોઈ ગ્રહ નડતો જ નથી. પણ પોતાના પૂર્વકર્મના પરિપાકરૂપે તે વ્યક્તિમાં તે ગ્રહનું તત્ત્વ ઓછું થયું હોય છે. આ તત્ત્વની ખામીને પૂર્ણ કરવા માટે આપણે પ્રયત્નો કરીએ છીએ. આ પ્રયત્નોમાં દૈવી પ્રયત્નો તથા માનુષી પ્રયત્નોનો સમાવેશ થાય છે. દૈવી પ્રયત્નો મંત્રશક્તિ દ્વારા કરવામાં આવે છે. મંત્રશક્તિ પણ એક પ્રકારનું વૈજ્ઞાનિક સાધન જ છે. શબ્દની વ્યાપક અસર તો આપણે બધા જ જાણીએ છીએ. અને એ રીતે મંત્રોમાં અમુક પદ્ધતિથી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગોઠવેલા વર્ણાક્ષરો અમુક જ પ્રકારની અસર ઉત્પન્ન કરીને વ્યક્તિને અમુક તત્ત્વો પૂરાં પાડે છે.

બીજી શક્તિ તે માનુષી પ્રયત્નો. માનુષી પ્રયત્નો માટે આપણે અમુક પદાર્થોનું સેવન વધારીએ છીએ અથવા અમુક પદાર્થો કે જેનું આપણે કદી સેવન ન કરતા હોઈએ તે પદાર્થોનું સેવન આપણે શરૂ કરીએ છીએ. આ પદાર્થોમાં અમુક પ્રકારનાં અનાજ, રત્નો તેમજ અમુક રંગની વસ્તુઓ વિગેરેનો સમાવેશ કરવામાં આવે છે. આ રીતે સેવન કરવામાં આવતી વસ્તુઓ જે પ્રકારનું તત્ત્વ પૂરું પાડે છે તે તત્ત્વ અમુક ગ્રહના આધિપત્યમાં ગણાતું હોય છે. અને તેથી આપણે તે ગ્રહની આરાધના કરીએ છીએ એમ ગણાય છે. વળી જ્યોતિષ મારફત આપણે તેજ ગ્રહની વિપરીત સ્થિતિ જોઈએ છીએ અને તેથી તે ગ્રહ નબળો છે એમ ગણીએ છીએ.

जैन साईट
JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

આ રીતે ગ્રહો તથા રત્નોનો સંબંધ તેમજ ગ્રહોનો અમુક ખાસ પ્રકારના રંગ તથા અમુક અનાજ સાથેનો સંબંધ આપણે માનીએ છીએ.

આમ આપણે જ્યારે રત્નોનો ઉપયોગ અમુક ખાસ પ્રકારનું તત્ત્વ મેળવવા માટે જ કરવા ઇચ્છીએ તો આપણે સર્વ પ્રથમ તે રત્નોને ઓળખવા પ્રયત્ન કરવો વધારે જરૂરી ગણાય અને એ રીતે રત્નોને ઓળખીને કયા રત્નમાંથી આપણને જરૂરી તત્ત્વ પૂરતા પ્રમાણમાં મળે તે જાણી લેવું જોઈએ. આ રીતે રત્નની સાચી પરીક્ષા કરી તેનો ઉપયોગ કરવામાં આવે તો જ આપણા ધાર્યા મુજબ પરિણામ લાવી શકાય. આથી આ પુસ્તકમાં ગ્રહો તથા રત્નો વિશે યોગ્ય વિવરણ કરવામાં આવે છે. કયા રત્નો કયા ગ્રહનું પ્રતિનિધિત્વ દર્શાવે છે? તે રત્નમાં કેટલા, કેવા પ્રકારો હોય છે? આપણે જરૂરી તત્ત્વ પ્રાપ્ત કરવા માટે કેવું રત્ન પસંદ કરવું? આ સઘળી બાબતો અહીં વિસ્તારથી સમજાવેલી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# સૂર્ય ............................ માણેક (લાલમણિ)

સૂર્યપ્રકાશનું ત્રિપાર્શ્વની મદદથી વિભાજન કરીને આપણા વૈજ્ઞાનિકોએ આપણને બતાવ્યું છે કે સૂર્યપ્રકાશ જુદા જુદા રંગનો બનેલો છે. વળી વિજ્ઞાન આપણને જુદા જુદા રંગોને લીધે ઉત્પન્ન થતી જુદી જુદી અસરો પણ અનેક રીતે બતાવે છે. આપણને દરેક રંગમાંથી અલગ અલગ તત્વો મળતાં હોય છે. આથી તત્વો મેળવવા માટેનું સૌથી ઉત્તમ અને સરળ માધ્યમ તે રંગ. ખાસ અમુક પ્રકારના તત્વ માટે માણસે ચોક્કસ રીતે અમુક જ શુદ્ધ રંગનાં કિરણો લેવાં જોઈએ. અને આ માટે ખાસ કરીને સૂર્યના પ્રબળ કિરણોને કોઈ એવા શ્રેષ્ઠ માધ્યમમાંથી પસાર કરવા જોઈએ કે જેથી આપણને જરૂરી તત્વ પૂરતા પ્રમાણમાં મળી રહે.

જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

જ્યારે જ્યારે જ્યોતિષની દૃષ્ટિએ સૂર્ય નબળો જણાય ત્યારે માણસે એમ સમજવું જોઈએ કે પોતાને અત્યારે સૂર્યના તત્વની ખાસ જરૂર છે. આ તત્વ વધારવા તેણે દૈવી તેમજ માનુષી ઉપાયો યોજવા જોઈએ. માનુષી ઉપાયો માટે તેણે રત્નોનું સેવન કરવું તથા સૂર્યના આધિપત્યના પદાર્થોનું સેવન કરવું. સૂર્યના લાલ કિરણો અત્યંત પ્રબળ છે. સફેદ પ્રકાશમાંથી આ કિરણો મેળવવા માટે આપણે લાલ રંગના રત્નનો ઉપયોગ કરવો જોઈએ. લાલ રત્ન એટલે માણેક અથવા લાલમણિ.

લાલમણિ દુનિયાના અનેક જુદા જુદા દેશોમાં મળી આવે છે. ખાસ કરીને બ્રહ્મદેશમાં માણેકની અસંખ્ય ખાણો છે. વળી આફ્રીકામાં પણ કેટલીક ખાણોમાંથી લાલમણિ મળી આવે છે. ભારતમાં પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજસ્થાનમાં લાલમણિ મળી આવે છે. આ સઘળામાં બ્રહ્મદેશમાં મળી આવતો માણેકનો પત્થર સર્વશ્રેષ્ઠ ગણાય છે.

લાલમણિની પરીક્ષા માટે આ બાબતો ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ. રત્ન તરીકે વપરાતો પત્થર તદ્દન સ્વચ્છ કાચ જેવો ચોખ્ખો હોવો જોઈએ. તેમાં કોઈ પણ જાતના ડાઘ કે ઉઝરડા અથવા ખાડા ટેકરા ન હોવા જોઈએ. રત્ન તરીકે જે પત્થર આપણે વાપરવા ઇચ્છતા હોઈએ તે પત્થર સપ્રમાણ અને ધાટદાર હોવો જોઈએ. વળી આ પત્થરનો રંગ લાલ, ચોકખો લાલ લોહીના જેવો હોવો જોઈએ.

જો પત્થરનો રંગ આછો લાલ અથવા વધુ પડતો ઘેરો લાલ હોય તો તે પત્થર તરત જ ઝાંખો લાગશે. કુદરતી રીતે લોહી ભળેલું સ્વચ્છ પાણીનું ટીપું હોય તેવા આકર્ષક દેખાવ તથા રંગવાળો પત્થર સર્વ શ્રેષ્ઠ ગણાય. આ પત્થરનો ટુકડો એક ચણાના દાણાથી નાનો ન હોવો જોઈએ. વળી તે દાણો વધુ પડતો મોટો લેવાનો પણ કોઈ જ અર્થ નથી.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આમ ધાટ, પ્રમાણ, રંગ તેમ જ પત્થરની જાતની દૃષ્ટિએ પસંદ કરેલું માણેક ધારણ કરવાથી ઘટતાં તત્વ યોગ્ય પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. અને માણસ ઉત્તરોત્તર સુખ સમૃદ્ધિ પામે છે તથા તે અનેક પ્રકારે સુખી થાય છે.

**શુભ ફળ આપનારો સૂર્ય :** કોઈ પણ માણસની પોતાની જન્મ રાશિ અથવા નામ રાશિથી ગણતાં જ્યારે જ્યારે સૂર્ય ત્રીજા, છઠ્ઠા અથવા અગિયારમા સ્થાનમાં આવે ત્યારે ત્યારે તે સૂર્ય શુભ ફળ આપનારો ગણાય છે. ગોચર ભ્રમણ દરમ્યાન આ પ્રમાણે જ્યારે સૂર્ય શુભ ફળ આપનારો હોય ત્યારે તે સૂર્ય માણસને ધન ધાન્ય વિગેરેથી સુખી કરે છે. માણસના માન આબરૂમાં વધારો થાય છે. બુદ્ધિ શકિતમાં પણ વિકાસ થાય છે. અને દરેક પ્રકારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માણસ લાભ પ્રાપ્ત કરે છે. કૌટુંબિક બાબતોમાં પણ માણસ અનેક રીતે સુખી થાય છે. સંતાનોથી હર્ષના પ્રસંગો ઉપસ્થિત થાય છે. અને પોતાના હાથે શુભ કાર્યો થાય છે. જો સૂર્ય દશમા સ્થાનમાં હોય તો તે પણ ઉપરોક્ત ફળ આપે છે.

સૂર્ય સારું ફળ આપતો હોય ત્યારે પણ જો તેની ભક્તિ કરવામાં આવે તો તે વધુ શુભ ફળ આપે છે.

**અશુભ ફળ આપનારો સૂર્ય :** જ્યારે માણસની પોતાની જન્મ રાશિ કે નામ રાશિથી ગણતાં સૂર્ય પહેલી, બીજી, ચોથી, પાંચમી, સાતમી, આઠમી, નવમી અથવા બારમી રાશિમાં આવે ત્યારે તે સૂર્ય માણસને અશુભ ફળનું સૂચન કરનારો જાણવો.

જ્યારે જ્યારે ગોચરનો સૂર્ય અશુભ ફળ દર્શાવતો હોય ત્યારે ત્યારે તેના કારણે માણસ અનેક આપત્તિઓમાં આવી પડે છે. કોઈવાર ભયંકર આગના કારણે માણસ મુસીબતમાં આવી પડે છે. કેટલીકવાર મુસાફરીમાં મુશ્કેલી ભોગવવી પડે છે. જીવનમાં તેને અનેક ઉપાધિઓનો સામનો કરવો પડે છે. માણસને પોતાના મનમાં ઊંડે ઊંડે કોઈ ખોટો ભય સતાવે છે. અને આ કારણે તે માણસ હંમેશાં શોકાતુર જણાય છે. કેટલીકવાર માણસને બીનજરૂરી મુસાફરી કરવી પડે છે. અને તેના કારણે પણ હાડમારી તથા નાણાંનો દુર્વ્યય ભોગવવાનો થાય છે.

જ્યારે જ્યારે ગોચરનો સૂર્ય અશુભ ફળ સૂચવે અથવા અશુભ ફળ સૂચવનારા સૂર્યની મહાદશા કે અંતર્દશા ચાલતી હોય ત્યારે માણસે કાળજીપૂર્વક સૂર્યનું આરાધન કરવું જોઈએ. આમ કરવાથી અશુભ ફળનો નાશ થાય છે અને શુભ ફળની પ્રાપ્તિ થાય છે

**વિધિ :–** લાલમાણેકનું નંગ સૂર્યનું નંગ ગણાય છે. આ નંગને સોનામાં મઢાવી તેની વીંટી બનાવડાવવી. ત્યારપછી ઉત્તમ કર્મકાંડી પવિત્ર બ્રાહ્મણ પાસે તે વીંટીની પૂજા કરાવવી. આ વીંટીમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૂર્યની પ્રાણપ્રતિષ્ઠા કરીને વિધિપૂર્વક તેનું પૂજન કર્યા પછી તે વીંટીની સામે બેસીને બ્રાહ્મણે સૂર્યના મંત્રનો જપ કરવો જોઈએ.

શાસ્ત્રમાં સૂર્યમંત્રના જપની સંખ્યા સાત હજાર બતાવી છે. પરંતુ કળિયુગના કારણે શાસ્ત્રોએ ચારગણી જપ સંખ્યા દર્શાવી છે. હવે આગળ ઉપર તે પ્રમાણેની ચારગણી જપ સંખ્યા જ લખાશે. માટે સૂર્યના મંત્રનો ૨૮૦૦૦ અઠ્ઠાવીસ હજાર જપ બ્રાહ્મણ પાસે કરાવવો જોઈએ.

## સૂર્ય મંત્રો

### (૧) વૈદિક મંત્ર :

ૐ આ કૃષ્ણેન રજસાવર્તમાનો નિવેશયન્નમૃતં મર્ત્યં ચ ।
હિરણ્યયેન સવિતા રથેનાદેવો યાતિ ભુવનાનિ પશ્યન્ ॥

### (૨) પુરાણોક્ત મંત્રો :

હ્રીં જપાકુસુમસંકાશં કાશ્યપેયં મહાદ્યુતિમ્ ।
તમોરિં સર્વપાપઘ્નં પ્રણતોસ્મિ દિવાકરમ્ ॥ ૧ ॥

હ્રીં ગ્રહાણામાદિરાદિત્યો લોક રક્ષણ કારકઃ ।
વિષમસ્થાન સંભૂતાં પીડાં હરતુ મે રવિઃ ॥ ૨ ॥

ઉપર પ્રમાણેના કોઈપણ મંત્ર વડે જપ પૂરા કરવા. આ રીતે સિદ્ધ કરેલી વીંટી હાથ ઉપર પહેરવી જોઈએ. આ વીંટી પહેરવાથી સૂર્યની નબળી અસર દૂર થશે અને સારું ફળ પ્રાપ્ત થશે.

**સૂર્યનાં દાન :** સૂર્યને પ્રસન્ન કરવા માટે દાન પણ આપવું જોઈએ. ખાસ કરીને લાલમાણેક તથા ઘઉંનું દાન આપવામાં આવે છે. આ ઉપરાંત સૂર્યની પ્રસન્નતા માટે શાસ્ત્રોમાં વાછરડા સહિત ગાયનું દાન પણ કહેલું છે. વળી લાલ વસ્ત્રો, ગોળ, સોનું તથા તાંબુ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ પણ સૂર્યનાં દાનમાં જ ગણાય છે. સૂર્યના પૂજનમાં ખાસ કરીને રાતું ચંદન (રતાંજલી) તથા રાતાં કમળનાં ફૂલ અથવા રાતાં કરેણનાં ફૂલનો વધારે ઉપયોગ કરવો જોઈએ. આમ કરવાથી સૂર્ય વધારે પ્રસન્ન થાય છે અને માણસને સુખી બનાવે છે.

ઉપર બતાવ્યા પ્રમાણેનો વિધિ જે માણસ કરે છે તેને કદી પણ સૂર્યથી પીડા થતી નથી. વળી જો સૂર્યની દશા ખરાબ હોય અથવા તો ગોચરમાં સૂર્ય ખરાબ સ્થાનમાં આવતો હોય કે પછી જન્મ સમયે સૂર્ય ખરાબ હોય તો પણ તેનું સઘળું ખરાબ ફળ નાશ પામે છે, તેમજ ત્રીજા કે અગિયારમા સ્થાનના સૂર્યના સમાન આ સૂર્ય પણ સારૂં ફળ આપે છે. માટે સૂર્યનો વિધિ અવશ્ય કરવો. હવે સૂર્યના સ્તોત્રો જોઈએ.

## સૂર્ય કવચ

जैन साईट JAINSITE.com

શ્રી સૂર્ય ઉવાચ ।

સામ્બ સામ્બ મહાબાહો શ્રૃણુ મે કવચં શુભમ્ ।
ત્રૈલોક્ય મંગલં નામ ફલદં પરમાદ્ભુતમ્ ॥

યદ્ધ્યાત્વા મંત્ર વિત્ સમ્યક્ ફલમાપ્નોતિનિશ્ચિતમ્ ।
યદ્ધૃત્વા ચ મહાદેવો ગણાનામધિપો ભવત્ ॥

પઠનાદ્ધારણાદ્વિષ્ણુઃ સર્વેષાં પાલકો ભવત્ ।
એવમિન્દ્રાદયઃ સર્વે સર્વૈશ્વર્યમવાપ્નુયુઃ ॥

કવચસ્ય ઋષિર્બ્રહ્મા છન્દોનુષ્ટુબુદાહૃતઃ ।
શ્રી સૂર્યો દેવતા ચાસ્ય સર્વદેવ નમસ્કૃતઃ ॥

આરોગ્યયશમોક્ષેષુ વિનિયોગઃ પ્રકીર્તિતઃ ।
પ્રણવો મે શિરઃ પાતુ ઘૃણિર્મે પાતુ ભાલકમ્ ॥

સૂર્યોવ્યાન્નયનદ્વન્દ્વં આદિત્યઃ કર્ણયુગ્મકમ્ ।
હ્રીંબીજં મે મુખં પાતુ હૃદયં ભુવનેશ્વરી ॥

ચંદ્રબીજં વિસર્ગં ચ પાતુ મે ગુહ્યદેશકમ્ ।
અષ્ટાક્ષરો મહામંત્રઃ સર્વાભીષ્ટફલપ્રદઃ ॥

અક્ષરો સૌ મહામંત્રઃ સર્વતંત્રેષુ ગોપિતઃ ।
શિવોવહ્નિસમાયુક્તો વામાક્ષીબિન્દુભૂષિતઃ ॥

એકાક્ષરો મહામંત્રઃ શ્રીસૂર્યસ્ય પ્રકીર્તિતઃ ।
ગુહ્યાદગુહ્યતરો મન્ત્રો વાંછા ચિંતામણિઃ સ્મૃતઃ ॥

શીર્ષાદિપાદપર્યંતં સદા પાતુ મનૂત્તમઃ ।
ઇતિતે કથિતં દિવ્યં ત્રિષુલોકેષુ દુર્લભમ્ ॥

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

શ્રીપદં કીર્તિદં નિત્યં ધનારોગ્યવિવર્ધનમ્ ।
કુષ્ઠાદિ રોગ શમનં મહાવ્યાધિવિનાશનમ્ ॥

ત્રિસંધ્યં યઃ પઠેન્નિત્યં આરોગ્ય બલવાન્ ભવેત્ ।
બહુના કિમિહોક્તેન યદ્યન્મનસિ વર્તતે ॥

તત્તત્સર્વં ભવત્યેવ કવચસ્યાસ્ય ધારણાત્ ।
ભૂતપ્રેતપિશાચાશ્ચ યક્ષગંધર્વરાક્ષસાઃ ॥

બ્રહ્મરાક્ષસવેતાલાઃ ન દ્રષ્ટુમપિ તં ક્ષમાઃ ।
દૂરાદેવ પલાયંતે તસ્યસંકીર્તનાદપિ ॥

ભૂર્જપત્રે સમાલિખ્ય રોચનાગરૂકુંકુમૈઃ ।
રવિવારે ચ સંક્રાન્તૌ સપ્તમ્યાં ચ વિશેષતઃ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધારયેત્સાધકશ્રેષ્ઠસ્ત્રૈલોક્યે વિજયી ભવેત્ ।
ત્રિલોહમધ્યગં કૃત્વા ધારયેદ્દક્ષિણે ભુજે ॥
શિખાયામથવાં કંઠે સોપિસૂર્યો ન સંશયઃ ।
ઇતિતે કથિતં સામ્બ ત્રૈલોક્યમંગલાભિધમ્ ॥
કવચં દુર્લભં લોકે તવ સ્નેહાત્ પ્રકાશિતમ્ ।
અજ્ઞાત્વા કવચં દિવ્યં યો જપેત્ સૂર્ય મુત્તમમ્ ॥
સિદ્ધિર્ન જાયતે તસ્ય કલ્પકોટિશતૈરપિ ।
તસ્માત્સર્વૈરેવધાર્યં વર્મત્રૈલોક્યમંગલમ્ ॥

ફળ : સૂર્યનારાયણના આ કવચનું ફળ નીચે પ્રમાણે છે. આ કવચના પાઠ કરવાથી અથવા તેને ધારણ કરવાથી માણસને લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. તેમજ યશ તથા કીર્તિમાં વધારો થાય છે. જો માણસને કોઢ, રતવા અથવા એવા પ્રકારના કોઈપણ ચામડીના રોગોથી પીડા ઉત્પન્ન થતી હોય તો તે રોગ મટી જાય છે. તથા માણસને પીડામાંથી સત્વરે શાંતિ મળે છે. આ કવચના પાઠથી ઘણા મોટા મોટા રોગો પણ મટી જાય છે.

ત્રણેય કાળમાં (સવાર, બપોર અને સાંજ) આ કવચનો પાઠ કરવો જોઈએ. એ પ્રમાણે કરવાથી માણસને કદીપણ કોઈપણ રોગની પીડા ભોગવવી પડતી નથી. વળી આ માણસ નીડર તથા પરાક્રમી અને બુદ્ધિશાળી બને છે.

માણસ પોતાના મનમાં કોઈપણ ઇચ્છા રાખીને આ કવચ ધારણ કરે તો તેનાથી તેના મનની તે ઇચ્છા પૂર્ણ થાય છે. આ ઉપરાંત ભૂત, પ્રેત, પિશાચ અથવા કોઈપણ હલકી યોનિઓના જીવાત્માઓ તરફથી થનારી સઘળી પીડા દૂર થાય છે. જે ઘરમાં દરરોજ આ કવચનો પાઠ થાય છે તે ઘરમાં ભૂત પ્રેત વગેર કદીપણ પ્રવેશ કરી શકતાં નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ધારણની રીત :** ગોરોચન, અગર તથા કંકુનું મિશ્રણ કરવું. અથવા તો અષ્ટગંધનું ચંદન બનાવવું. ત્યાર પછી તેનાથી ભોજપત્ર ઉપર કવચ લખવું. ત્યારપછી રવિવાર અથવા સંક્રાંતિના દિવસે તેમજ ખાસ કરીને સાતમના દિવસે કવચ ધારણ કરવું. આ કવચ જમણા હાથ ઉપર ધારણ કરવું જોઈએ. ભોજપત્ર ઉપર લખીને ત્રિલોહના તાવીજમાં બંધ કરીને હાથે બાંધવું અથવા માથા ઉપર ધારણ કરવું જોઈએ. આ પ્રમાણે ધારણ કરવાથી માણસ ત્રણેય લોકમાં વિજયી થાય છે અને તેનો પ્રભાવ પણ સૂર્યસમાન તેજસ્વી બને છે.

## આદિત્ય સ્તોત્ર :

શ્રીગણેશાય નમ : ।

નવગ્રહાણાં સર્વેષાં સૂર્યાદીનાં પૃથક્પૃથક્ ।
પીડા ચ દુ:સહા રાજન્ જાયતે સતતં નૃણામ્ ॥
પીડા નાશાય રાજેન્દ્ર નામાનિશૃણુ ભાસ્વત: ।
સૂર્યાદીનાં ચ સર્વેષાં પીડા નશ્યતિશૃણ્વત: ॥
આદિત્ય: સવિતા સૂર્ય: પૂષાર્ક: શિઘ્રગો રવિ: ।
ભગસ્ત્વષ્ટાર્યમા હંસો હેલિસ્તેજોનિધિર્હરિ: ॥
દિનનાથો દિનકર: સપ્તસપ્તિ: પ્રભાકર: ।
વિભાવસુર્વેદકર્તા વેદાંગો વેદવાહન: ॥
હરિદશ્વ: કાલવકત્ર: કર્મસાક્ષી જગત્પતિ: ।
પદ્મિની બોધકો ભાનુર્ભાસ્કર: કરૂણાકર: ॥
દ્વાદશાત્મા વિશ્વકર્મા લોહિતાંગસ્તમોનુદ: ।
જગન્નાથો રવિંદાક્ષ: કાલાત્મા કશ્યપાત્મજ: ॥
ભૂતાશ્રયો ગ્રહપતિ: સર્વલોક નમસ્કૃત: ।
જપાકુસુમસંકાશો ભાસ્વાનદિતિનન્દન: ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધ્વાન્તેભસિંહઃ ધર્માત્મા લોકનેત્રો વિકર્તનઃ ।
માર્તંડો મિહિરઃ સુરસ્તપનો લોકતાપનઃ ॥
જગત્કર્તા જગત્સાક્ષી શનૈશ્વરપિતા જયઃ ।
સહસ્રરશ્મિસ્તરણિ ર્ભગવાન્ ભક્તવત્સલઃ ॥
વિવસ્વાનાદિદેવશ્ચ દેવદેવો દિવાકરઃ ।
ધન્વંતરિર્વ્યાધિહર્તા રોગકુષ્ટ વિનાશનઃ ॥
ચરાચરાત્મા મૈત્રેયોઽભિનો વિષ્ણુર્વિકર્તનઃ ।
લોકશોકાપહર્તા ચ કમલાકર આત્મભૂઃ ॥
નારાયણો મહાદેવો રૂદ્રઃ પુરુષ ઈશ્વરઃ ।
જીવાત્મા પરમાત્મા ચ સૂક્ષ્માત્મા સર્વતોમુખઃ ॥
ઇન્દ્રોઽનલો યમશ્ચૈવ નૈઋતોવરૂણોઽનિલઃ ।
શ્રીદ ઈશાન ઈન્દુશ્ચ ભૌમઃ સૌમ્યો ગુરૂઃ કવિઃ ॥
શૌરિર્વિધુન્તુદઃ કેતુઃ કાલઃ કાલાત્મકો વિભુઃ ।
સર્વદેવમયોદેવઃ કૃષ્ણઃ કામપ્રદાયકઃ ॥
ય એતૈર્નામિભિર્મર્ત્યો ભક્ત્યાસ્તૌતિ દિવાકરમ્ ।
સર્વપાપ વિનિર્મુક્તઃ સર્વરોગવિવર્જીત ઃ ॥
પુત્રવાન્ ધનવાન્ શ્રીમાન્ જાયતે સ ન સંશયઃ ।
રવિવારે પઠેદ્યસ્તુ નામાન્યેતાનિ ભાસ્વતઃ ॥
પીડા શાંતિર્ભવેત્તસ્ય ગ્રહાણાં ચં વિશેષતઃ ।
સદ્યઃ સુખમવાપ્નોતિ ચાયુર્દીર્ઘં ચ નીરૂજમ્ ॥

**ફળ :** સૂર્યના આ નામ સ્મરણ સ્તોત્રનો જે માણુસ પાઠ કરે છે તે માણુસનાં સઘળાં પાપો નાશ પામે છે, જો માણુસને કોઈપણ રોગ થયો હોય તો તે પણ આ સ્તોત્રનો પાઠ કરવાથી દૂર થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ સ્તોત્રના પાઠ કરવાથી માણસને ઉત્તમ સંતાનો તથા લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. અને માણસની કીર્તિ તથા પ્રભાવમાં પણ વધારો થાય છે. આ સ્તોત્રનો કાયમ પાઠ કરનાર માણસ ઘણો તેજસ્વી અને બુદ્ધિમાન બને છે.

જે માણસ સૂર્યનાં આ નામોનો દર રવિવારે પાઠ કરે તેને કોઈપણ જાતની પીડા થતી નથી તથા કોઈપણ ગ્રહોનો ઉપદ્રવ થતો નથી. આ સ્તોત્રનો પાઠ કરનારને નીરોગિતા તથા લાંબું આયુષ્ય પ્રાપ્ત થાય છે અને જલદીથી સુખની પ્રાપ્તિ થાય છે.

**વિશેષ** : નીચેની બાબતો સૂર્યની સત્તામાં રહેલી ગણાય છે. તાંબું, સોનું, પિતા, પોતાનો આત્મા, દરેક કાર્યનાં શુભ પરિણામો, માણસનો પ્રભાવ, ધીરજ તથા બહાદુરી, તે ઉપરાંત પણ કોઈપણ વાદવિવાદમાં જીત થવી તે પણ સૂર્ય ઉપર અવલંબે છે. વળી રાજ્યની સેવા કરવી, કીર્તિ મેળવવી, પર્વત ઉપર ચઢવું, આ બધાં કામોમાં પણ સૂર્યના બળની જરૂર ગણાય.

ઉપર દર્શાવેલાં કાર્યોમાં જો સૂર્ય બળવાન હોય તો માણસને ધાર્યા કરતાં વધારે સફળતા પ્રાપ્ત થાય છે, પણ જો સૂર્ય નબળો હોય તો માણસને પોતાના કાર્યોમાં નિષ્ફળતા મળે છે. તે ઉપરાંત ઉપર દર્શાવેલી બાબતો માટે ઉપાધિઓ ઊભી થાય છે. આથી ઉપરની બાબતો અંગેના કોઈપણ કાર્ય સમયે સૂર્યની પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે તેનું આરાધન કરવું ખાસ જરૂરી ગણાય.

આ ઉપરાંત સૂર્યના દાનને માટે જે વસ્તુઓ કહી છે તે જ વસ્તુઓ સૂર્યની પૂજા માટે તથા વીંટી બનાવવાના ઉપયોગમાં લેવી જોઈએ અને માણસે પોતે પણ તે જ વસ્તુઓનો વધુ ને વધુ ઉપયોગ કરવો જોઈએ. સૂર્યની પ્રસન્નતા માટે સૌથી પાછળ આદિત્યહૃદય સ્તોત્ર છે તેનો પાઠ પણ કરવો જોઈએ.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ચંદ્ર ........................................ મોતી

**મોતીનો** સફેદ પ્રકાશ, નીતરતી ઊજળી દૂધ જેવી ચાંદનીનો દ્યોતક છે. આથી ચંદ્રના કોમળ કિરણો જે અસર ઉત્પન્ન કરે છે તે જ અસર મોતી ઉત્પન્ન કરે છે. આમ હોવાથી જ્યારે કોઈપણ માણસને ચંદ્રના તત્ત્વોની જરૂર ઊભી થાય ત્યારે તે ચંદ્રના આધિપત્યમાં રહેલી બીજી વસ્તુઓ સાથે ખાસ કરીને મોતીનો પણ ઉપયોગ કરી શકે છે. આમ કરવાથી તેને જરૂરી તત્ત્વો તે વધુ સરળતાથી પ્રાપ્ત કરી શકે છે.

મોતીના ઘણા પ્રકાર છે. હાથીના ગંડસ્થળમાં ઉત્પન્ન થતાં મોતી અત્યંત શ્રેષ્ઠ ગણાય છે. પરંતુ આવાં મોતી મળવાં તે તો ઘણાં જ દુર્લભ હોય છે, અને તેથી ભાગ્યે જ મળી શકે છે. પરંતુ આપણને જે મોતી મળી શકે છે તે મોતી પણ જુદા જુદા પ્રકારનાં હોય છે.

આપણને મળી આવતાં બજારુ મોતીમાં એક તદ્દન બનાવટી જાત હોય છે. આ મોતી કાચ, પ્લાસ્ટીક અથવા એવા જ ભળતા પદાર્થોમાંથી બનાવવામાં આવે છે. વળી શંખ, છીપ વિગેરેનો બારીક ભુક્કો બનાવી તેને રસાયણિક ક્રિયામાંથી પસાર કરી તેમાંથી પણ મોતી બનાવવામાં આવે છે. પણ આ મોતી કાંઈ જ અસર ઉત્પન્ન કરી શકતાં નથી. આથી આ જાતનાં મોતીનો ઉપયોગ કરવો નકામો છે.

મોતીની એક બીજી પણ જાત છે. આ જાતનાં મોતી પણ કૃત્રિમ રીતે જ બને છે. માછલીઓ પાળીને તેમને અમુક પ્રકારની રસાયણિક ગોળીઓ ખવડાવવામાં આવે છે. આ ગોળીઓ જ્યારે પાછી નીકળે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યારે ઉત્તમ ગોળ ચળકાટવાળા મોતીનું સ્વરૂપ લઈને આવે છે. આ મોતીને ભાંગતાં અંદરથી બરડ ભૂકો નીકળે છે. આમ છતાં આવાં મોતી થોડી ઘણી પણ સારી અસર આપી શકે છે. આથી નાછુટકે આવાં મોતીનો ઉપયોગ કરવામાં વાંધો નહીં પણ જો શ્રેષ્ઠ મોતી મળી શકે તો આનો પણ ઉપયોગ ન કરવો જોઈએ.

શ્રેષ્ઠ મોતી સમુદ્રની છીપમાંથી મળી શકે છે. મરજીવાઓ સમુદ્રના તળિયામાંથી છીપ લાવે છે. બહાર તેને ફોડે છે. કેટલીક છીપ ખાલી હોય છે જ્યારે કેટલીક છીપ મોતી ભરેલી હોય છે. આ મોતી જ સાચા મોતી છે. આવાં મોતી ભારતના દરિયા કિનારે ભારત અને સિલોન બંનેની વચ્ચે આવેલા મનારના અખાતમાંથી મળી આવે છે. આ ઉપરાંત ઈરાન અને અરબસ્તાનમાં પણ અરબી સમુદ્રમાંથી આવાં ઉત્તમ પ્રકારના મોતી મળે છે. કેટલાંક મોતી લાલ, લીલી, ભુરી અથવા પીળી છાંટવાળાં એટલે કે મિશ્ર પ્રકાશવાળાં હોય છે જે મોતીનો પ્રકાશ ચંદ્રના કિરણ જેવો સ્વચ્છ ઉજળો સફેદ હોય અથવા આછા બદામી રંગનો હોય તો તે મોતી સર્વશ્રેષ્ઠ ગણાય છે. આ પ્રમાણે ઉત્તમ મોતીની પરીક્ષા કરીને જ તેનો ઉપયોગ કરવો જોઈએ. તેથી વધુ સારું ફળ પ્રાપ્ત થાય છે.

**શુભ ફળ આપતો ચંદ્ર :** કોઈપણ માણસની જન્મની રાશિ અથવા નામની રાશિથી ગણતાં જે રાશિમાં ચંદ્ર હોય તે રાશિ જો પહેલી હોય તો તે ચંદ્ર હંમેશાં માણસને સારું ફળ આપે. વળી જો તે ચંદ્રની રાશિ, બીજી, ત્રીજી, છઠ્ઠી, સાતમી, દસમી અથવા અગિયારમી થાય તો પણ તે સારું જ ફળ આપે. ગોચરમાં જ્યારે જ્યારે સારું ફળ આપનારો બને ત્યારે ત્યારે તે ચંદ્ર માણસની બુદ્ધિ શક્તિમાં વધારો કરે છે. વળી આ સમયમાં માણસને દરેક પ્રકારે ધનનો પણ લાભ થાય થાય છે, તે ઉપરાંત નવા નવા સંબંધો તથા ઓળખાણો વધે છે. પોતાના કોઈ જૂના સંબંધી કે મિત્રની મુલાકાત પણ આ

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમયમાં જ થાય છે. વળી આ સમયમાં માણસને દેવ પ્રત્યે શ્રદ્ધાભક્તિ ઉત્પન્ન થાય છે તથા સારાં ધાર્મિક કાર્યો પણ કરાવે છે.

ઉપર પ્રમાણે ચંદ્ર જ્યારે સારા સ્થાનોમાં હોય ત્યારે ત્યારે તે સારૂં જ ફળ આપે છે, છતાં પણ સારા સમયમાં પણ જો ચંદ્રની ભક્તિ કરવામાં આવે તો તે ચંદ્ર વધારે સારૂં ફળ આપનારો બને. આથી સારા સમયમાં પણ માણસે તેની ભક્તિ અવશ્ય કરવી જોઈએ.

**ખરાબ ફળ આપનારો ચંદ્ર :** ઉપર સારૂં ફળ આપનારા ચંદ્રનાં સ્થાનો દર્શાવ્યાં છે. ઉપર બતાવેલાં સ્થાનો સિવાયનાં કોઈપણ સ્થાનોમાં જ્યારે જ્યારે ચંદ્ર આવે ત્યારે ત્યારે તે ચંદ્ર નબળું ફળ આપનારો ગણાય. એટલે કે માણસની જન્મ રાશિથી અથવા નામ રાશિથી ગણતાં જો ચંદ્રની રાશિ ચોથી, પાંચમી, આઠમી, નવમી અથવા બારમી થાય તો જાણવું કે ચંદ્ર નબળો છે. આ રીતે જ્યારે જ્યારે ચંદ્ર નબળો હોય ત્યારે તે માણસને નુકસાન કરે છે. અને ખરાબ ફળ આપે છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

સુદ પખવાડીયામાં જો ચંદ્ર બીજો, પાંચમો અથવા તો નવમો હોય તો તે સારૂં ફળ આપે છે. વળી વદ પખવાડીયામાં જો ચોથો, આઠમો અથવા બારમો ચંદ્ર થાય તો તે પણ માણસને સારૂં જ ફળ આપનારો ગણવામાં આવે છે.

જ્યારે જ્યારે ગોચરનો ચંદ્ર નબળો થાય ત્યારે ત્યારે તેના કારણે માણસને ધનનું નુકસાન થાય છે. જે લાભ મળવાના હોય તે જતા રહે છે. વળી શરૂ કરેલાં બધાં જ કાર્યોમાં આ ચંદ્ર ઉપાધિઓ લાવે છે. ચોરોથી નુકશાન થવાનો પણ ભય ગણાય છે. કોઈ કોઈ વખત માણસને જાનનું જોખમ પણ કરાવે છે. જ્યારે જ્યારે ચંદ્ર નબળો થાય ત્યારે ત્યારે જેલ, ફાંસી વિગેરેનો ભય ગણી શકાય. આ ચંદ્ર સંબંધીઓનો વિયોગ કરાવે. ચારે તરફ ભયની તથા દુઃખની લાગણીઓ અને શોકના પ્રસંગો ઊભા થાય. નબળા ચંદ્રના સમયમાં

કોઈ કોઈવાર આગ લાગવાના પ્રસંગો પણ ઉપસ્થિત થાય છે. આમ ચંદ્ર નબળો હોય ત્યારે તે ચંદ્ર માણસને કોઈપણ રીતે જરા પણ શાંતિ મળવા દેતો નથી.

ઉપર પ્રમાણે ગોચરમાં જ્યારે જ્યારે ચંદ્ર નબળો થાય અથવા જ્યારે જ્યારે નબળા ચંદ્રની દશા અથવા અંતર્દશા હોય ત્યારે ત્યારે માણસે કાળજીપૂર્વક ચંદ્રની પ્રસન્નતા માટે આરાધન કરવું જોઈએ. ચંદ્રનું આરાધન તથા તે માટે યોગ્ય વિધિ કરવામાં આવે તો નબળા ચંદ્રનું ફળ નાશ પામે તથા માણસને સારા ફળની પ્રાપ્તિ થાય. જ્યારે જ્યારે ચંદ્ર નબળો હોય ત્યારે ત્યારે તેની શાંતિ માટે નીચે પ્રમાણે વિધિ કરવામાં આવે છે.

**વિધિ:** કુદરતી રીતે ઉત્પન્ન થયેલું મોતી ચંદ્ર માટે ગણાય છે. જ્યારે જ્યારે ચંદ્ર નબળો થાય ત્યારે ત્યારે મોતીની વીંટી બનાવીને પહેરવી જોઈએ. મોતીની વીંટી હંમેશાં ચાંદીમાં મઢાવવી જોઈએ. ત્યાર પછી યોગ્ય બ્રાહ્મણ પાસે તે વીંટીના પૂજા પ્રાણપ્રતિષ્ઠા વિગેરે કરાવવાં જોઈએ. તે પછી ચંદ્રના ચારગણા એટલે કે ૪૪૦૦૦ જપ કરાવવા જોઈએ. આ પ્રમાણેનો વિધિ કર્યા પછી જ તે વીંટી પહેરવી.

## ચંદ્રના મંત્રો

### (૧) વૈદિક મંત્ર :

ૐ ઈમન્દેવા અસપત્નં સુવદ્ધ્વમ્મહતે ક્ષત્રાય મહતે જ્યૈષ્ઠયાય મહતે જાનરાજ્યાયેન્દ્રસ્યેન્દ્રિયાય। ઈમમમુષ્ય પુત્રમમુષ્યૈ પુત્રમસ્યૈ વિશ એષવોમીરાજાસોમોસ્માકં બ્રાહ્મણાનાં રાજા ॥

### (૨) પુરાણોક્ત મંત્રો :

દધિશંખ તુષારાભં ક્ષીરોદાર્ણવ સંભવમ્ ।
નમામિ શશિનં સોમં શંભોર્મુકુટ ભૂષણમ્ ॥૧॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રોહિણીશઃ સુધામૂર્તિ; સુધાગાત્રઃ સુધાશનઃ ।
વિષમસ્થાન સંભૂતાં પીડાંહરતુ મે વિધુઃ ॥૨॥

ઉપર બતાવેલા ત્રણ મંત્રોમાંથી કોઈપણ મંત્ર વડે ચંદ્રના ૪૪૦૦૦ જપ પૂરા કરવા. આ રીતે સિદ્ધ કરેલી વીંટી હાથ ઉપર પહેરવી જોઈએ. આ વીંટી પહેરવાથી ચંદ્રની બધી નબળી અસર દૂર થાય અને સારું ફળ પ્રાપ્ત થાય.

**ચંદ્રનાં દાન :** ચંદ્રની પ્રસન્નતા માટે દાન પણ આપવામાં આવે છે. ચંદ્રના દાનમાં નીચેની વસ્તુઓનો સમાવેશ થાય છે. સાચું મોતી, રૂપું, ચાંદી, સફેદ રેશમી કપડાં, વાછરડા સાથેની ધોળી ગાય અને ઘી. આ ઉપરાંત કપૂર પણ ચંદ્રના દાનની વસ્તુ છે. વળી ચંદ્રની પ્રીતિને માટે વાંસની છાબડી પણ અપાય છે. છાબડીમાં સફેદ રેશમી વસ્ત્ર પાથરીને તેમાં ચોખા ભરવા. તે પછી તેમાં દક્ષિણા, ફળ પાન સોપારી તથા ચંદ્રની મૂર્તિ મૂકવી. આ ઉપરાંત ઉપર બતાવેલી દાનની વસ્તુઓમાંથી પોતાની શક્તિ પ્રમાણેની સઘળી ચીજો પણ તેની સાથે દાનમાં આપવી જોઈએ. ચંદ્રની પૂજામાં ખાસ કરીને સફેદ ચંદન, પોયણું, સફેદ ગુલાબ તથા જાઈ અને મોગરાના પુષ્પો વાપરવામાં આવે છે.

જે માણસ આ પ્રમાણેનો વિધિ કરે તેને કદાપિ ચંદ્રના કારણે પીડા થતી નથી. વળી જો ચંદ્રની દશા ખરાબ હોય અથવા તો ગોચરમાં ચંદ્ર ખરાબ સ્થાનમાં આવતો હોય કે પછી જન્મ સમયે ચંદ્ર ખરાબ હોય તો પણ ઉપરના વિધિથી તેનું સઘળું ખરાબ ફળ નાશ પામે છે તથા ત્રીજા કે અગિયારમા સ્થાનમાં રહેલા ચંદ્રની જેમ તે ઉત્તમ ફળ આપે છે. આથી ચંદ્રનો વિધિ અવશ્ય કરવો જોઈએ. હવે ચંદ્રનાં સ્તોત્રો જોઈએ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ચંદ્ર પૂજન સ્તોત્ર

દ્વિજરાજ ગુરૂશ્રેષ્ઠ તારાધીશાત્રિનંદન ।
ઔષધીનાં નૃપ ત્વાંતુ સોમમાવાહ્યામ્યહમ્ ॥
અહો ચંદ્ર જગત્પ્રાણ યમુના વિષયોદ્ભવ ।
વરપ્રદ ગદાપાણે શ્વેતવર્ણાત્રિગોત્રજ ॥
દશાશ્વવાહનાગચ્છ ઉમારૂપસમન્વિત ।
ત્વત્ બ્રહ્માદેવમંત્રેણામંત્રેણ હ્યગ્નિનાર્ચિતઃ ॥
રોહિણીશઃ સુધામૂર્તિઃ સુધાગાત્રઃ સુધાશનઃ ।
વિષમસ્થાન સંભૂતાં પીડાં દહતુ મે વિધુઃ ॥
ગ્રહારાજ્યં પ્રયચ્છંતિ ગ્રહારાજ્યં હરંતિ ચ ।
ગ્રહૈસ્તુ વ્યાપિતં સર્વં ત્રૈલોક્યં સચરાચરમ્ ॥

**ફળ :** ઉપર પ્રમાણેના સ્તોત્રથી ચંદ્રની સ્તુતિ કરવી જોઈએ. આ સ્તોત્રથી ચંદ્રની સ્તુતિ કરે તો ચંદ્ર પ્રસન્ન થાય છે તથા માણસને ચંદ્રના કારણે થનારી સઘળી પીડા દૂર થાય છે અને અનેક પ્રકારે તેની સુખશાંતિમાં વધારો થાય છે. ચંદ્રનાં ઉપરના સ્તોત્રમાં બતાવેલા ચંદ્રનાં નામોનો વારંવાર જપ કરવાથી પણ ચંદ્ર પ્રસન્ન થાય છે તથા માણસને ધનનો લાભ થાય છે અને માણસનાં બળ બુદ્ધિ તથા કીર્તિમાં પણ વધારો થાય છે.

## ચંદ્ર સ્તોત્ર

ચંદ્રનાં અઠ્ઠાવીસ નામોનું સ્તોત્ર છે. ચંદ્રને નક્ષત્રોનો અધિપતિ ગણવામાં આવે છે. આકાશમાં અઠ્ઠાવીસ નક્ષત્રો છે તથા તે દરેક નક્ષત્રમાં ચંદ્ર એક એક દિવસ રહે છે. દરેક નક્ષત્રમાં તેનું જુદું જુદું નામ હોય છે. આ ચંદ્રના નામોના સ્તોત્રનો પાઠ કરવાથી પણ માણસ સુખી થાય છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સ્તોત્ર :**

શ્રી ગણેશાય નમઃ

શૃણુ ચંદ્રસ્ય નામાનિ શુભદાનિ મહીપતે ।
યાનિ શ્રુત્વા નરો દુઃખાત્ મુચ્યતે નાત્ર સંશયઃ ॥
સુધાકરશ્ચ સોમશ્ચ ગ્લૌરબ્જઃ કુમુદપ્રિયઃ ।
લોકપ્રિયઃ શુભ્રભાનુઃ ચંદ્રમા રોહિણીપતિઃ ॥
શશી હિમકરો રાજા દ્વિજરાજો નિશાકરઃ ।
આત્રેય ઇન્દુઃ શીતાંશુરોષધીશઃ કલાનિધિઃ ॥
જૈવાતૃકો રમા ભ્રાતા ક્ષીરોદાર્ણવ સંભવઃ ।
નક્ષત્ર નાયકઃ શંભુશિરશ્ચૂડામણિર્વિભુઃ ॥
તાપહર્તા નભો દીપો નામાન્યેતાનિ યઃ પઠેત્ ।
પ્રત્યહં ભક્તિ સંયુક્તાસ્તસ્ય પીડા વિનશ્યતિ ॥
ગ્રહાદીનાં ચ સર્વેષાં ભવેચ્ચંદ્ર બલં સદાઃ ।

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

**ફળ :** આ પ્રમાણે ચંદ્રના અઠ્ઠાવીસ નામનું આ સ્તોત્ર છે. જે કોઈ માણસ આ અઠ્ઠાવીસ નામના સ્તોત્રનો દરરોજ પાઠ કરે તે માણસની સઘળી પીડાઓ દૂર થાય છે. આ સ્તોત્રનો પાઠ માણસે ભક્તિ તથા શ્રદ્ધા પૂર્વક કરવો જોઈએ. એ પ્રમાણે કરવાથી સઘળા ગ્રહોની પીડાનો ચંદ્ર નાશ કરે છે તથા માણસને શુભ ફળની પ્રાપ્તિ થાય છે.

ચંદ્રના આ સ્તોત્રનો દર સોમવારે પાઠ કરવો જોઈએ. તથા હંમેશાં શંકરની ભક્તિ કરવી જોઈએ. એ પ્રમાણે કરવાથી સફેદ કોઢ ઉપરાંત ચંદ્રના કારણે ઉત્પન્ન થતા ક્ષય જેવા વ્યાધિમાં પણ માણસને આરામ થાય છે. તેમજ દરેક પ્રકારની આપત્તિઓ દૂર થાય છે અને માણસને ઉત્તમ સંપત્તિ અને સંતતિ પ્રાપ્ત થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિશેષ :** નીચેની બાબતો ચંદ્રના આધિપત્યમાં ગણાય છે. માતા, માણસનું પોતાનું મન, સમુદ્રનું સ્નાન, ચમરી ગાય, સફેદ ચામર, છત્રી, (છત્ર) પંખો, ફળો, કોમળતા, સફેદ પુષ્પો, અનાજ, ખેતી, કીર્તિ, મોતી, કાંસું, રૂપું, મીઠા પદાર્થો, દૂધ, ધોળાં વસ્ત્રો આ બધી વસ્તુઓ ચંદ્રની અસરમાં ગણાય છે. આ ઉપરાંત પાણી, સ્ત્રીઓ, કોમળ વસ્તુઓ, વિગેરે ઉપર પણ ચંદ્રનો પ્રભાવ હોય છે. વળી ઉત્તમ ભોજનો તથા માણસનું રૂપ અને શરીર સંપત્તિ પણ ચંદ્ર ઉપર જ અવલંબન રાખે છે. આથી આ સઘળી બાબતોમાં ચંદ્રનું બળ હોવું જરૂરી ગણાય છે.

જો માણસનો ચંદ્ર બળવાન હોય તો ઉપરની સઘળી બાબતો માટે સારું ફળ આપે છે. તથા માણસને ધાર્યા કરતાં વધારે લાભ અપાવે છે. પરંતુ જો ચંદ્ર નબળો હોય અથવા પાપગ્રહના વેધમાં હોય અથવા તો નબળા ચંદ્રની દશા ચાલતી હોય તો તે ચંદ્ર ઉપરની સઘળી બાબતો માટે ઓછાવત્તા પ્રમાણમાં નબળું ફળ આપનારો ગણાય છે. તથા તે ચંદ્ર માણસને અનેક પ્રકારે મુશ્કેલીઓમાં મુકે છે તેમજ નુકશાનમાં ઉતારે છે. ચંદ્રની પ્રસન્નતા માટે અહીં બતાવેલો વિધિ કરવાથી ઉપાધિઓ દૂર થાય છે.

આ ઉપરાંત ચંદ્રના દાનને માટે આગળ જે જે વસ્તુઓ કહી છે તે સઘળી વસ્તુઓ ચંદ્રની પૂજામાં પણ વાપરવી જોઈએ તથા વીંટી બનાવવા માટે પણ તે બધી વસ્તુઓમાંથી જ ઉપયોગ કરવો જોઈએ. વળી જે માણસને ચંદ્ર નડતો હોય તેણે જાતે સોમવારનું વ્રત કરવું તથા ઉપર બતાવેલી ચંદ્રની અસરવાળી ચીજોનો બને તેટલો વધુ ને વધુ ઉપયોગ કરવો જોઈએ. આ પ્રમાણે કરવાથી ચંદ્રની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે તથા સંકટો દૂર થાય છે.

ચંદ્રની પ્રસન્નતા માટે શંકરની પણ આરાધના કરવામાં આવે છે. શંકરની આરાધના કરવા માટે નીચેનો મંત્ર ધ્યાનમાં રાખવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વેદોક્ત મંત્ર :**

ૐ ત્ર્યંબકં યજામહે સુગન્ધિં પુષ્ટિવર્ધનમ્।
ઉર્વારૂકમિવ બંધનાન્મૃત્યોર્મુક્ષીય મામૃતાત્॥

**પુરાણોક્ત મંત્ર :**

મૃત્યુંજય મહાદેવ ત્રાહિમાં શરણાગતમ્।
જન્મમૃત્યુ જરા વ્યાધિ સંસાર ભય નાશન॥

**નોંધ :** શંકરની આરાધના માટે રૂદ્રીનો પાઠ પણ કરવામાં આવે છે. પુસ્તક મોટું ન થઈ જાય માટે વેદોકત રૂદ્રીનો પાઠ અહીં આપ્યો નથી. તેના માટે અન્ય પુસ્તકમાં જોઈ લેવું. પુરાણોકત રૂદ્રીનો પાઠ અહીં આપ્યો છે. પુરાણોકત રૂદ્રી માટે મહિમ્ન સ્તોત્રનો ઉપયોગ થાય છે. આ સ્તોત્રનો પાઠ કરતી વખતે પહેલા શ્લોકથી શરૂ કરીને (૩૩ મા) તેત્રીસમા શ્લોક સુધી (૧૦ વાર) દસવાર ભણવું. તે પછી ૧૧ મી વાર પહેલેથી શરૂ કરીને છેક સુધીનું આખું સ્તોત્ર ભણવું. આમ કરવાથી એક રૂદ્રી થઈ ગણાય. શંકરના આરાધન માટે ઉપર પ્રમાણેની રૂદ્રીઓના પાઠ કરવામાં આવે છે. તે માટે ૧૧, ૧૨૧ અથવા ૧૩૩૧ રૂદ્રીના પાઠ કરવાનો રીવાજ હોય છે.

## મહિમ્નસ્તોત્ર

મહિમ્નઃ પારં તે પરમ વિદુષો યદ્યસદ્દશી
સ્તુતિર્બ્રહ્માદીના મપિતદવસન્નાસ્ત્વયિ ગિરઃ॥
અથાવાચ્યઃ સર્વઃ સ્વમતિપરિણામાવધિગૃહન્
મમાપ્યેષસ્તોત્રેહર નિરપવાદઃ પરિકરઃ॥ ૧ ॥

અતીતઃ પંથાનં તવ ચ મહિમાવાઙ્મનસયો
રત દ્વયાવૃત્યાયં ચકિતમભિધત્તે શ્રુતિરપિ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સકસ્યસ્તોતવ્યઃ કતિવિધગુણઃ કસ્ય વિષયઃ
પદેત્વર્વાચીને પતતિ ન મનઃ કસ્ય ન વચઃ ॥ ૨ ॥

મધુસ્ફીતાવાચઃ પરમમમૃતં નીર્મિતવત
સ્તવ બ્રહ્મન્કિંવાગપિસુરગુરોર્વિસ્મયપદમ્ ॥
મમ ત્વેતાં વાણીં ગુણકથન પુણ્યેન ભવતઃ
પુનામીત્યર્થેઽસ્મિન્ પુરમથન બુદ્ધિર્વ્યવસિતા ॥ ૩ ॥

તવૈશ્વર્યં યત્તજ્જગદુદયરક્ષાઃ પ્રલયકૃત્
ત્રયી વસ્તુવ્યસ્તં તિસ્રષુગુણભિન્નાસુ તનુષુ ॥
અભવ્યા નામસ્મિન્વરદ રમણીયામરમણિં
વિહંતું વ્યાક્રોશીં વિદધત ઇહૈકે જડધિયઃ ॥ ૪ ॥

કિમીહઃ કિંકાયઃ સ ખલુ કિમુપાયઃ ત્રિભુવનં
કિમાધારો ધાતા સૃજતિ કિમુપાદન ઇતિ ચ ॥
અતર્કૈશ્વર્યેત્વય્યનવસર દુઃસ્થો હતધિયઃ
કુતર્કોયંકાંશ્ચિન્મુખરયતિ મોહાય જગતઃ ॥ ૫ ॥

અજન્માનો લોકાઃ કિમવયવવંતો પિ જગત
મધિષ્ઠાતારંકિં ભવ વિધિરનાદૃત્ય ભવતિ ॥
અનીશો વા કુર્યાદ્ભુવનજનને કઃ પરિકરો
યતો મંદાસ્ત્વાંપ્રેત્યમરવર સંશેરત ઈમે ॥ ૬ ॥

ત્રયી સાંખ્યં યોગઃ પશુપતિમતં વૈષ્ણવમિતિ
પ્રભિન્ને પ્રસ્થાને પરમિદમદઃ પથ્યમિતિ ચ ॥
રૂચીનાં વૈચિત્ર્યાદૃજુકુટિલનાના પથ જુષામ્
નૃણામે કોગમ્યસ્ત્વમસિ પયસા મર્ણવ ઈવ ॥ ૭ ॥

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહોક્ષઃ ખટ્વાંગં પરશુરજીનં ભસ્મફણિનઃ
કપાલં ચેતીયત્તવવરદ તંત્રોપકરણમ્ ॥
સુરાસ્તાં તામૃદ્ધિં દધતિતુ ભવદ્ભ્રૂપ્રણિહિતમ્
ન હિસ્વાત્મારામાં વિષયમૃગતૃષ્ણા ભ્રમયતિ ॥ ૮ ॥

ધ્રુવં કશ્ચિત્સર્વં સકલમપરસ્ત્વદ્ધ્રુવમિદં
પરોધ્રૌ વ્યાધ્રૌવ્યે જગતિગદતિવ્યસ્તવિષયે ॥
સમસ્તે પ્યેતસ્મિન્પુરમથન તૈર્વિસ્મિત ઇવ
સ્તુવન્જીહ્રેમિત્વાં નખલુ નનુ ધૃષ્ટા મુખરતા ॥ ૯ ॥

તવૈશ્વર્યં યત્નાધદુપરિવિરિંચો હરિરધઃ
પરિચ્છેતું યાતા વનલમનલસ્કંધ વપુષઃ ॥
તતો ભક્તિશ્રદ્ધા ભરગુરૂ ગૃણદ્ભ્યાં ગિરિશયત્
સ્વયં તસ્થે તાભ્યાં તવ કિમનુવૃત્તિર્ન ફલ તિ ॥૧૦॥

અયત્નાદાપાદ્ય ત્રિભુવનમવૈરવ્યતિકરં
દશાસ્યો યદ્બાહુ નભૃતરણકંડૂ પરવશાન્ ॥
શિરઃ પદ્મશ્રેણીરચિતચરણાંભો રૂહબલેઃ
સ્થિરાયા સ્ત્વદ્ભક્તે સ્ત્રિપુરહર વિસ્ફૂર્જિતમિદમ્ ॥ ૧૧ ॥

અમુષ્યત્વત્સેવા સમધિગતસારં ભુજવનં
બલાત્કૈલાસે પિ ત્વદધિવસતૌ વિક્રમયતઃ ॥
અલભ્યા પાતાલે પ્યલસચલિતાંગુષ્ઠ શિરસિ
પ્રતિષ્ઠા ત્વય્યાસીદ્ ધ્રુવમુપચિતો મુહ્યતિ ખલઃ ॥ ૧૨ ॥

યદૃદ્ધિં સુત્રામ્ણો વરદપરમોચ્ચૈરપિ સતી
મધશ્ચક્રે બાણઃ પરિજનવિધેય ત્રિભુવનઃ ॥

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નતશ્ચિત્રં તસ્મિન્વરિવસિતરિત્વચ્ચરણયો
ર્ન કસ્યાપ્યુન્નત્યૈ ભવતિશિરસસ્ત્વય્યવનતિઃ ॥ ૧૩ ॥

અકાંડબ્રહ્માંડ ક્ષયચકિત દેવાસુરકૃપા
વિધેયસ્યાસીદ્ય સ્ત્રિનયન વિષં સંહૃતવતઃ ॥
સકલ્માષઃ કંઠે તવનકુરૂતે ન શ્રિયમહો
વિકારોપિ શ્લાધ્યો ભુવનભયભંગવ્યસનિનઃ ॥ ૧૪ ॥

અસિદ્ધાર્થા નૈવ કવચિદપિસદેવા સુરનરે
નિવર્તંતે નિત્યં જગતિજયિનો યસ્ય વિશિખાઃ ॥
સપશ્યન્નીશત્વામિતરસુરસાધારણમભૂત્
સ્મરઃ સ્મર્તવ્યાત્મા ન હિ વશિષુ પથ્યઃ પરિભવઃ ॥ ૧૫ ॥

મહીપાદાઘાતાદ્‌ વ્રજતિ સહસા સંશયપદમ્
પદં વિષ્ણોર્ભ્રામ્યદ્‌ ભુજપરિઘરૂગ્ણગ્રહગણમ્ ॥
મુહુર્દ્યૌર્દોસ્થ્યંયાત્યનિભૃતજટા તાડિત તટા
જગદ્રક્ષાયૈત્વં નટસિ નનુ વામૈવ વિભુતા ॥ ૧૬ ॥

વિયદ્વ્યાપિ તારા ગણગુણિત ફેનોદ્‌ગમરૂચિઃ
પ્રવાહો વારાંયઃ પૃષતલઘુદૃષ્ટઃ શિરસિ તે ॥
જગદ્વીપાકારં જલધિવલયં તેન કૃતમી
ત્યનેનૈવોન્નેયં ધૃતમહિમ દિવ્યં તવ વપુઃ ॥ ૧૭ ॥

રથક્ષોણીયંતા શતધૃતિરગેન્દ્રો ધનુરથો
રથાંગે ચંદ્રાર્કૌ રથચરણ પાણિઃ શર ઈતિ ॥
દિધક્ષોસ્તેકોયં ત્રિપુરતૃણમાડંબરવિધિ
ર્વિધેયૈઃ ક્રીડંત્યો ન ખલુ પરતંત્રાઃ પ્રભુધિયઃ ॥ ૧૮ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હરિસ્તે સાહસ્રં કમલબલિમાધાય પદયો
ર્યદેકોને તસ્મિન્નિજમુદહરન્નેત્ર કમલં ॥
ગતો ભક્ત્યુદ્રેકઃ પરિણતિમસૌ ચક્રવપુષા
ત્રયાણાં રક્ષાયૈ ત્રિપુરહર જાગર્તિ જગતામ્ ॥ ૧૯ ॥

ક્રતૌસુપ્તે જાગ્રત્વમસિફલયોગે ક્રતુમતાં
ક્વકર્મપ્રધ્વસ્તં ફલતિ પુરૂષારાધનમૃતે ॥
અતસ્ત્વાં સંપ્રેક્ષ્ય ક્રતુષુફલદાન પ્રતિભુવં
શ્રુતૌશ્રદ્ધાં બધ્વા દૃઢપરિકરઃ કર્મસુ જનઃ ॥ ૨૦ ॥

ક્રિયાદક્ષોદક્ષઃ ક્રતુપતિરધીશસ્તનુભૃતાં
ઋષીણામાર્ત્વિજ્યં શરણદસદસ્યાઃ સુરગણાઃ ॥
ક્રતુભ્રંશસ્ત્વત્તઃ ક્રતુફલવિધાનવ્યસનિનો
ધ્રુવંકર્તુઃ શ્રદ્ધા વિધુરમભિચારાય હિ મખાઃ ॥ ૨૧ ॥

પ્રજાનાથંનાથ પ્રસભમભિકં સ્વાં દુહિતરં
ગતંરોહિદ્ભૂતાં રિરમયિષુમૃષ્યસ્ય વપુષા ॥
ધનુષ્પાણેર્યાતં દિવમપિસપત્રાકૃતમમું
ત્રસંતંતેઽદ્યાપિ ત્યજતિ ન મૃગવ્યાધરભસઃ ॥ ૨૨ ॥

સ્વલાવણ્યાશંસા ધૃતધનુષમહ્નાય તૃણવત્
પુરઃ પ્લુષ્ટં દૃષ્ટ્વા પુરમથનપુષ્પાયુધમપિ ॥
યદિસ્ત્રૈણં દેવી યમનિરતદેહાર્ધઘટના
દવૈતિત્વામદ્ધા બતવરદ મુગ્ધા યુવતયઃ ॥૨૩॥

સ્મશાનેષ્વાક્રીડા સ્મરહર પિશાચાઃ સહચરાઃ
શ્ચિતાભસ્માલેપઃ સ્રગપિ નૃકરોટી પરિકરઃ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અમંગલ્યં શીલં તવ ભવતુ નામૈવમખિલં
તથાપિ સ્મર્તૄણાં વરદ પરમં મંગલમસિ ॥૨૪॥

મનઃ પ્રત્યક્ ચિત્તે સવિધમવધાયાત્તમરુતઃ
પ્રહૃષ્યદ્રોમાણઃ પ્રમદસલિલોત્સંગીતદૃશઃ ॥
યદાલોક્યાહ્લાદં હ્રદ ઈવ નિમજ્યામૃતમયે
દધત્યંત સ્તત્વં કિમપિ યમિનસ્તત્કિલભવાન્ ॥૨૫॥

ત્વમર્કસ્ત્વંસોમસ્ત્વમસિ પવનસ્ત્વંહુતવહ
સ્ત્વમાપસ્ત્વંવ્યોમ ત્વમુ ધરણિરાત્માત્વમિતિ ચ ॥
પરિચ્છિન્નામેવં ત્વયિપરિણતા બિભ્રતિ ગિરમ્
નવિદ્મસ્તતત્વં વયમિહ તુ યત્વં ન ભવસિ ॥૨૬॥

ત્રયીં તિસ્રોવૃત્તિ સ્ત્રિભુવનમથો ત્રીનપિસુરા
નકારાદ્યૈર્વર્ણૈસ્ત્રિભિરભિદધત્તીર્ણ વિકૃતિઃ ॥
તુરીયં તે ધામ ધ્વનિભિરવરુંધાન મણુભિઃ
સમસ્તં વ્યસ્તં ત્વાં શરણદ ગૃણાત્યોમિતિ પદમ્ ॥૨૭॥

ભવઃ શર્વો રૂદ્રઃ પશુપતિરથોગ્રઃ સહમહાં
સ્તથાભીમેશાના વિતિયદ ભિધાનાષ્ટકમિદમ્ ॥
અમુષ્મિન્પ્રત્યેકં પ્રવિચરતિ દેવ શ્રુતિરપિ
પ્રિયાયાસ્મૈ ધામ્ને પ્રણિહિત નમ સ્યોસ્મિ ભવતે ॥૨૮॥

નમો નેદિષ્ઠાય પ્રિયદવ દવિષ્ઠાય ચ નમો
નમઃ ક્ષોદિષ્ઠાય સ્મરહર મહિષ્ઠાય ચ નમઃ ॥
નમો વર્ષિષ્ઠાય ત્રિનયન યવિષ્ઠાય ચ નમો
નમઃ સર્વસ્મૈ તે તદિદમિતિ શર્વાય ચ નમઃ ॥૨૯॥

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બહુલરજસે વિશ્વોત્પત્તૌ ભવાય નમો નમઃ
પ્રબલતમસે તત્સંહારે હરાય નમો નમઃ ॥
જનસુખકૃતે સત્વોદ્રિક્તૌ મૃડાય નમો નમઃ
પ્રમહસિપદે નિસ્ત્રૈગુંણ્યે શિવાય નમો નમઃ ॥૩૦॥

કૃશ પરિણુતિચેતઃ ક્લેશવશ્યં કવચેદં
કવચ તવ ગુણસીમોલ્લંઘિની શશ્વદૃદ્ધિઃ ॥
ઇતિચકિતમમંદીકૃત્ય માં ભક્તિરાધાદ્ધ
વરદ ચરણયોસ્તે વાક્યપુષ્પોપહારમ્ ॥૩૧॥

અસિતગિરિસમં સ્યાત્કજ્જલં સિન્ધુપાત્રે
સુરતરુવરશાખા લેખિની પત્રમુર્વી ॥
લિખતિ યદિ ગૃહિત્વા શારદા સર્વકાલં
તદપિ તવ ગુણાનામીશ પારં ન યાતિ ॥૩૨॥

અસુરસુરમુનીન્દ્રૈરર્ચિતસ્યેન્દુમૌલે
ર્ગ્રથિતગુણમહિમ્નો નિર્ગુણસ્યેશ્વરસ્ય ॥
સકલગુણવરિષ્ઠઃ પુષ્પદંતાભિધાનો
રુચિરમલઘુ વૃત્તૈઃ સ્તોત્રમેતચ્ચકાર ॥૩૩॥

અહરહર નવદ્યં ધુર્જટેઃ સ્તોત્રમેતત્
પઠતિ પરમ ભક્ત્યા શુદ્ધચિત્તઃ પુમાન્યઃ ॥
સ ભવતિ શિવલોકે રૂદ્ર તુલ્યસ્તથાત્ર
પ્રચુરતરધનાયુઃ પુત્રવાન્ કીર્તિમાંશ્ચ ॥૩૪॥

મહેશાન્ના પરો દેવો મહિમ્નોના પરા સ્તુતિઃ ॥
અઘોરાન્ના પરો મંત્રો નાસ્તિ તત્વં ગુરો પરમ્ ॥૩૫॥

जैन साईट JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દીક્ષા દાનં તપસ્તીર્થં જ્ઞાનં યાગાદિકાઃ ક્રિયાઃ ॥
મહિમ્નસ્તવ પાઠસ્ય કલાં નાર્હંતિ ષોડશીમ્ ॥૩૬॥

કુસુમદશનનામા સર્વગંધર્વ રાજઃ
શશિધરવરમૌલેર્દેવદેવસ્યદાસઃ
સ ખલુ નિજ મહિમ્નો ભ્રષ્ટ એવાસ્ય રોષાત્
સ્તવનમિદમકાર્ષીં દિવ્ય દિવ્યં મહિમ્નઃ ॥૩૭॥

સુરવરમુનિપૂજ્યં સ્વર્ગ મોક્ષૈક હેતું
પઠતિ યદિ મનુષ્યઃ પ્રાંજલિર્નાન્યચેતઃ ॥
વ્રજતિ શિવ સમીપં કિન્નરૈઃ સ્તૂયમાનઃ
સ્તવનમિદમમોઘં પુષ્પદંત પ્રણીતમ્ ॥૩૮॥

આસમાપ્ત મિદં સ્તોત્રં પુણ્યં ગંધર્વભાષિતમ્
અનૌપમ્યં મનોહારિ શિવમીશ્વરવર્ણનમ્ ॥૩૯॥

શ્રીપુષ્પદંત મુખપંકજ નિર્ગતેન
સ્તોત્રેણ કિલ્બિષહરેણ હરપ્રિયેણ ॥
કંઠસ્થિતેન પઠિતેન સમાહિતેન
સુપ્રીણિતો ભવતિ ભૂતપતિર્મહેશ ॥૪૦॥

ઇત્યેષા વાઙ્મયીપૂજા શ્રીમચ્છંકર પાદયોઃ
અર્પિતા તેન મે દેવ પ્રીયતાં ચ સદાશિવઃ ॥૪૧॥

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# મંગળ.............................પરવાળું (પ્રવાલ)

મંગળ યુદ્ધનો ગ્રહ છે. લાલ રંગ પણ માણસને ઉત્તેજીત કરવાનો ગુણ ધરાવે છે. કોઈ વાર તો લાલ રંગ માણસને એટલો બધો ઉત્તેજીત કરે છે કે ગમે તેવા શાંત અને ઠંડા સ્વભાવનો માણસ પણ એટલો બધો ઉશ્કેરાઈ જાય છે કે કોઈપણ કારણ વગર જ તે બીજાની સાથે ઝઘડો કરી બેસે છે. આ કારણથી જ મંગળને યુદ્ધનો ગ્રહ ગણવામાં આવે છે.

પ્રવાલનો રંગ પણ લાલ છે. તથા પ્રવાલમાં પણ મંગળની અસર ઉત્પન્ન કરનારાં જ તત્વો છે. આથી પ્રવાલને મંગળનું જ રત્ન ગણવામાં આવે છે. સમુદ્રના પેટાળમાં રહેતા એક પ્રકારનાં જંતુઓ પોતાના શરીરમાંથી ખાસ પ્રકારનો રસ ઉત્પન્ન કરે છે અને સમુદ્રમાં ચાલતી રસાયણિક ક્રિયાઓથી આ રસ ઠરી જાય છે. આમ પ્રવાલ એ જળકૃત ખડકનો જ એક પ્રકાર છે. આ ખડકને કોરીને સમુદ્રનાં જંતુઓ તેમાં પોતાનો નિવાસ બનાવતાં હોય છે.

દુનિયામાં ઘણી જગ્યાએ સમુદ્રના પેટાળમાં આવા ખડકો જોવામાં આવે છે. ખાસ કરીને હિંદી મહાસાગર તથા બંગાળાના ઉપસાગરમાં આવા ઘણાં ખડકો આવેલાં છે એમ માનવામાં આવે છે. પ્રવાલનો રંગ લાલ હોય છે.

આછા બદામી લાલ રંગથી શરૂ કરી તમામ લાલ રંગોમાં પ્રવાલ મળી આવે છે. કોઈ કોઈ પત્થર પોચો અથવા બરડ પણ હોય છે. જ્યારે કેટલાક પત્થરો તદ્દન કડક હોય છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

ગડી વગરના બરડ ન હોય તેવા પ્રવાલના ખડકો ઊંચી જાતના ગણાય છે. આ ખડકમાંથી પત્થર કાઢયા પછી તેની ઉપરની પોપડીઓ ઉખેડી નાંખવામાં આવે છે. આ પોપડીઓ ઘણી જ બરડ અને આછા રંગવાળી હોય છે. પોપડીઓની નીચેનો પત્થર લાલઘૂમ ચણોઠી જેવા રંગનો અને સખત હોય છે. આ પત્થર જ ઉત્તમ ગણાય છે.

જે પ્રવાલનો પત્થર સખત, તેજવાળો, લીસો, ચળકાટવાળો તથા ચણોઠી જેવા લાલ રંગનો હોય તે જ પ્રવાલને શ્રેષ્ઠ ગણવામાં આવે છે. મંગળના તત્ત્વો મેળવવા માણુસે આ જાતનો પ્રવાલનો પત્થર ધારણ કરવો તે વધારે ઉત્તમ ગણી શકાય.

**શુભ ફળ આપતો મંગળ :** પોતાની જન્મ રાશિ અથવા નામરાશિથી ગણતાં ત્રીજા સ્થાનમાં મંગળ હોય તો તે મંગળ માણસને હંમેશાં શુભ ફળ આપે છે. વળી જો મંગળ છઠ્ઠા અથવા અગિયારમા સ્થાનમાં રહેલો હોય તો પણ તે શુભ ફળ આપનારો ગણાય છે. જ્યારે મંગળ શુભ સ્થાનમાં રહેલો હોય ત્યારે જમીનથી લાભ થાય છે. વળી અનાજ ખેતી વિગેરેમાં પણ ફાયદો થાય છે. સારો મંગળ હંમેશાં શરીર–સુખાકારી વધારનારો તથા ધનનો લાભ કરાવનારો ગણાય છે. વળી મંગળ સારો હોય તો માણસના શત્રુઓ તેનાથી દબાય છે, આ ઉપરાંત રાજ્ય તરફથી પણ લાભના યોગો ઊભા થાય છે. સારો મંગળ ઘણીવાર માણસને સોનાનો તથા વસ્ત્રનો પણ લાભ કરાવે છે.

જ્યારે જ્યારે મંગળ સારા સ્થાનમાં રહેલો હોય ત્યારે પણ જો માણસ સાચા મનથી મંગળની પૂજા પાઠ કે ભક્તિ કરે તો આ મંગળ માણસને અનેકગણું શુભ ફળ આપનારો નીવડે છે. આથી મંગળ શુભ સ્થાનોમાં રહેલો હોય અને શુભ ફળ આપતો હોય ત્યારે પણ માણસે તેની આરાધના કરવી જોઈએ.

**ખરાબ ફળ આપતો મંગળ :** ઉપર પ્રમાણે શુભ ફળ આપની રાશિઓ સિવાય કોઈપણ રાશિમાં મંગળ હોય એટલે કે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંગળ પહેલી, બીજી, ચોથી, પાંચમી, સાતમી, આઠમી, દશમી અથવા બારમી રાશિમાં હોય તો તે મંગળ નબળો ગણાય. આ અશુભ મંગળ હંમેશાં માણસને ખરાબ ફળ આપે છે, અને અનેક પ્રકારે માણસને તે ઉપાધિમાં તથા મુશ્કેલીમાં લાવી મૂકે છે.

જ્યારે જ્યારે ગોચરમાં મંગળ ખરાબ થાય અથવા જન્મના ખરાબ મંગળની ગોચરમાં દશા આવે ત્યારે આ મંગળ ઘણી ખરાબ અસર ઉત્પન્ન કરે છે. આ મંગળના કારણે માણસને ગરમી તથા લોહી વિકાર ઉત્પન્ન થાય છે અને તેના કારણે ચામડીનાં અનેક દરદો અને લોહી વિકારથી ઉત્પન્ન થતા અનેક રોગો થાય છે. જેમકે શરીરે ગરમી નીકળવી, ફોલ્લા થવા, ચાંદા પડવા, ધારાં પડવાં, ગુમડાં થવાં, લોહીનું પાણી થવું, વિગેરે અનેક રોગોનો માણસ ભોગ બને છે. વળી આ મંગળના કારણે માણસને ખોટી પરદેશની રખડપટ્ટી થાય, તેમાં પણ અનેક ઉપાધિઓ તથા અનેક પ્રકારનાં નુકશાન થાય છે. વળી માણસને પોતાના મિત્રો સાથે વિરોધ થાય છે અને દુશ્મનાવટ થાય છે તથા બીજા પણ નવા નવા દુશ્મનો ઊભા થાય છે.

જ્યારે જ્યારે મંગળ નબળો હોય અથવા તો નબળા મંગળની દશા ચાલતી હોય ત્યારે ખાસ કરીને માણસે તેને માટે યોગ્ય વિધિ કરવી જોઈએ. આથી કરીને ખરાબ અસરો દૂર થાય તેમજ ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય. જ્યારે જ્યારે મંગળ નબળો જણાય ત્યારે ત્યારે નીચે પ્રમાણે તેનો વિધિ કરવો જોઈએ. જો આ પ્રમાણેનો વિધિ માણસ કરે તો અચુક મંગળનું ખરાબ ફળ નાશ જ પામે છે અને માણસને અનેક પ્રકારે શુભ ફળ પ્રાપ્ત થાય છે.

**વિધિ :** મંગળને ઉગ્ર ગ્રહ ગણવામાં આવે છે. વળી તે લડાઈનો ગ્રહ છે તથા લાલ રંગનો તે છે. આથી કરીને લાલચટક લોહીના જેવા રંગનું રાતું પરવાળું મંગળના નંગ તરીકે ગણવામાં આવે છે. આ પરવાળું પણ દરિયામાં ઉત્પન્ન થાય છે. અને તેના

JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મોટા મોટા ખડકો હોય છે. મંગળની ધાતુ ખાસ કરીને ત્રાંબું ગણાય. આથી પરવાળાનો પત્થર મઢાવીને તાંબામાં અથવા પંચધાતુમાં મંગળની વીંટી મઢાવી શકાય. ત્યાર પછી બ્રાહ્મણ દ્વારા તે વીંટીની પ્રાણપ્રતિષ્ઠા અને પૂજન કરાવી બ્રાહ્મણ પાસે જ મંગળના ૪૦,૦૦૦ ચાળીસ હજાર જપ કરાવવા જોઈએ. આ પ્રમાણેની વિધિ કરાવીને મંગળની શાંતિ કરાવી તે વીંટી પહેરવી જોઈએ.

## મંગળના મંત્રો

(૧) વેદોક્ત મંત્ર :

ૐ અગ્નિર્મૂર્દ્ધા દિવઃ કકુત્પતિઃ પૃથિવ્યા અયમ્ ।
અપાંરેતાંસિજિન્વતિ ॥

(૨) પુરાણોક્ત મંત્રો :

ધરણીગર્ભસંભૂતં વિદ્યુત્કાંતિ સમપ્રભમ્ ।
કુમાર શક્તિહસ્તં ચ મંગલં પ્રણમામ્યહમ્ ॥૧॥
ભૂમિપુત્રો મહાતેજા જગતાં ભયકૃત્ સદા ।
વૃષ્ટિકૃત્ વૃષ્ટિહર્તા ચ પીડાં હરતુ મે કુજઃ ॥૨॥

મંગળના ઉપર બતાવેલા મંત્રોમાંથી કોઈપણ મંત્રથી ૪૦,૦૦૦ જપ પૂરા કરવા જોઈએ. તથા જપ ચાલે ત્યાં સુધી નિયમપૂર્વક દીવો અગરબત્તી કરવાં અને દરરોજ વિધિપૂર્વક મંગળની વીંટીની પૂજા કરવી જોઈએ. આ પ્રમાણે યોગ્ય વિધિથી સિદ્ધ કરેલી વીંટી હાથ ઉપર ધારણ કરવાથી મંગળનું ખરાબ ફળ નાશ પામે છે તથા શુભ ફળ પ્રાપ્ત થાય છે.

**મંગળનાં દાન :** મંગળને પ્રસન્ન કરવા માટે અનેક પ્રકારનાં દાન આપવાનો વિધિ પણ શાસ્ત્રોમાં વર્ણવેલો છે. અને તે દાન આપવાની વસ્તુઓ પણ શાસ્ત્રોએ નક્કી કરેલી છે. રાતું પરવાળું

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તથા ઘઉં એ મંગળના દાનની વસ્તુઓ ગણાય છે. આ ઉપરાંત મસુરની દાળ, રાતો બળદ, ગોળ તથા સોનું એ પણ મંગળના દાનની જ વસ્તુઓ માનેલી છે. વળી રાતાં કપડાં, રાતાં કરેણનાં ફૂલ, અને તાંબું પણ મંગળની પ્રસન્નતા માટેના જ ચીજો છે.

જે માણસ ઉપર પ્રમાણેની મંગળની વિધિ કરે છે. તેને મંગળ જરા પણ નડતો નથી તેમજ ખરાબ સ્થાનમાં રહેલા મંગળના કારણે જે કાંઈ અશુભફળ ઉત્પન્ન થયું હોય તે સઘળું નાશ પામે છે. આમ મંગળ પોતાની રાશિથી ખરાબ સ્થાનને વિશે આવતો હોય અથવા મંગળની અશુભ ફળવાળી દશા ચાલતી હોય તો પણ ઉપર પ્રમાણેનો વિધિ અવશ્ય કરવો જોઈએ જેથી ખરાબ અસરો દૂર થાય અને શુભ ફળની પ્રાપ્તિ થાય. મંગળની પ્રસન્નતા માટે મંગળ પાઠ પણ કરવો જોઈએ તથા મંગળનાં સ્તોત્રો, કવચ વિગેરે પણ ઘણી જ શ્રદ્ધા સાથે વાંચવાં જોઈએ. નીચે મંગળનાં સ્તોત્ર કવચ વિગેરે આપ્યાં છે.

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## મંગળનું કવચ

શ્રી ગણેશાય નમઃ ।
શિખાયાં મંગલઃ પાતુ ભૂમિપુત્રશ્ચમુર્ધનિ ।
લલાટે ધનહર્તા ચ ચક્ષુષોશ્ચ ધનપ્રદઃ ॥
સ્થિરાસનઃ શ્રોત્રયોશ્ચ મહાકાયશ્ચ નાસિકે ।
આસ્યદંતાણ જીહ્વાસુ સર્વકાર્યવિરોધકઃ ॥
હનૌ મે લોહિતઃ પાતુ લોહિતાક્ષશ્ચ કંઠકે ।
દ્વૌ સ્કંધૌ ચ તથા રક્ષેત્ સામગાનાં કૃપાકરઃ ॥
ધરાત્મજો ભુજૌ પાતુ કુજો રક્ષેત્ કરદ્વયમ્ ।
ભૌમો મે ચ પાતુ ભુતહસ્તુ તથોદરે ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભૂમિનંદન નાભૌ તુ ગુહ્યેત્વંગારક સ્તથા ।
ઉર્વોર્મંમ યમો રક્ષેત્ જાન્વો રોગાપહારક: ॥
જંઘયોર્વૃષ્ટિ કર્તા ચ અપહર્તા ચ ગુલ્ફયો: ।
પાદાંગુષ્ઠૌ ચ સતતં સર્વકામફલપ્રદ: ॥
શક્તિર્માં પૂર્વતો રક્ષેત્ શૂલં રક્ષેત્ય દક્ષિણે ।
પશ્ચિમે ચ ધનુ: પાતુ ઉત્તરે ચ શરસ્તથા ॥
ઉર્ધ્વં ષડાનન: પાતુ અધસ્તાત્પૃથિવી સદા ।
એવં ન્યસ્ત શરીરોસૌ ચિન્તયેત્ ભૂમિનંદનમ્ ॥
અસૃજમરૂણુરંગં રક્તમાલ્યાંગરાગં
કનકકમલમાલામાલિનં વિશ્વવંદ્યમ્ ।
અતિલલિતકલાભ્યાં ભૂષિતે શક્તિશૂલે
ભજતુ ધરણિસૂનું મંગલં મંગલાનાં ॥

જૈન સાઈટ JAINSITE.com જનમ્ જયતિ શાસનમ્

ઉપર પ્રમાણે મંગળ કવચનો પાઠ કરનાર માણસના માથે કદી પણ કોઈપણ જાતનું સંકટ આવતું નથી. વળી જો તેના માથે કોઈ પણ સંકટ આવેલું હોય તો આ કવચનો પાઠ કરવાથી તે સંકટમાંથી માણસ સત્વરે મુક્ત થાય છે. વળી આ કવચનો પાઠ જે માણસ કરે છે તે માણસનું હંમેશાં રક્ષણ થાય છે અને તેને કોઈપણ માણસ કશું નુકશાન પહોંચાડી શકતો નથી. આથી પોતાનું રક્ષણ તથા કલ્યાણ ઇચ્છનાર દરેક માણસે હંમેશાં આ કવચનો પાઠ કરવો જોઈએ.

## મંગળ સ્તોત્ર

શ્રી ગણેશાય નમ: ।
મંગલો ભૂમિપુત્રશ્ચ ઋણહર્તા ધનપ્રદ: ।
સ્થિરાસનો મહાકાય: સર્વકાર્યાવરોધક: ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લોહિતો લોહિતાક્ષશ્ચ સામગાનાં કૃપાકરઃ ।
ધરાત્મજઃ કુજો ભૌમો ભૂતિદોભૂમિનંદનઃ ॥
અંગારકો યમશ્ચૈવ સર્વરોગાપહારકઃ ।
વૃષ્ટિકર્તાપહર્તા ચ સર્વકામ ફલપ્રદઃ ॥
એતાનિ કુજનામાનિ નિત્યં યઃ શ્રદ્ધયા પઠેત્ ।
ઋણં ન જાયતે તસ્ય સંતાનસુખમાપ્નુયાત્ ॥
ઋરહર્તા નમસ્તુભ્યં દુઃખદારિદ્રય નાશન ।
સુખસૌભાગ્ય ધનદો ભવ મે ધરણિસુત ॥
નમસ્તે ભૂમિપુત્રાય રક્ષાકર્ત્રે નમોનમઃ ।
સિંહસત્વાય દુષ્કર્મ હસ્તિનાશ કરાય ચ ॥
ગ્રહરાજ નમસ્તેસ્તુ સર્વકલ્યાણ કારક ।
પ્રસાદાત્તવ દેવેશ સદા કલ્યાણમાપ્નુયામ્ ॥
દેવદાનવ ગંધર્વ યક્ષરાક્ષસપન્નગાઃ ।
પ્રાપ્નુવન્તિશિવં સર્વે સદાપૂર્ણ મનોરથાઃ ॥

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

આ મંગળના સ્તોત્રનો પાઠ કરવાથી માણસને અનેક પ્રકારે સુખશાંતિની પ્રાપ્તિ થાય છે તથા તેનાં દરેક પ્રકારનાં સંકટ દૂર થાય છે અને ધનધાન્ય, કીર્તિ, વિગેરેમાં વધારો થાય છે. આ સ્તોત્રનો પાઠ કરનાર માણસને દેવ, દાનવ, પિશાચ, વિગેરે અથવા પ્રેતયોનિ, ગ્રહો કે ઉપગ્રહો કોઈપણ પીડા કરી શકતું નથી. મોટા મોટા દેવતાઓ પણ આ સ્તોત્રના પાઠથી કલ્યાણ પ્રાપ્ત કરે છે અને તેઓના સઘળા મનોરથો પૂર્ણ થાય છે. પોતાનું કલ્યાણ ઇચ્છનાર અને સુખ મેળવવાની ઇચ્છાવાળા દરેક માણસે હંમેશાં આ મંગળના સ્તોત્રનો પાઠ કરવો જોઈએ. જેથી કરીને માણસની સઘળી ઉપાધિઓ રોગ, દેવું વિગેરેનો અંત આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## અંગારક સ્તોત્ર :

શ્રી ગણેશાય નમઃ ।

અંગારકઃ શક્તિધરો લોહિતાંગો ધરાસુતઃ ।
કુમારો મંગલો ભૌમો મહાકાયો ધનપ્રદઃ ॥

ઋણહર્તા દૃષ્ટિકર્તા રોગકૃત્ રોગનાશનઃ ।
વિદ્યુત્પ્રભો વ્રણકરઃ કામદો ધનહૃત્ કુજઃ ॥

સામગાન પ્રિયો રક્ત વસ્ત્રો રક્તાયતેક્ષણઃ ।
લોહિતો રક્તવર્ણશ્ચ સર્વકર્માવબોધકઃ ॥

રક્તમાલ્યધરો હેમકુંડલી ગ્રહનાયકઃ ।
નામાન્યેતાનિ ભૌમસ્ય યઃ પઠેત્ સતતં નરઃ ॥

ઋણં તસ્ય ચ દૌર્ભાગ્યં દારિદ્ર્યં ચ વિનશ્યતિ ।
ધનં પ્રાપ્નોતિ વિપુલં સ્ત્રિયં ચૈવ મનોરમામ્ ॥

વંશોદ્યોતકરં પુત્રં લભતે નાત્ર સંશયઃ ।
યોર્ચયેદહ્નિ ભૌમસ્ય મંગલં બહુ પુષ્પકૈઃ ॥

સર્વાં નશ્યન્તિ પીડા ચ તસ્ય ગ્રહભવાધ્રુવમ્ ॥

**ફળ :** ઉપર પ્રમાણેના અંગારક સ્તોત્રનો જે માણસ પાઠ કરે છે તે માણસને પુષ્કળ ધન પ્રાપ્ત થાય છે. માણસના માથે આવેલી સઘળી મુસ્કેલીઓ દૂર થાય છે તથા સુંદર સ્ત્રી અને ઉત્તમ બાળક પ્રાપ્ત થાય છે. ખાસ કરીને મંગળવારના દિવસે અનેક પુષ્પોથી મંગળની પૂજા કરવામાં આવે તો તે મંગળ તરત જ પ્રસન્ન થઈ માણસને ધન ધાન્ય તથા સંપત્તિ આપે છે અને તેનાં સઘળાં સંકટો પણ નાશ પામે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિશેષ :** તાકાત તથા પરાક્રમોનાં કામો અને લડાઈ ઝઘડા વિગેરે ઉપર મંગળનું આધિપત્ય ગણાય. વળી ખેતીની પેદાશ, જમીનમાં થતી વસ્તુઓ, ખનિજ પદાર્થો, વિગેરે પણ મંગળની સત્તાની વસ્તુઓ છે. ભાંડુસુખ, ક્રૂર કાર્યો, અગ્નિ, સોનું, ચોર, દુશ્મન, પરસ્ત્રી તથા પાપ ભરેલાં કાર્યો પણ મંગળની અસરમાં ગણાય છે. લશ્કર, લડાઈ, સેનાપતિ, સૈનિક તથા હથિયારો વિશે પણ મંગળ અસરકર્તા ગણાય છે.

જો જન્મરાશિથી અથવા નામની રાશિથી મંગળ નબળો હોય તો તે મંગળ ઉપરની તમામ બાબતો માટે ખરાબ ફળ ઉત્પન્ન કરે છે. આથી ખરાબ સ્થાનમાં રહેલા મંગળના સમય દરમ્યાન અથવા મંગળની નબળી દશા કે અંતર્દશા દરમ્યાન ઉપરોક્ત બાબતો માટે માણસે ખાસ સજાગ રહેવું જોઈએ તથા પૂરેપૂરી કાળજી રાખવી જોઈએ.

જો જન્મરાશિ અથવા નામરાશિથી મંગળ શુભસ્થાનમાં આવતો હોય અથવા શુભફળ આપનારી મંગળની દશા કે અંતર્દશા ચાલતી હોય તો તે મંગળ ઉપરોક્ત બાબત સારું ફળ આપે છે અને તેથી તે તે વસ્તુઓનો લાભ પણ કરાવે છે.

જો મંગળ નબળો હોય અથવા મંગળની નબળી દશાનો સમય ચાલતો હોય તો માણસે અહીં બતાવ્યા પ્રમાણે સઘળો વિધિ કરીને તેની શાંતિ કરવી જોઈએ, તેમ જ સિદ્ધ કરેલી મંગળની વીંટી પણ પહેરવી જોઈએ. આ ઉપરાંત મંગળનો ત્રિકોણાકાર એકવીસ ખાનાંવાળો યંત્ર બનાવીને તે યંત્રમાં મંગળનાં એકવીસ નામ કોતરાવવાં તથા એકવીસ મંગળવાર સુધી તે યંત્રની પૂજા વિધિ વગેરે કરવાં. ત્યાર પછી કાયમ મંગળનો યંત્ર પૂજામાં રાખવો જોઈએ.

આ રીતે મંગળની પૂજા આરાધના વિગેરે જે લોકો કરે છે તેમને અનેક પ્રકારે સુખ સંપત્તિની પ્રાપ્તિ થાય છે તથા ધનધાન્યમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વધારો થાય છે. અને તે માણસની કીર્તિ પણ બધી દિશાઓમાં ફેલાય છે.

**નોંધ** : આ ઉપરાંત મંગળના દાનને માટે જે જે વસ્તુઓ જણાવવામાં આવી છે તે સઘળી ચીજોનો માણસે પોતે પણ બને તેટલો વધુ ઉપયોગ કરવો. વળી મંગળની પૂજા માટે પણ તે વસ્તુઓનો બને તેટલો વધારે જ ઉપયોગ કરવો. આમ કરવાથી પણ મંગળ વધુ પ્રસન્ન થશે અને અનેક શુભ ફળ આપશે.

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# બુધ....................................પાનું

**પાનાના** પત્થરમાં બુધનાં સઘળાં તત્વો પુષ્કળ પ્રમાણમાં મળી આવે છે. આથી પાનાને બુધનું રત્ન ગણવામાં આવે છે. પાનું લીલા રંગનું રત્ન છે અને તેમાંથી નીકળતાં લીલા રંગના કિરણોનો પ્રકાશ લેવાથી માણસને પોતાને માટે જરૂરી એવાં સઘળાં બુધનાં તત્વો સહેલાઈથી મળી શકે છે.

માણુસ જાતને ઉપકારક અને રાજામહારાજાઓના મુગુટોની શોભાને વધારનાર આ રત્ન દુનિયાના ઘણા પ્રદેશોમાંથી મળી આવે છે. તેમાં પણ ભારતમાં રાજસ્થાન, આફ્રીકામાં ખાસ કરીને રહોડેશિયા તથા કોલંબિયા વિગેરે સ્થળો પાનાનાં મુખ્ય ઉત્પત્તિ સ્થાન ગણાય છે. મારા મત પ્રમાણે કોલંબિયાની ખાણો જે જાતનો પત્થર પૂરો પાડે છે તે જાતનો પત્થર કદાચ દુનિયાનો કોઈ પણ પ્રદેશ નહીં આપતો હોય.

આ પત્થરનો રંગ લીલાં કુમળાં પાંદડાં જેવો જ હોય છે. પૂર બહારમાં ખીલેલી વસંતનાં વૃક્ષો ઉપર ફુટેલી તાજી લીલી કુમળી કુંપળોનો રંગ પણ કદાચ તેની આગળ ફિક્કો જ લાગે. કાચ જેવો પારદર્શક સ્વચ્છ પાણી જેવો નિર્મળ અને કુદરતી તેજથી ભરેલો એવા પાનાનો કોઈ ટુકડો નજરે પડે તો કદાચ આપણે તેને નીરખતાં ધરાઈએ જ નહીં.

ટૂંકમાં પાનાનો રંગ લીલો છે, પાનું પસંદ કરતી વખતે ખાસ એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે પાનાનો રંગ એકદમ ઘેરો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લીલો ન હોવો જોઈએ પણ મોરપીંછના જેવો હોવો જોઈએ. વળી તદ્દન પારદર્શક કાચના જેવો, કોઈ બીજા રંગની જરાપણ છાંટ વગરનો અથવા કોઈપણ જાતના ડાઘ વગરનો હોવો જોઈએ. તેમાં ચીરા અથવા ખાડા પડેલા ન હોવા જોઈએ.

તદ્દન સ્વચ્છ નીતર્યા પાણી જેવો, ઉત્તમ રંગનો અને તેજસ્વી પત્થર ધારણ કરવાથી ટૂંક સમયમાં જ તે માણસને અનેક પ્રકારે લાભ દેખાડે છે. આ રત્ન ધારણ કરવાથી માણસ બુધનાં તત્વો ઘણા વિશાળ પ્રમાણમાં પ્રાપ્ત કરી શકે છે અને એ રીતે વધુ ને વધુ સુખી બની શકે છે.

**શુભ ફળ આપતો બુધ :** તમારી જન્મરાશિથી ગણતાં અથવા નામની રાશિથી ગણતાં જ્યારે જ્યારે બુધ બીજા સ્થાનમાં, ચોથા સ્થાનમાં, છઠ્ઠા સ્થાનમાં, આઠમા સ્થાનમાં, દસમા સ્થાનમાં અથવા તો અગિયારમા સ્થાનમાં આવે ત્યારે ત્યારે તે બુધ શુભ ગણાય છે અને તે શુભ ફળ આપે છે. આ પ્રમાણે જો બુધ સારા સ્થાનમાં રહેલો હોય તો તેનાથી માણસનું રૂપ, કાંતિ તથા શોભામાં ઘણો જ વધારો થાય છે આ બુધ માણસને અનેક પ્રકારે લાભ આપે છે, માણસને આનંદના સમાચારો મળે છે લાટબિંધીથી પણ આ બુધ લાભ કરાવે છે. આ બુધ માણસના ભાગ્યનો ઉદય કરાવે છે.

ઉપર પ્રમાણે બુધ સારા સ્થાનમાં રહેલો હોય અને શુભ ફળ આપનારો હોય તો પણ માણસે બુધની પ્રસન્નતાને માટે બુધનું આરાધન કરવું જોઈએ. એમ કરવાથી બુધ વધારે પ્રસન્ન થાય છે અને માણસના સુખમાં અનેકગણો વધારો કરે છે તથા માણસને ધનધાન્યથી સમૃદ્ધ અને ઉત્તમ કીર્તિવાળો તથા બુદ્ધિશાળી બનાવે છે.

**અશુભ ફળ આપતો બુધ :** પોતાની જન્મરાશિથી અથવા નામરાશિથી ગણતાં ઉપર બતાવેલાં સ્થાનો સિવાયના સ્થાનોમાં એટલે કે પહેલા, ત્રીજા, પાંચમા, સાતમા, નવમા અથવા બારમા સ્થાનમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બુધ રહેલો હોય તો તે બુધ હંમેશાં અશુભ ફળ આપનારો ગણાય છે. બુધ જ્યારે જ્યારે નબળા સ્થાનમાં રહેલો હોય ત્યારે ત્યારે તે માણસને અનેક પ્રકારની ઉપાધિ તથા અગવડ ઊભી કરી આપે છે. માણસને આ બુધ આર્થિક બાબતોમાં નુકશાન કરે છે તેમજ સંબંધી-ઓની સાથે વિખવાદ ઉત્પન્ન કરાવે છે. માણસનાં દરેક પ્રકારનાં સુખ નાશ પામે છે. માણસની બુદ્ધિ પણ કુંઠિત બની જાય છે તથા શરીરે નાનામોટા રોગોના કારણે પીડા ઉત્પન્ન થાય છે. જાતજાતના દુશ્મનો ઊભા થાય છે અને કોઈવાર તો પોતાના જ માણસો દુશ્મન બની બેસે છે. વળી આ બુધ માણસને તેના ઉત્તમ મિત્રોથી પણ છૂટો પાડી દે છે અને હેરાનગતિ કરે છે.

જ્યારે કોઈપણ માણસની જન્મરાશિ અથવા નામરાશિથી બુધ અશુભ ફળ આપનારો હોય અથવા તો અશુભ ફળ આપનારા બુધની મહાદશા કે અંતર્દશા ચાલતી હોય તો તેવા સમયે બુધનું અશુભ ફળ દૂર કરવા માટે દરેક માણસે યોગ્ય પ્રયત્નપૂર્વક બુધની શાંતિ માટેની વિધિ કરવી જોઈએ. આ પ્રમાણેની બુધની શાંતિ માટેની વિધિ કરવાથી બુધનું તમામ અશુભ ફળ નાશ પામે છે તથા દરેક પ્રકારે માણસને શુભફળની પ્રાપ્તિ થાય છે. બુધની શાંતિ માટે નીચે પ્રમાણે વિધિ કરવામાં આવે છે.

**વિધિ :** લીલા રંગનું પાનું બુધના નંગ તરીકે ગણાય છે. બુધની શાંતિ કરવી હોય તો પાનાનું નંગ સોનામાં અથવા પંચધાતુમાં મઢાવી તેની વીંટી બનાવવી. તે પછી તે વીંટીને ઉત્તમ બ્રાહ્મણ પાસે લઈ જઈ તેમાં વિધિપૂર્વક બુધની પ્રાણપ્રતિષ્ઠા કરાવી પૂજન કરાવવું. ત્યાર પછી તે બ્રાહ્મણ દ્વારા બુધના સોળ હજાર જપ કરાવીને તે વીંટી સિદ્ધ કરાવવી. આ રીતે સિદ્ધ કરેલી વીંટી પહેરવી જોઈએ. તથા બ્રાહ્મણને યોગ્ય દાનદક્ષિણા વિગેરે આપીને પ્રસન્ન કરવો જોઈએ. આ પ્રમાણે કરવાથી બુધ પ્રસન્ન થાય છે.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com જૈન સાઈટ

## બુધના મંત્રો

### (૧) વૈદિક મંત્ર :

ૐ ઉદ્બુધ્યસ્વાગ્ને પ્રતિજાગૃહિત્વમિષ્ટાપૂર્તેસં સૃજેથામયંચ ।
અસ્મિન્સધસ્થે અધ્યુત્તરસ્મિન્વિશ્વેદેવાય યજમાનશ્ચ સીદત ॥

### (૨) પૌરાણિક મંત્ર :

હ્રીં પ્રિયંગુ કલિકાશ્યામં રૂપેણાપ્રતિમં બુધમ્ ।
સૌમ્યં સૌમ્ય ગુણોપેતં તં બુધં પ્રણમામ્યહમ્ ॥ ૧ ॥

હ્રીં ઉત્પાતરૂપો જગતાં ચન્દ્રપુત્રો મહદ્યુતિઃ ।
સૂર્ય પ્રિયકરો વિદ્વાન્ પીડાં હરતુ મે બુધઃ ॥ ૨ ॥

ઉપર બતાવેલા ત્રણ મંત્રોમાંથી કોઈપણ મંત્ર લઈ કહેલી સંખ્યાના જપ પૂરા કરવા જોઈએ. ત્યાર પછી આ પ્રમાણે પૂજન કરીને સિદ્ધ કરેલી વીંટી માણસે પોતાના હાથ ઉપર પહેરવી જોઈએ. આવી રીતે વીંટી પહેરવાથી ઉત્પન્ન થતી સઘળી ખરાબ અસર દૂર થશે તેમજ બીજા જ દિવસથી બુધ સારું ફળ આપશે.

**બુધનાં દાન :** બુધને પ્રસન્ન કરવા માટે શાસ્ત્રમાં ઘણાં દાન આપવાનું પણ કહેલું છે. બુધની પ્રસન્નતા માટે આપવામાં આવતી દાનની વસ્તુઓ નીચે પ્રમાણેની છે.

ગોરું ચંદન તથા સુગંધીવાળાં પુષ્પો બુધને અત્યંત પ્રિય હોવાથી તે બુધને પ્રસન્ન કરવા માટે દાનમાં આપી શકાય. વળી એક નોકરડી અથવા સેવિકાનું દાન કરવાથી પણ બુધ અત્યંત પ્રસન્ન થાય છે. બુધને કાળાં વસ્ત્રો પણ અત્યંત પ્રિય હોય છે. વળી કાંસું તેમજ લીલા મગ પણ બુધને માટે દાનમાં આપવાનો રીવાજ શાસ્ત્રમાં બતાવેલો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બુધની પ્રસન્નતા માટે આ પ્રમાણેની વસ્તુઓ દાનમાં આપવાથી બુધ અત્યંત પ્રસન્ન થાય છે તથા તેથી માણસનાં સઘળાં કષ્ટો દૂર થઈને તેને અનેક પ્રકારે શાંતિ મળે છે તથા જૂના મિત્રોનો મેળાપ થાય છે અને તેમનાથી પણ માણસને અનેક પ્રકારના લાભ થવા માટેના યોગો ઊભા થાય છે તથા માણસની બુદ્ધિ પણ તીવ્ર બને છે.

આ પ્રમાણે જે વ્યક્તિને માટે ગોચરમાં બુધ નબળો થતો હોય અથવા નબળા બુધની દશા કે અંતર્દશા ચાલતી હોય અને તેના કારણે અસહ્ય મુશ્કેલીઓ આવી પડતી હોય તો તેમાંથી છુટવા માટે માણસે આ ઉપાય અવશ્ય કરવો જોઈએ. કારણ કે તેનાથી બુધની સઘળી ખરાબ અસર દૂર થાય છે તથા શુભ ફળની પ્રાપ્તિ થાય છે.

આ ઉપરાંત નીચે બુધનાં સ્તોત્રો આપ્યાં છે. બુધની પ્રસન્નતા માટે આ સ્તોત્રોનો પણ માણસે નિયમિત પાઠ કરવો જોઈએ.

जैन साइट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## બુધ સ્તોત્ર

શ્રી ગણેશાય નમઃ ।

પ્રિયંગુકલિકા શ્યામં રૂપેણાપ્રતિમં બુધમ્ ।
સૌમ્યં સૌમ્યગુણોપેતં તં બુધં પ્રણમામ્યહમ્ ॥

ઉત્પાતરૂપી જગતાં ચંદ્ર પુત્રો મહાદ્યુતિઃ ।
સૂર્યપ્રીતિકરો વિદ્વાન્ પીડાં હરતુ મે બુધઃ ॥

શ્યામઃ શિરાલશ્ચ કલાવિધિજ્ઞઃ ।
કૌતૂહલીકોમલવાગ્વિલાસી ॥

રજોધિકો મધ્યમરૂપધૃક્સ્યા ।
દાતાસ્રનેત્રો દ્વિજરાજ પુત્રઃ ॥

બુધબુદ્ધિ પ્રદાતારં સૂર્યરશ્મિસમન્વિતં ।
યજમાન હિતાર્થાય બુધમાવાહયામ્યહમ્ ॥

જ્ઞેયો બુધઃ પંડિતશ્ચ રૌહિણેયશ્ચ સોમપઃ ।
કુમારો રાજપુત્રશ્ચ શૈશવઃ શશિનંદનઃ ॥
ગુરુપુત્રશ્ચ તારેયો વિબુધો બોધનસ્તથા ।
સૌમ્યઃ સર્વગુણોપેતો રત્નદાન ફલપ્રદઃ ॥
એતાનિ બુધનામાનિ પ્રાતઃકાલે પઠેન્નરઃ ।
બુદ્ધિર્વિવૃદ્ધિતાં યાતિ બુધ પીડા ન જાયતે ॥

**ફળ :** ઉપર પ્રમાણેનું બુધનું નામ સ્તોત્ર માણસને અનેક પ્રકારના લાભ આપનારું તથા સુખી બનાવનારું છે. દરરોજ સવારમાં પોતાનાં નિત્યકર્મો પરવારીને જે માણસ નિયમપૂર્વક આ બુધના નામસ્તોત્રનો પાઠ કરે છે, તે માણસને બુધના કારણે કોઈપણ જાતની પીડા થતી નથી. વળી તે માણસના સુખશાંતિ તથા ધનવૈભવમાં વધારો થાય છે અને બુદ્ધિ અનેકગણી વધે છે.

JAINSITE.com
જૈનં જયતિ શાસનમ્

## બુધ સ્તોત્ર

શ્રી ગણેશાય નમઃ ।
બુધો બુદ્ધિમતાં શ્રેષ્ઠો બુદ્ધિદાતા ધનપ્રદઃ ।
પ્રિયંગુકલિકાશ્યામઃ કંજનેત્રો મનોહરઃ ॥
ગ્રહોપમો રૌહિણેયો નક્ષત્રેશો દયાકરઃ ।
વિરૂદ્ધ કાર્યહન્તા ચ સૌમ્યોબુદ્ધિ વિવર્ધનઃ ॥
ચન્દ્રાત્મજો વિષ્ણુરૂપી જ્ઞાની જ્ઞો જ્ઞાનદાયકઃ ।
ગ્રહપીડાહરો દાર પુત્રધાન્યપશુપ્રદઃ ॥
લોકપ્રિયઃ સૌમ્યમુર્તિઃ ગુણદો ગુણિ વત્સલઃ ।
પંચવિંશતિ નામાનિ બુધસ્યૈતાનિ યઃ પઠેત્ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્મૃત્વાબુધં સદા તસ્ય પીડા સર્વા વિનશ્યતિ ।
તદ્દિને વા પઠેદ્યસ્તુ લભતે સ મનોગતમ્ ॥

**ફળ :** આ પણ બુધનું નામસ્તોત્ર છે. આ સ્તોત્રમાં બુધના પચીસ નામ આપેલાં છે. આ પચીસ નામમાંથી ગમે તે નામ વડે બુધની આરાધના કરવામાં આવે તો પણ તે માણસને ધનધાન્ય તથા અનેક પ્રકારના લાભ અપાવે છે. જે માણસ બુધના આ નામસ્તોત્રનો દરરોજ પાઠ કરે તેને બુધના કારણે કોઈપણ પ્રકારની પીડા થતી નથી. બુધ નબળો હોય અથવા નબળા બુધની દશા કે અંતર્દશા ચાલતી હોય ત્યારે પણ દર બુધવારે બુધના આ નામસ્તોત્રનો પાઠ કરવામાં આવે તો નબળા બુધના કારણે ઉત્પન્ન થતી સઘળી પીડા નાશ પામે છે તથા શુભ ફળની પ્રાપ્તિ થાય છે. આ પ્રમાણેના બુધના આરાધનથી માણસ પોતાના મનમાં જે જે ઇચ્છાઓ રાખે તે સઘળી ઇચ્છાઓ પૂર્ણ થાય છે.

**વિશેષ :** કોઈપણ કળાઓમાં પારંગત બનવું અથવા મહાન વિદ્વાન કે પંડિત બનવું તે માત્ર બુધની કૃપા ઉપર અવલંબે છે. મોસાળ, વાણી, ભાંડુ તથા મિત્રો ઉપર પણ બુધની સજ્જડ અસર હોય છે. વળી શિલ્પશાસ્ત્ર, વાણીમાં ચતુરાઈ, ઉપાસનાની સફળતા આ બાબતો પણ બુધના આધિપત્યમાં જ રહેલી છે. આ સઘળી બાબતોનું ઉત્તમ ફળ પ્રાપ્ત કરવા માટે માણસને બુધનું બળ હોવું ખાસ જરૂરી છે. જો બુધ બળવાન હોય તથા શુભ ફળ આપનારો હોય તો ઉપરોક્ત બાબતો માટે તે સારામાં સારું ફળ આપશે. પરંતુ જો બુધ નબળો હશે અથવા નબળા બુધની દશા અંતર્દશાનો સમય ચાલતો હશે તો તે બુધ ઉપરની સઘળી બાબતો માટે નુકશાન-કારક નીવડવાનો.

આમ ઉપર દર્શાવેલી કોઈપણ બાબત અંગે તમને મળતું નબળું ફળ તમારે દૂર કરવું હોય અથવા તે તે બાબતમાં તમારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વધારે સારું ફળ મેળવવું હોય તો અહીં બતાવ્યા પ્રમાણેની વિધિથી તમારે બુધનું આરાધન કરવું જ જોઈએ. વળી આગળ જણાવ્યા પ્રમાણે તમારે બુધના નંગની સિદ્ધ કરેલી વીંટી પણ પહેરવી જોઈએ. એ રીતે કરવાથી બુધ પ્રસન્ન થશે તથા અનેક પ્રકારે સુખશાંતિમાં વધારો કરી ઉત્તમ ફળ આપશે.

જો બુધ નબળો હોય અથવા તો નબળા બુધના અશુભ ફળ આપનારી દશા અથવા અંતર્દશા ચાલતી હોય તો, ઉપર પ્રમાણે બુધની આરાધના કરવા ઉપરાંત બુધને માટે કહેલાં દાન આપવાં. વળી બુધના માટે દાનની જે જે વસ્તુઓ દર્શાવી છે તે સઘળી ચીજોનો માણસે પોતે પણ વધુ ને વધુ ઉપયોગ કરવો, તેમજ બુધની પૂજામાં પણ તે વસ્તુઓ વધુ ને વધુ વાપરવી. આમ કરવાથી બુધ ઘણો પ્રસન્ન થાય છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ગુરુ.....................પુષ્પરાગ (પોખરાજ)

ગુરુનું પ્રતિનિધિત્વ દર્શાવનાર રત્ન તે પોખરાજ. ગુરુનો રંગ પીળો ગણાય છે. અને પોખરાજ પણ પીળા રંગનો જ હોય છે. સફેદ રંગના પોખરાજ પણ મળી આવે છે, તદ્દન સફેદથી શરૂ કરી સફેદ પીળા, પીળા હળદર જેવા તથા સોનેરી પીળા રંગના પોખરાજ જોવામાં આવે છે.

સફેદ રંગના પોખરાજમાં ગુરુનાં તત્ત્વો ઘણા જ ઓછા પ્રમાણમાં હોય છે, જ્યારે પીળા રંગના પોખરાજમાં આ તત્ત્વો વિપુલ પ્રમાણમાં જોવામાં આવે છે. આથી માત્ર શોખ અને શોભા પુરતો સફેદ પોખરાજનો ઉપયોગ થાય છે પરંતુ ગુરુનાં તત્ત્વો પ્રાપ્ત કરવા માટે ખાસ કરીને પીળા પોખરાજનો જ વધુ ઉપયોગ કરવામાં આવે છે.

પોખરાજનું ઉત્પત્તિસ્થાન સીલોન અને બર્મા છે. આ સિવાય બીજી કોઈ જગ્યાએ ખાસ આ રત્ન મળતાં નથી. આ રત્નોની પણ ખાણો હોય છે. ખાણમાંથી પત્થરો ખોદીને બહાર કાઢયા પછી તેના ઉપરની માટી વિગેરે અશુદ્ધિઓ દૂર કરવામાં આવે છે. ત્યાર પછી તે પત્થરોને તોડીને તેના નાના ટુકડા કરવામાં આવે છે. આ પત્થરનું પણ ઉપરનું પડ તદ્દન પોચું અને બરડ હોય છે આ બરડ ભાગમાંથી તૈયાર થતાં રત્નો હલકા પ્રકારનાં હોય છે અને તેમાં અનેક ખામીઓ તથા અશુદ્ધિઓ હોવાથી આ રત્નો ધાર્યા પ્રમાણેની અસર ઉત્પન્ન કરી શકતા નથી આ પત્થરોની અંદરનું જે સખત હાર્દ હોય છે તે સ્વચ્છ કાચ જેવું અને કુદરતી તેજ વાળું તથા પાણીદાર હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોખરાજના પત્થરના હાર્દમાંથી બનાવેલું રત્ન તેજસ્વી તથા પાણીદાર હોય છે. તેનો રંગ પણ પીળો સો ટકા શુદ્ધ સોનાના રંગ જેવો હોય છે, આ પ્રકારના રંગનો પોખરાજ સર્વોત્તમ ગણાય છે. કુદરતી રંગ તથા કુદરતી તેજ વાળો સ્વચ્છ નિર્મળ કાંતિવાળો પોખરાજ ગુરૂનાં સઘળાં તત્ત્વો પૂરાં પાડવાની શકિત ધરાવે છે.

ઉપર બતાવ્યા મુજબનું પોખરાજનું ઉત્તમ રત્ન ધારણ કરનાર માણસ તીક્ષ્ણ બુદ્ધિવાળો, વિદ્વાન તથા પૂજનીય બને છે. ગુરૂનાં તત્ત્વો મેળવવા ઇચ્છતા માણસે આવા પ્રકારનું ઉત્તમ પોખરાજનું રત્ન અવશ્ય ધારણ કરવું જોઈએ.

**શુભ ફળ આપતો ગુરુ :** માણસની જન્મ રાશિથી અથવા નામ રાશિથી ગણતાં બીજા, પાંચમા, સાતમા નવમા અથવા અગિયારમા સ્થાનમાં જો ગુરૂ આવતો હોય તો તે ગુરૂ હંમેશા શુભફળ આપનારો ગણાય છે. ગુરૂ જ્યારે ગોચરમાં આ પ્રમાણે શુભ બને ત્યારે માણસને તે દરેક પ્રકારનું સુખ આપે છે. આ સમય દરમ્યાન ગુરૂ કૌટુંબિક સુખમાં વધારો કરે છે તથા મિત્રો વિગેરેના સંબંધોને વધારે ગાઢ બનાવે છે. ગુરૂ જ્યારે શુભ હોય ત્યારે માણસને ધનનો પણ લાભ કરાવે તેમજ તે માણસની બુદ્ધિશક્તિનો વિકાસ કરે અને માનઆબરૂમાં પણ વધારો કરાવનારો તથા નવા સંબંધો ઊભા કરાવનારો નિવડે છે.

જો તમારી રાશિથી ગોચરમાં ગુરૂ ઉપર પ્રમાણે શુભ સ્થાનોમાં ફરતો હોય અથવા શુભ ફળ આપનારા ગુરુની મહાદશા કે અંતર્દશા ચાલતી હોય તો પણ ગુરૂનાં પૂજા આરાધના કરવી જોઈએ. ગુરૂ સારો હોય ત્યારે તેની પૂજા આરાધના કરવાથી તે વધારે શુભ ફળ આપનારો નીવડે છે અને જ્યારે તે નબળો બને ત્યારે તે પોતાની ખરાબ અસર વધુ આપી શકતો નથી આથી પોતાનું કલ્યાણ ઇચ્છનાર માણસે કાયમ ગુરૂની આરાધના કરવી જ જોઈએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અશુભ ફળ આપતો ગુરુ** : માણસની પોતાની જન્મરાશિ અથવા નામરાશિથી ગણતા ગોચરમાં જો ગુરૂ પહેલા સ્થાનમાં ફરતો હોય તો તે અશુભ ફળ આપનારો ગણાય. એ જ પ્રમાણે ત્રીજા ચોથા અથવા છઠ્ઠા સ્થાનમાં રહેલો ગુરૂ પણ અશુભ ફળ જ આપે છે. જ્યારે જ્યારે ગુરૂ ગોચરમાં પોતાની રાશિથી આઠમા, દસમા અથવા બારમા સ્થાનમાં ભ્રમણ કરે ત્યારે તે ગુરૂ પણ અશુભ અસર ઉપજાવે તથા માણસને અનેક પ્રકારે મુશ્કેલીઓમાં લાવી મૂકે છે.

ઉપર પ્રમાણે ગોચરમાં જ્યારે જ્યારે ગુરૂ અશુભ બને અથવા અશુભ ફળ આપતા ગુરૂની દશા કે અંતર્દશા ચાલતી હોય ત્યારે તે ગુરૂ માણસને માટે ભયંકર આર્થિક કટોકટી સર્જે છે. વળી માણસને અનેક નાનાં મોટાં કારણોને લીધે આ ગુરૂ કંકાસ કરાવે છે. પોતે ધારેલાં કાર્યોમાં તેને જરા પણ સફળતા સાંપડતી નથી. કૌટુમ્બિક બાબતોમાં અશાંતિ ઉત્પન્ન થાય છે. વળી પોતાના સ્વજનો સાથે મનદુઃખ થવાના પ્રસંગો પણ આવે છે. આમ જ્યારે જ્યારે ગુરૂ અશુભ ફળ આપનારો બને છે ત્યારે ત્યારે તે માણસને ચારે તરફથી ઉપાધિઓ અને મુશ્કેલીઓના વમળમાં ધકેલી દે છે. જ્યારે જ્યારે ગુરૂ અશુભ બને ત્યારે ત્યારે માણસે યોગ્ય વિધિ કરીને તે ગુરૂની શાંતિ માટે તેની પૂજા આરાધના કરવી જોઈએ. ગુરૂની અશુભ અસર દૂર કરવા અને શુભ ફળ મેળવવા માટે ખાસ કરીને જે વિધિ કરવામાં આવે છે તે અહીં આપી છે.

**વિધિ** : માણસને જ્યારે ગુરૂ નબળી અસર આપતો હોય ત્યારે ખાસ કરીને તેણે ગુરુવાર કરવા. પીળો પોખરાજ એ ગુરૂનું નંગ ગણાય છે ઉત્તમ સોનાના જેવા રંગનો પોખરાજનો સારો પથ્થર નંગ તરીકે લેવો તથા તેને શુદ્ધ સોનામાં મઢાવી તેની વીંટી બનાવવી. આ વીંટીમાં બ્રાહ્મણ પાસે ગુરૂની પ્રાણપ્રતિષ્ઠા કરાવવી. તે પછી દરરોજ તેનું પૂજનઅર્ચન કરીને તે વીંટીની સામે ગુરુના મંત્રના જપ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરવા. આ પ્રમાણે ગુરૂના ૭૬,૦૦૦ (છોંતેર હજાર) જપ પૂરા કરવા. આવી રીતે સિદ્ધ કરેલી વીંટી કાયમ પહેરવી.

## ગુરુના મંત્રો

### (૧) વૈદિક મંત્ર :

ૐ બૃહસ્પતે અતિયદર્યો અર્હાદ્યુમદ્વિભાતિક્રતુમજ્જનેષુ । યદ્દીદયચ્છવસ ઋતપ્રજા તદસ્માસુ દ્રવિણં ધેહિ ચિત્રમ્ ॥

### (૨) પુરાણોક્ત મંત્રો :

હ્રીં દેવાનાં ચ ઋષીણાં ચ ગુરું કાંચન સન્નિભમ્ ।
બુદ્ધિભૂતં ત્રિલોકેશં તં નમામિ બૃહસ્પતિમ્ ॥૧॥

હ્રીં દેવમન્ત્રી વિશાલાક્ષઃ સદા લોકહિતે રતઃ ।
અનેક શિષ્ય સંયુક્તઃ પીડાં હરતુ મે ગુરૂઃ ॥૨॥

ઉપર આપેલા મંત્રોમાંથી કોઈપણ મંત્ર લેવો. ત્યારપછી તે મંત્રના કહેલી સંખ્યા પ્રમાણેના (૭૬,૦૦૦) જપ પૂરા કરવા. આ રીતે જપ તથા પૂજન કરીને સિદ્ધ કરેલી વીંટી હાથ ઉપર પહેરવી. આ વીંટી પહેરવાથી ગુરૂની સઘળી ખરાબ અસર નાશ પામે છે તથા શુભ ફળની પ્રાપ્તિ થાય છે.

**ગુરુના દાન :**

ગુરુને પ્રસન્ન કરવા માટે શાસ્ત્રમાં અનેક પ્રકારનાં દાન આપવાના કહેલાં છે. તેમાં ખાસ કરીને પીળા રંગની વસ્તુઓ ગુરૂને ખાસ પ્રસન્ન કરનારી ગણાય છે. પીળા પુષ્પો તથા હળદર પણ ગુરૂની પ્રસન્નતા માટેની વસ્તુઓ છે. સાકર (પીળી સાકર), ઘોડા, વિગેરેનું દાન કરવાથી પણ ગુરૂ પ્રસન્ન થાય છે. ગુરૂને પ્રસન્ન કરવા માટે પીળા વસ્ત્રોનું પણ દાન આપવાનું કહેલું છે. આ ઉપરાંત સોનું, ચણાની દાળ, અને મીઠાનું દાન પણ ગુરૂને પ્રસન્ન કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આમ ઉપર બતાવ્યા પ્રમાણેનો વિધિ જે કોઈ માણસ કરે છે તે માણસના ઉપર ગુરૂની પ્રસન્નતા થાય છે. અને તેથી કરીને ગુરૂનું સઘળું અશુભ ફળ દૂર થાય છે તથા શુભ ફળ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે ગુરૂની અશુભ અસર દૂર થવાથી માણસની પોતાની સુખશાંતિમાં વધારો થાય છે તથા અનેક પ્રકારે માણસને ધનપ્રાપ્તિ થાય છે. વળી માણસની ઇજ્જત આબરૂ વધે છે અને જ્યાં જાય ત્યાં માન પામે છે તથા મિત્રો અને સંબંધીઓથી પણ લાભ પામે છે. આ ઉપરાંત ગુરૂની પ્રસન્નતા માટે કેટલાંક સ્તોત્ર પણ અહીં આપ્યાં છે. આ સ્તોત્રોનો પાઠ કરવાથી પણ ગુરૂ પ્રસન્ન થાય છે.

## ગુરૂસ્તુતિ

શ્રીગણેશાય નમઃ ।

શક્રાદિદેવૈઃ પરિપૂજિતોઽસૌ
જગદ્વિભૂતો જગતાં હિતાય ।
દદાતિ યો નિર્મલ શાસ્ત્રબુદ્ધિં
સં વાક્પતિર્મે વિદધાતુ લક્ષ્મીમ્ ॥

સકલસુર ગુરૂર્યઃ બ્રહ્મતુલ્યપ્રભાવઃ
ત્રિદશ પતિ કિરીટૈર્ઘૃષ્ટ પાદરવિંદઃ ।
વિમલમતિ વિલાસી સર્વમાંગલ્યહેતુઃ
દદતુમમ વિભૂતિં વાક્પતિઃ સુપ્રભાવઃ ॥

દ્વિપંચસપ્તમસ્થાને તથૈવૈકાદશે સ્થિતઃ ।
અન્નં વિવિધ ભોગાંશ્ચ રત્નાનિ કુરૂતે ગુરુઃ ॥
દશમે દ્વાદશે ષષ્ઠે તુર્યત્ર્યેકાષ્ટ ગે ગુરૌ ।
વ્યાધિર્વિદેશગમનં મિત્રદ્વેષં ભવિષ્યતિ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવાનાં ચ ઋષીણાં ચ ગુરૂં કાંચનસન્નિભમ્ ।
બુદ્ધિભૂતં ત્રિલોકેશં તં નમામિ બૃહસ્પતિમ્ ॥

બૃહસ્પતિં મહં નૌમિ ગુરૂં દેવેન્દ્રપૂજીતમ્ ।
સર્વશાસ્ત્ર પ્રવક્તારં સર્વકર્મફલપ્રદમ ॥
સર્વ સંશય છેત્તારં વેત્તારં સર્વકર્મણામ્ ।
પરબ્રહ્મમયં નિત્યં પરમાનંદ રૂપિણમ્ ॥
સર્વસિદ્ધિપ્રદં દેવં શરણ્યં ભક્તવત્સલમ્ ।
વરેણ્યં વરદં શાંતં ત્રિદશાર્તિહરં પરમ્ ॥
લંબકૂર્ચં સુવર્ણાભં સ્વર્ણયજ્ઞોપવીતિનમ્ ।
પીતવસ્ત્રપરીધાનં માર્તંડતિલકાન્વિતમ્ ॥
ચંદનાગરૂકર્પૂરૈઃ સુગન્ધૈઃ શતપત્રકૈઃ ।
સંપૂજ્ય ધ્યાયતે યૈસ્તુ ભક્ત્યા સુદૃઢયા નરૈઃ ॥
ધનં ધાન્યં જયં સૌખ્યં સૌભાગ્યં નૃપ માન્યતા ।
ભવંતિ સર્વદા તેષાં ત્વત્પ્રસાદાત્સુરેશ્વર ॥
રોગાગ્નિસર્પચૌરાદ્યા સ્તેષાં ન પ્રભવંતિ હિ ।
સુસ્થાનસ્થોઽધિદેવેશઃ ધ્યાનેસર્વ પ્રસાધકઃ ॥
પુરા પંડિત વર્યેણ કૃત્વૈતત્ ચેતસિ સ્વકે ।
મનુષ્યાણાં હિતાર્થાય ગુરોર્નામાન્યભાષત ॥
વિષમસ્થસ્તથા નૃણાં સર્વકષ્ટ પ્રભંજનઃ ।
પ્રત્યહં પઠતે યો વૈ તસ્ય કામફલપ્રદઃ ॥

નમ સુરેન્દ્રવંદ્યાય દેવાચાર્યાય તે નમઃ ।
નમસ્ત્વનંત સામર્થ્ય વેદ સિદ્ધાંત પારગ ॥

જૈન સાહિત્ય JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સદાનંદ નમસ્તેસ્તુ નમઃ પીડાકરાય ચ ।
નમો વાચસ્પતે તુભ્યં નમસ્તે પીતવાસસે ॥
નમોઽદ્વિતીયરૂપાય લંબકૂર્ચાય તે નમઃ ।
નમઃ પ્રહૃષ્ટ નેત્રાય વિપ્રાણાં પતયે નમઃ ॥
નમો ભાર્ગવ શિષ્યાય વિપન્નાર્તિહરે નમઃ ।
નમસ્તે સુરસૈન્યસ્ય વિપત્તૌ ત્રાણહેતવે ॥
બૃહસ્પતિઃ સુરાચાર્યો દયાવાન્ શુભલક્ષણઃ ।
લોકત્રયગુરૂઃ શ્રીમાન્ સર્વજ્ઞઃ સર્વતો વિભુઃ ॥
સર્વેશઃ સર્વદા તુષ્ટઃ સર્વગઃ સર્વપૂજીતઃ ।
અક્રોધનો મુનિશ્રેષ્ઠો નીતિકર્તા જગત્પતિઃ ॥
વિશ્વાત્માવિશ્વકર્તા ચ વિશ્વયોનિરયોનિજઃ ।
ભૂર્ભુવો ધનદાતા ચ ભર્તાજીવો મહાબલઃ ॥
પંચવિંશતિ નામાનિ પુણ્યાનિ શુભદાનિ ચ ।
પ્રાતરૂત્થાય યો નિત્યં પઠેદ્વાસુસમાહિતઃ ॥
વિપરીતોઽપિ ભગવાન્સુપ્રીતઃ સ્યાદ્બૃહસ્પતિઃ ।
નંદગોપાલ પુત્રેણ વિષ્ણુનાકીર્તિતાનિ ચ ॥
બૃહસ્પતે કાશ્યપેય દયાવાન્ શુભલક્ષણઃ ।
અભીષ્ટફલદ શ્રીમન્ શુભગ્રહ નમોસ્તુતે ॥
બૃહસ્પતિઃ સુરાચાર્યો દેવર્ષિસુરપૂજીતઃ ।
આચાર્યો દાનવારિશ્ચ સુરમંત્રી પુરોહિતઃ ॥
ઉદયાસ્તે ચ મધ્યાહ્ને પઠેન્નિત્યં સમાહિતઃ ।
પંચવિંશતિ નામાનિ યઃ પઠેત્ફલદાનિ ચ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ન બાધકા ગ્રહાસ્તસ્ય યં દેવોરક્ષતે સદા ।
કરોતિ વિપુલાં શાંતિં સર્વપાપૈઃ પ્રમુચ્યતે ॥

મહાકાયઃ સર્વગતઃ પૂજીતો નન્દસૂનુના ।
રક્ષાકરો સિંહબલઃ હસ્તિદુષ્કર્મનાશનઃ ॥

નમઃ સુરેન્દ્ર વન્દ્યાય દેવાચાર્યાય તે નમઃ ।
પુજ્યાય સર્વદેવાનાં ત્રિદશાધિપતે નમઃ ॥

જીવો બૃહસ્પતિઃ સૂરીરાચાર્યો ગુરૂરંગિરાઃ ।
વાચસ્પતિર્દેવમંત્રી શુભં મે કુરૂતાં સદા ॥

યસ્ય ત્વં કુપિતો દેવ ગ્રહરાજ મહાબલ ।
રાજ્યસમૃદ્ધિસૌખ્યાનિ તસ્ય નશ્યંતિ તત્ક્ષણાત્ ॥

યઃ પઠેત્ પ્રયતઃ સ્તોત્રં તસ્ય ત્વં દાતુમિચ્છસિ ।
પશ્યતાં દેવદૈત્યાનાં વિરૂદ્ધસ્ય શુભં ફલમ્ ॥

સશૈલસાગરાયાં તુ પૃથિવ્યાં પરમેશ્વર ।
દેવાસુર મનુષ્યાણાં વિરૂદ્ધોસિ ક્ષયંકરઃ ॥

ત્વયિ ક્રુદ્ધે બલીર્વીરો રાજાવેનો નિપાતિતઃ ।
હતો ભીષ્મસ્ત્વયિ ક્રુદ્ધે રાજાદુર્યોધનો હતઃ ॥

સુરાસુરૈઃ સુરેન્દ્રેણ પૂજીતોસિ સદાનરૈઃ ।
કમલૈઃ શતપત્રૈશ્ચ પાદપદ્મં પ્રયત્નતઃ ॥

તેષાં નાનાવિધં સૌખ્યં યેષાં તુષ્ટોસિ તત્ક્ષણાત્ ।
જગચ્ચરાચરં પૂજાં વિદ્ધાતિ સદૈવતુ ॥

ય ઈદં શૃણુયાન્નિત્યં પઠેદ્વાપિ સમાહિતઃ ।
બૃહસ્પતિ કૃતાપીડા તસ્ય ન સ્યાત્કદાચન ॥

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

**ફળ :** ઉપરોક્ત ગુરૂના સ્તોત્રનો જે માણસો ખરા ભાવથી પાઠ કરે છે તે માણસો અનેક પ્રકારે સુખી થાય છે, ગોચરમાં જ્યારે ગુરૂ નિર્બળ બને અથવા જ્યારે અશુભ ફળ આપનારા ગુરૂની દશા અથવા અંતર્દશા ચાલતી હોય ત્યારે જો માણસ આ બૃહસ્પતિ સ્તોત્રનો નિયમિત પાઠ કરે તો તેનાથી ગુરૂના કારણે થનારી સઘળી પીડા નાશ પામે છે તથા માણસ અનેક પ્રકારે સુખસંપત્તિ તેમજ કીર્તિ પામે છે અને અનેક પ્રકારે સુખી થાય છે.

## : ગુરૂનું નામસ્તોત્ર :

ગુરૂર્બૃહસ્પતિર્જીવઃ સૂરાચાર્યો વિદાંવરઃ ।
વાગીશો ધિષણો દીર્ઘઃ શ્યામઃ પીતાંબરો સુવા ॥
સુધાદૃષ્ટિર્ગ્રહાધીશો ગ્રહપીડાપહારકઃ ।
દયાકરઃ સૌમ્યમૂર્તિઃ સુરાર્ચ્યઃ કુંકુમદ્યુતિઃ ॥
લોકપૂજ્યો લોકગુરુઃ નીતિજ્ઞો નીતિકારકઃ ।
તારાપતિશ્ચાંગિરસો વેદવૈદ્યપિતામહઃ ॥
ભક્ત્યા બૃહસ્પતિં ધ્યાત્વા નામાન્યેતાનિ યઃ પઠેત્ ।
અરોગી બલવાન્ શ્રીમાન્ પુત્રવાન્ સ ભવેન્નરઃ ॥
જીવેદ્વર્ષશતં મર્ત્યો પાપં નશ્યતિ નશ્યતિ ।
પૂજયેદ્યો ગુરોર્દિને પીતગન્ધાક્ષતામ્બરૈઃ ॥
પુષ્પદીપોપહારૈશ્ચ પૂજયિત્વા બૃહસ્પતિમ્ ।
બ્રાહ્મણાન્ ભોજયિત્વા ચ પીડાશાંતિર્ભવેત્ સદા ॥

**ફળ :** જ્યારે જ્યારે ગોચર ભ્રમણ દરમિયાન ગુરૂ નબળો હોય અથવા અશુભ ફળ આપતા ગુરૂની દશા કે અંતર્દશા ચાલતી હોય ત્યારે આ ગુરૂના નામસ્તોત્રના પાઠથી અશુભ ગુરૂનું સઘળું ખરાબ ફળ નાશ પામે છે. વળી ગુરૂવારના દિવસે ગુરૂના આ સ્તોત્રનો પાઠ

JAINSITE જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરવાથી ખાસ કરીને માણસનાં સઘળાં સંકટો દૂર થાય છે અને ગુરૂ માણસનાં સુખ, શાંતિ, ધન તથા કીર્તિમાં વધારો કરે છે.

**વિશેષ :** જ્ઞાન, સદ્દગુણ તથા સંતાનો બાબતનું ફળ ગુરૂના આધિપત્યમાં રહેલું છે. સારા આચારવિચાર, મહાત્મ્ય તેમજ વેદશાસ્ત્રોનું અધ્યયન પણ ગુરૂ ઉપર જ અવલંબે છે. વળી શાસ્ત્રોમાં વિશ્વાસવાળી ઉત્તમ બુદ્ધિ આપનાર પણ ગુરૂ જ છે. આ ઉપરાંત શ્રદ્ધા, ભક્તિ, તપશ્ચર્યા, દેવારાધન, યજ્ઞયાગ વિગેરે ગુરૂની કૃપાથી થઈ શકે છે. વળી ઉન્નતિ, સદ્દગતિ અને સારા સારા ભંડારોની પ્રાપ્તિ પણ ગુરૂ કરાવે છે. સ્ત્રીઓને પતિનું સર્વોત્તમ સુખ પણ ગુરૂના જ બળથી પ્રાપ્ત થાય છે. આ પ્રમાણેની સઘળી બાબતોનું ઉત્તમ ફળ પ્રાપ્ત કરવું હોય તો દરેક માણસે ગુરૂનું આરાધન કરવું જ જોઈએ. કારણકે જો શુભ ફળ આપતો ગુરૂ બળવાન હોય તો ઉપરોક્ત તમામ બાબતો માટે તે ગુરૂ હંમેશાં સારૂં ફળ આપશે. વળી જો ગુરૂ નબળો હોય અથવા અશુભ ગુરૂની દશા—અંતર્દશા ચાલતી હોય તો તે ગુરૂ ઉપરની તમામ બાબતોને ઓછા વત્તા અંશે પણ ખરાબ અસર કરવાનો જ. આથી ખાસ ઉપર બતાવેલી રીતે ગુરૂના શાંતિ કરવી જોઈએ, જેથી દરેક પ્રકારે સુખશાંતિમાં વધારો થાય તથા કોઈ પણ પ્રકારની ખોટી ઉપાધિઓ આવે તો પણ તેમાંથી બચી શકાય.

ગુરૂને માટે જે જે દાનની વસ્તુઓ કહેલી છે તે સઘળી વસ્તુઓ ગુરૂને પ્રસન્ન કરનારી છે. આથી માણસે ખાસ તે વસ્તુઓનો ગુરૂની પૂજા આરાધનામાં ઉપયોગ કરવો જોઈએ. વળી તે સઘળી વસ્તુઓનો માણસે પોતે પણ પોતાની શક્તિ પ્રમાણે વધારેમાં વધારે ઉપયોગ કરવો જોઈએ. આ રીતે ગુરૂની પ્રીતિ કરાવનારી સઘળી ચીજોનો વધુ ને વધુ ઉપયોગ કરવાથી ગુરૂ વધારે પ્રસન્ન થઈને માણસને અનેક પ્રકારના લાભ આપે છે તથા ધન, સંતાન, સુખ, યશ વિગેરેમાં પણ વધારો કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સફેદ હીરા શુક્રના રત્ન તરીકે માનવામાં આવે છે. લાલ તથા ભુરી છાંટવાળા હીરા પણ મળે છે. છતાં તદ્દન રંગરહિત અને કુદરતી ચળકાટ તેજવાળા પત્થર વધુ કીમતી ગણાય છે. સાચો હીરો તેના ઉપર પ્રકાશ પડતાં કુદરતી રીતે તેમાંથી અનેક રંગનાં કિરણો બહાર નીકળે છે.

હીરામાં ઘણી જાતો આવે છે. કેટલીક બનાવટી જાતો પણ છે અને કેટલીક સાચા હીરાની પણ હલકી જાતો હોય છે. હીરાની પણ બનાવટ બીજા પત્થરની જેમ જ હોય છે. હીરો એ અગ્નિકૃત ખડકનો પ્રકાર છે અને તેની ખાણોમાંથી નીકળતો કાચો પત્થર ખરબચડ હોય છે. પત્થર ઉપરનો ખરબચડ ભાગ તોડી નાંખવામાં આવે તો તેની અંદરનો ભાગ સખત અને નક્કર હોય છે.

હીરાની અંદરનો ગર્ભનો ભાગ સખત તથા કુદરતી તેજવાળો અને ચળકાટવાળો તેમજ પાસાદાર હોય છે. હીરો એ ઘણું કીમતી રત્ન છે અને તે જ પ્રમાણે આ રત્નની અસર પણ એટલી જ જોરદાર હોય છે. હીરાના પત્થરની ઉપરની જે પોપડીઓ કાઢવામાં આવે છે તે પણ ઘણી અસર ધરાવે છે પણ તે હીરા જેટલી જોરદાર અસર ધરાવતી નથી.

આફ્રીકા, હોંગકોંગ, બેલ્જીયમ તથા ભારતના કેટલાક પ્રદેશોમાં હીરા મળી આવે છે. આ સઘળી જાતના હીરામાં અત્યાર સુધીમાં બેલ્જીયમના હીરાની સરખામણીમાં ઉતરે તેવો બીજા કોઈ પ્રદેશનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હીરો નથી. બેલ્જીયમના હીરા સર્વશ્રેષ્ઠ ગણાય છે અને તે ઘણા જ કીમતી હોય છે.

ઊંચી જાતના પત્થરમાંથી પહેલ પાડીને તૈયાર કરેલા હીરાનું તેજ પણ અલૌકિક હોય છે. અંધારી રાત્રે પણ તે હીરામાંથી તેજના કિરણો ફુટતાં જણાય છે. આવો ઊંચા પ્રકારનો હીરો શુક્રનાં આધિપત્યમાં રહેલા પદાર્થો કરતાં વધુ શક્તિશાળી ગણાય છે અને શુક્રનાં સઘળાં તત્વો પુષ્કળ પ્રમાણમાં પૂરાં પાડે છે.

શુક્રના તત્વો મેળવવાની ઇચ્છાવાળાએ આવો ઉત્તમ પ્રકારનો હીરો જ ધારણ કરવો જોઈએ અને તો જ તે વ્યક્તિ વિપુલ પ્રમાણમાં શુક્રનાં તત્વો પ્રાપ્ત કરી શકે તેમાં શંકા નથી.

**શુભ ફળ આપતો શુક્ર :** જો તમારી જન્મની રાશિ અથવા નામની રાશિથી ગણતાં પહેલા સ્થાનમાં અથવા બીજા સ્થાનમાં શુક્ર આવેલો હોય તો તે શુક્ર હમેશાં શુભ ફળ આપે છે. એ જ પ્રમાણે જન્મરાશિ અથવા નામરાશિથી ગણતાં બીજા, પાંચમા, આઠમા, નવમા અથવા અગિયારમા સ્થાનમાં શુક્ર આવેલો હોય તો તે શુક્ર પણ હમેશાં શુભ ફળ આપનારો જાણવો. શુક્ર જ્યારે જ્યારે શુભ ફળ આપનારો હોય ત્યારે ત્યારે તે શુક્ર માણસને નવાં નવાં ઓળખાણો કરાવે છે તેમ જ નવા નવા સંબંધો ઊભા કરાવે છે. વળી આ શુક્ર માણસને સંતાન બાબત પણ સુખ અપાવે છે, ઉપરાંત અનેક પ્રકારે ચારે બાજુથી આ શુક્ર માણસને ધન લાભ કરાવે છે તથા માન કીર્તિ અને લક્ષ્મીમાં વધારો કરે છે.

શુક્ર ઉપર પ્રમાણેનું સારું ફળ આપનારો હોય તો પણ માણસે તેની આરાધના કરવી જોઈએ. આ પ્રમાણે આરાધના કરવાથી શુભ ફળ આપનારો શુક્ર વધારે સારું ફળ આપે છે અને તેથી માણસને અનેક લાભ થાય છે તથા તેના સુખમાં વધારો થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અશુભ ફળ આપતો શુક્ર :** કોઈપણ માણસની જન્મ રાશિથી અથવા તો નામ રાશિથી ગણતાં છઠ્ઠી રાશિમાં અથવા સાતમી રાશિમાં શુક્ર આવે તો તે શુક્ર અશુભ જાણવો. વળી જો પોતાની રાશિથી દસમી રાશિમાં શુક્ર આવે તો પણ તે અશુભ ફળ આપનારો ગણાય છે. જ્યારે જ્યારે શુક્ર અશુભ બને ત્યારે ત્યારે માણસને અશક્તિ અથવા નબળાઈના કારણે ઉત્પન્ન થતા રોગોની પીડા થાય છે. વળી આ શુક્ર ગુપ્ત સ્થાનનાં દરદો પણ ઉત્પન્ન કરે. તે ઉપરાંત પત્નીને પીડા, બાળકોને પીડા તથા ધનનો ખોટો ખર્ચ કરાવે તેવા યોગો ઉપસ્થિત થાય છે. જ્યારે જ્યારે શુક્ર નબળો બને ત્યારે તેના કારણે માણસને માથાની બીમારી મિત્રોનો વિરોધ તથા માતાને પીડા કરનાર પણ નીવડે.

ઉપર પ્રમાણે શુક્ર જ્યારે નબળો બને ત્યારે તે અનેક પ્રકારની ઉપાધિઓ લાવનાર બને છે. આને માટે ખાસ વિધિ કરવી જોઈએ અને એ રીતે નબળા શુક્રની શાંતિ કરવી જોઈએ. જો નબળા શુક્રને માટે વિધિપૂર્વક શાંતિ કરવામાં આવે તો તેની સઘળી ખરાબ અસર નાશ પામે છે તથા શુભ અસર પ્રાપ્ત થાય છે, જેથી કરીને માણસ આવનારી મુસીબતોમાંથી બચી જાય છે તથા દરેક રીતે સુખી થાય છે.

**વિધિ :** જ્યારે જ્યારે શુક્ર નબળો બને ત્યારે અથવા તો જ્યારે અશુભ ફળ આપતા શુક્રની મહાદશા કે અંતર્દશા ચાલતી હોય ત્યારે તેના માટે યોગ્ય વિધિ કરીને શાંતિ કરવી જોઈએ. શુક્રની શાંતિ માટે તેના નંગ તરીકે હીરો ગણાય છે. સાચો અને પાણીદાર ઉત્તમ જાતનો હીરો લાવવો. આ હીરાને સોનામાં મઢાવી તેની વીંટી બનાવવી તથા તે વીંટીને બ્રાહ્મણ પાસે પ્રાણપ્રતિષ્ઠા તથા જપ વિગેરે કરાવીને સિદ્ધ કરાવવી. આ પ્રમાણે વીંટી સિદ્ધ કરવા માટે શુક્રના ૬૪૦૦૦ જપ કરવા જોઈએ તથા જપ ચાલે ત્યાં સુધી હંમેશાં વિધિપૂર્વક શુક્રની વીંટીની અનેક ઉપચારોથી પૂજા કરવી જોઈએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## શુક્રના મંત્રો

**(૧) વૈદિક મંત્ર :**

ૐ અન્નાત્પરિસ્રુતો રસમ્બ્રહ્મણા વ્યપિબત્ક્ષત્રમ્પયઃ સોમમ્પ્રજાપતિઃ। ઋતેન સત્યમિન્દ્રિયં વિપાનં શુક્રમન્ધસ ઇન્દ્રસ્યેન્દ્રિયમિદમ્પયો મૃતમ્મધુ ॥

**(૨) પૌરાણિક મંત્રો :**

હ્રીં હિમકુંદમૃણાલાભં દૈત્યાનાં પરમં ગુરૂમ્ ।
સર્વશાસ્ત્રપ્રવક્તારં ભાર્ગવં પ્રણમામ્યહમ્ ॥૧॥

હ્રીં દૈત્યમંત્રી ગુરૂસ્તેષાં પ્રાણદશ્ચ મહામતિઃ ।
પ્રભુસ્તારાગ્રહાણાં ચ પીડાં હરતુ મે ભૃગો ॥૨॥

ઉપરના ત્રણ મંત્રોમાંથી ગમે તે મંત્ર લઈને તે મંત્રના ૧૬૦૦૦ જપ પૂરા કરવા. આ રીતે સિદ્ધ કરેલી વીંટી હાથ ઉપર પહેરવી જોઈએ. આવી રીતે વિધિ કરીને સિદ્ધ કરેલી વીંટી પહેરવાથી શુક્રની સઘળી ખરાબ અસર નષ્ટ થાય છે. રોગ તેમજ શત્રુ સંબંધી તમામ ઉપદ્રવોનો નાશ થાય છે અને માણસને ધન તેમજ કીર્તિ વિગેરેનો લાભ થાય છે.

**શુક્રનાં દાનની વસ્તુઓ :** રંગબેરંગી કપડાંનું દાન કરવાથી શુક્ર પ્રસન્ન થાય છે. વળી સફેદ ગાય વાછરડા સાથે દાનમાં આપવાથી પણ શુક્રને પ્રસન્ન કરી શકાય છે. સોનું, રૂપું, હીરો તથા ઉત્તમ કીમતી અલંકારો અને વસ્ત્રો પણ શુક્રને પ્રસન્ન કરનારાં ગણાય છે. શરીરે લેપન કરવાના સુગંધીદાર પદાર્થો તેમજ સફેદ પુષ્પો તથા સુખડનું દાન આપવાથી પણ શુક્રને પ્રસન્ન કરી શકાય. તે ઉપરાંત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધોળો ઘોડો તથા ઘી, તેમજ રસકસવાળા અને ચળકાટવાળા સઘળા પદાર્થો શુક્રને પ્રસન્ન કરનારા જણાયા. આ પ્રમાણેની સઘળી દાનની ચીજોમાંથી દરેક વસ્તુનું પોતાની શક્તિ પ્રમાણે દાન કરવું જોઈએ. વળી શુક્રના પુજનમાં પણ આ વસ્તુઓ અને તેટલી વધારે વાપરવી જોઈએ.

જે માણસ અહીં બતાવ્યા પ્રમાણેનો વિધિ કરે તે માણસને અશુભ શુક્રના કારણે ઉત્પન્ન થતી કોઈપણ જાતની પીડા કદીપણ થતી નથી. વળી જો અશુભ ફળ દર્શાવનારા શુક્રની દશા કે અંતર્દશા ચાલતી હોય તો પણ ઉપરનો વિધિ કરવાથી તેની સઘળી ખરાબ અસર દૂર થાય છે તથા શુભ અસર પ્રાપ્ત થાય છે. જન્મ સમયે શુક્ર નબળો હોય તો પણ આ વિધિ કરવાથી તે અશુભ ફળ આપતો નથી. આ ઉપરાંત શુક્રની પ્રસન્નતાને માટે શુક્રના સ્તોત્રનો પણ માણસે ભક્તિપૂર્વક પાઠ કરવો જોઈએ. સ્તોત્રપાઠ માટે હવે આપણે શુક્રનાં સ્તોત્રો જોઈશું.

## શુક્ર નામસ્મરણ સ્તોત્ર

શ્રી ગણેશાય નમઃ

નમસ્તે ભાર્ગવશ્રેષ્ઠ દૈત્યદાનવપૂજીત ।
વૃષ્ટિરોધ પ્રકર્ત્રે ચ વૃષ્ટિકર્ત્રે નમો નમઃ ॥
દેવયાનીપિતઃ તુભ્યં વેદ વેદાંગપારગ ।
પરેણ તપસા શુદ્ધઃ શંકરો લોકસુંદરઃ ॥
પ્રાપ્તો વિદ્યાં જીવનાખ્યાં તસ્મૈ શુક્રાત્મને નમઃ ॥
નમસ્તસ્મૈ ભગવતે ભૃગુપુત્રાય વેધસે ।
તારામંડલમધ્યસ્થ સ્વપ્રભાભાસિતાંબર ॥
યસ્યોદયે જગત્સર્વં મંગલાર્હં ભવેદિહ ।
અસ્તં યાતે હ્યરિષ્ટં સ્યાત્તસ્મૈ મંગલરૂપિણે ॥

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્ જૈન સાઈટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રિપુરાવાસિનો દૈત્યાન્ શિવબાણૈ પ્રપીડિતાન્ ।
વિદ્યયા જીવયત્ શુક્રો નમસ્તે ભૃગુનંદન ॥
યયાતિ ગુરવે તુભ્યં નમસ્તે કવિનંદન ।
બલિરાજ્ય પ્રદો જીવસ્તસ્મૈ જીવાત્મને નમઃ ॥
ભાર્ગવાય નમસ્તુભ્યં પૂર્ણગીર્વાણવંદિત ।
જીવપુત્રાય યો વિદ્યાં પ્રાદાત્તસ્મૈ નમોનમઃ ॥
નમઃ શુક્રાય કાવ્યાય ભૃગુપુત્રાય ધીમહિ ।
નમઃ કારણરૂપાય નમસ્તે કારણાત્મને ॥
સ્તવરાજમિમં પુણ્યં ભાર્ગવસ્ય મહાત્મનઃ ।
યઃ પઠેત્ શૃણુયાદ્વાપિ લભતે વાંછિતં ફલમ્ ॥
પુત્રકામો લભેત્પુત્રાન્ શ્રીકામો લભતે શ્રિયમ્ ।
રાજ્યકામો લભેદ્રાજ્યં સ્ત્રીકામઃ સ્ત્રિયમાપ્નુયાત્ ॥
ભૃગુવારે પ્રયત્નેન પઠિતવ્યં સમાહિતૈઃ ।
અન્યવારે તુ હોરાયાં પૂજયેત્ ભૃગુનંદનમ્ ॥
રોગાર્તો મુચ્યતે રોગાત્ ભયાર્તો મુચ્યતે ભયાત્ ।
યદ્યત્પ્રાર્થયતે જંતુસ્તત્તત્પ્રાપ્નોતિ નિશ્ચિતમ્ ॥
પ્રાતઃકાલે પ્રકર્તવ્યા ભૃગુપૂજા પ્રયત્નતઃ ।
સર્વપાપૈઃ પ્રમુચ્યેત સર્વસંપદવાપ્નુયાત્ ॥

ફળ :– દરરોજ સવારમાં શુક્રની પૂજા કરવી. શુક્રવારે ખાસ જ શુક્રની પૂજા કરવી તથા આ સ્તોત્રનો પાઠ કરવો. જે માણસ શુક્રના આ ઉત્તમ સ્તોત્રનો પાઠ કરે છે તે માણસના મનની સઘળી ઇચ્છાઓ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૂર્ણ થાય છે. આ સ્તોત્ર સાંભળનારને પણ ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય છે. પુત્રલક્ષ્મી અથવા રાજ્યસુખ મેળવવાની ઇચ્છા કરી હોય તો પણ માણસની તે ઇચ્છા પરિપૂર્ણ થાય છે. વળી જો કોઈને પત્ની મેળવવાની ઇચ્છા હોય તો તેને પત્ની મળે છે. રોગથી પીડાતો માણસ રોગમાંથી મુક્ત થાય છે અને ભયમાં આવી પડ્યો હોય તેનો ભય નાશ પામે છે. આમ શુક્રના સ્તોત્રનો પાઠ કરવાથી માણસ જે કાંઈ ઇચ્છા કરે તે સઘળી પૂર્ણ થાય છે અને માણસનાં સઘળાં પાપ નાશ પામે છે તથા તેને અનેક પ્રકારની સંપત્તિઓ પણ પ્રાપ્ત થાય છે.

## શુક્ર સ્તોત્ર

શ્રી ગણેશાય નમઃ ।

શુક્રઃ કાવ્યઃ શુક્રરેતાઃ શુક્લાંબરધરઃ સુધીઃ ।
હિમાભઃ કુન્દધવલઃ શુભ્રાંશુઃ શુભ્રભૂષણઃ ॥
નીતિજ્ઞો નીતિકૃન્નીતિમાર્ગગામી ગ્રહાધિપઃ ।
ઉશના વેદવેદાંગપારગઃ કવિરાત્મવિત્ ॥
ભાર્ગવઃ કરૂણાસિન્ધુર્જ્ઞાનગમ્યઃ સુતપ્રદઃ ।
શુક્રસ્યૈતાનિ નામાનિ શુક્રં સ્મૃત્વા તુ યઃ પઠેત્ ॥
આયુર્ધનં સુખં પુત્રં લક્ષ્મી પ્રાપ્નોત્યુત પ્રજાઃ ।
વિદ્યાં ચૈવ સ્વયં તસ્મૈ શુક્રસ્તુષ્ટો દદાતિ વૈ ॥

ફળ : જે માણસ આ પ્રમાણેના શુક્રના સ્તોત્રનો હંમેશાં પાઠ કરે છે તે માણસને અનેક રીતે સુખ સમૃદ્ધિની પ્રાપ્તિ થાય છે. વળી વિદ્યા, ધન, આયુષ્ય તથા લક્ષ્મીમાં વધારો થાય છે અને ઉત્તમ સ્ત્રી તથા સંતાનનું સુખ મળે છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દર શુક્રવારે શુક્રનાં આ સ્તોત્રોનો પાઠ કરવો જોઈએ. વળી આગળ બતાવેલા વિધિથી શુક્રનું આરાધન કરવું જોઈએ. આ ઉપરાંત વિધિપૂર્વક સિદ્ધ કરેલી હીરાની વીંટી પણ ધારણ કરવી જોઈએ. આ પ્રમાણે કરવાથી શુક્ર પ્રસન્ન થાય છે તથા માણસને અનેક પ્રકારે ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય છે. જો જન્મસમયે શુક્ર નબળો હોય અથવા તો ગોચરમાં અશુભ સ્થાનમાંથી પસાર થતો હોય કે પછી અશુભ શુક્રની મહાદશા અથવા અંતર્દશા ચાલતી હોય તો પણ ઉપર પ્રમાણે શુક્રનું આરાધન કરવાથી હંમેશાં શુક્ર શુભ ફળ જ આપે છે તથા તેનું સઘળું અશુભ ફળ નાશ પામે છે

**વિશેષ :** અનેક પ્રકારનાં રત્નો, વસ્ત્રો તથા કીમતી અલંકાર, આભૂષણો વિગેરે શુક્રની સત્તામાં રહેલાં છે. વળી મોજશોખની ચીજો, કળાઓ, સંગીત, વાજીંત્રો વિગેરે ઉપર પણ શુક્રનો જ પ્રભાવ ગણાય છે. સુગંધીવાળા સઘળા પદાર્થો અને પુષ્પો પણ શુક્રની સત્તામાં જ છે. વળી મોટાઈ, ધનિકપણું, મીઠી વાણી, પત્ની, લગ્ન પ્રેમસંબંધ ભોગવિલાસ, તેનાં સાધનો આ બધું જ શુક્રની મહેરબાનીમાં નિવાસ કરે છે. મોટા ઉત્સવો, આનંદ, જલસા, સુંદર છત્રપલંગો નાચગાન, પ્રેમ, પૈસો, ખજાનો, ધનભંડાર, મંત્રીપણું, સ્ત્રીઓની મૈત્રી આ વસ્તુઓ ઉપર પણ શુક્રનો જ પ્રભાવ માનવામાં આવે છે. જો તમારા માટે શુક્ર બળવાન હોય તેમજ શુભ ફળ આપનારો હોય તો તે શુક્ર તમને ઉપરની તમામ બાબતો અંગે સારું ફળ આપે છે. વળી જો શુભ ફળ દર્શાવનાર શુક્રની દશા અથવા અંતર્દશા ચાલતી હોય તો પણ તે શુક્ર ઉપરોક્ત બાબતો અંગેનું શુભ ફળ આપશે તથા તે દરેક બાબત લાભ અને સુખ મળશે. પરંતુ જો શુક્ર ગોચરમાં અશુભ સ્થાનોમાંથી પસાર થતો હશે અથવા તો શુભ ફળ આપનારા શુક્રની મહાદશા અથવા અંતર્દશા ચાલતી હોય તો તેવા સમયે શુક્ર તમને ઉપરોક્ત સઘળી બાબતો માટે અશુભ ફળ જ આપવાનો. અર્થાત ધન, કુટુંબ સુખ, વગેરે સઘળાંનો નાશ કરવાનો. વળી તમામ પ્રકારનાં

જૈન સાઈટ JAINSITE.com જ્ઞાનમુદ્દીપ્ત જહાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તમારાં સુખમાં નબળો શુક્ર અનેક વિઘ્નો ઉત્પન્ન કરનારો નીવડે. આથી ખાસ કરીને જ્યારે જ્યારે શુક્ર નિર્બળ બને ત્યારે ત્યારે માણસે અહીં બતાવેલા યોગ્ય વિધિથી શુક્રનું આરાધન કરવું જોઈએ, તેમજ સંપૂર્ણ વિધિથી સિદ્ધ કરેલી શુક્રની વીંટી પોતાના હાથ ઉપર ધારણ કરવી જોઈએ અને શુક્રનાં અહીં આપેલાં સ્તોત્રનો નિયમિત પાઠ કરવો જોઈએ.

જે માણસ આ પ્રમાણે શુક્રની આરાધના કરે છે તેને શુક્રથી ઉત્પન્ન થતી પીડાનો કદીપણ અનુભવ થતો નથી અને શુક્ર હંમેશાં તે માણસને અનેક પ્રકારે સુખ સંપત્તિ આપે છે.

આ ઉપરાંત જે જે વસ્તુઓ શુક્રના દાનને માટે કહેલી છે તો સઘળી વસ્તુઓનો શુક્રના પૂજનમાં જેટલો બને તેટલો વધુ ઉપયોગ કરવો. વળી જે સમયે શુક્ર નબળો હોય તે સમય દરમ્યાન પોતાની જાતને માટે પણ તે વસ્તુઓ બને તેટલી વધારે વાપરવી. આ પ્રમાણે કરવાથી શુક્ર ઘણો પ્રસન્ન થાય છે, કારણ કે તે સઘળી વસ્તુઓ શુક્રને અત્યંત પ્રિય છે, આથી તે વસ્તુઓના વધારે ઉપયોગથી શુક્ર વધારે પ્રસન્ન થાય છે. તથા દરેક રીતે માણસને ઉત્તમ ફળ આપનારો નીવડે છે.

જૈન साइट JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

## શનિ..............................નીલમ (નીલમણિ)

**શનિનું** રત્ન તે શ્રેષ્ઠ નીલમ અથવા નીલમણિ છે. નીલમણિનો રંગ ભૂરો હોય છે. આછા આસમાની રંગથી શરૂ કરીને ભૂરો, ઘેરો ભૂરો, કાળો ભૂરો અને તદ્દન કાળા જેવા આમ અનેક રંગોમાં નીલમણિ મળી શકે છે.

નીલમણિ પણ બીજા પત્થરોની જેમ જ પૃથ્વી ઉપર ખાણોમાંથી નીકળે છે. સીલોન અને બર્મામાં નીલમણિની ખાણો પુષ્કળ પ્રમાણમાં મળી આવે છે. સીલોન કરતાં પણ બર્મામાંથી મળી આવતા પત્થરો વધારે ઊંચી જાતના ગણાય છે.

નીલમણિ પણ અગ્નિકૃત ખડકનો જ પ્રકાર ગણાય. ખાણોમાંથી ખોદી કાઢેલા પત્થરોને તોડી તેમાંની અશુદ્ધિઓ છુટી પાડવામાં આવે છે. પત્થરનું ઉપલું પડ અશુદ્ધિઓ સાથે ભળીને એકરૂપ બની ગયેલું હોય છે. આ પડ સફેદ પડતું, આસમાની અથવા કાળાશ પડતું હોય છે. આથી આ પડમાંથી બનતાં રત્નો હલકાં ગણાય છે. ઉપરનું અશુદ્ધ પડ તોડતાં પત્થરનો અંદરનો ભાગ નીલમણિનું સાચું સ્વરૂપ દેખાડે છે.

આ શુદ્ધ નીલમણિ ભૂરા રંગનો હોય છે. તેનો રંગ મોરની ગરદન જેવો ચળકતા ભૂરા પ્રકાશવાળો હોય છે. શુદ્ધ નીલમણિ એટલે હીરાને આંખને વળગે એવું ભૂરા પ્રવાહીનું જામેલું ચોસલું. આ નીલમણિ ઘણો જ કીમતી પત્થર છે. તેમાંથી ભૂરો પ્રકાશ નીકળે છે. શનિનો રંગ પણ ભૂરો છે અને તેમાંથી ભૂરા પ્રકાશનાં કિરણો નીકળે છે. આથી જ નીલમણિને શનિનું રત્ન માનવામાં આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નીલમણિમાં શનિનાં સઘળાં તત્ત્વો છે. અને તે ધારણ કરવાથી કોઈપણ વ્યક્તિ પૂરતા પ્રમાણમાં શનિનાં તત્ત્વો પ્રાપ્ત કરી શકે છે. આથી જ નીલમણિ શનિનું રત્ન ગણાય છે. જે માણસને શનિના તત્ત્વોની ખામી જણાય તેણે આ રત્ન ધારણ કરવું જરૂરી ગણાય

**શુભ ફળ આપતો શનિ:** કોઈપણ માણસની પોતાની જન્મની રાશિ અથવા નામની રાશિથી ગણતાં શનિ ત્રીજી રાશિમાં હોય અથવા છઠ્ઠી રાશિમાં હોય તો તે હમેશાં શુભ ફળ આપનારો નીવડે છે. વળી એ જ પ્રમાણે શનિ જો અગિયારમા સ્થાનમાં હોય તો પણ તે માણસને શુભ ફળ આપનારો ગણાય છે. આમ જ્યારે જ્યારે શનિ શુભ સ્થાનોમાંથી પસાર થતો હોય ત્યારે ત્યારે તે શનિ માણસને અનેક પ્રકારે સુખ આપનારો નીવડે છે. જ્યારે શનિ શુભ ફળ આપે છે ત્યારે માણસને ધન લાભ કરાવે છે. વળી ઉત્તમ વસ્તુઓ તથા માનકીર્તિ વિગેરેનો પણ લાભ થાય છે. રાજ્યદરબારમાં માણસની ઈજ્જત આબરૂ વધે છે અને મિત્રો તરફથી પણ માણસને લાભ થાય છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

જ્યારે શનિ સારો હોય ત્યારે પણ માણસે શનિની ભક્તિ કરવી જોઈએ. એમ કરવાથી કાયમ માટે શનિ ઉત્તમ ફળ આપનારો બને છે અને જ્યારે નબળો થાય ત્યારે પણ તે શનિ માણસને વધુ પડતી ઉપાધિઓમાં મૂકતો નથી. આથી પોતાનું કલ્યાણ ઇચ્છનાર દરેક માણસે કાયમ શનિની ભક્તિ કરવી જોઈએ. જેથી કરીને પોતે હરહમેશ સુખશાંતિથી અને આનંદપૂર્વક પોતાનું જીવન વિતાવી શકે.

**અશુભ ફળ આપતો શનિ :** માણસની જન્મરાશિ અથવા નામરાશિથી ગણતાં જ્યારે જ્યારે શનિ પહેલો, બીજો, ચોથો અથવા પાંચમો થાય ત્યારે તે શનિ અશુભ ફળ આપનારો જાણવો. વળી જો શનિ સાતમો અથવા આઠમો હોય કે પછી નવમો હોય અથવા દસમો કે બારમો હોય તો પણ તે ખરાબ ફળ આપનારો જાણવો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જોઈએ. જો ઉપર પ્રમાણે શનિ નબળો હોય તો તેના કારણે માણસને ધન બાબત નુકશાનના યોગો ઊભા થાય છે. વળી આ શનિના કારણે માણસને કુટુંબમાં વિખવાદ થવાના યોગો આવે છે. વળી પોતાના ખાસ અંગત સંબંધીઓ તથા મિત્રો વિગેરેની જોડે પણ કલહ થવાનો સંભવ રહે છે. આ રીતનો નબળો શનિ માણસના માથે અનેક પ્રકારનાં સંકટો લાવે છે તથા કોઈ કોઈવાર શારીરિક પીડાનો પણ સંભવ ઊભો થાય છે. આમ શનિ જ્યારે જ્યારે નબળો હોય ત્યારે ત્યારે માણસને માથે મુશ્કેલીઓનો આભ ફાટી નીકળે છે.

**પનોતી :** માણસની જન્મની રાશિથી અથવા નામની રાશિથી ગણતાં જ્યારે જ્યારે શનિ ચોથા સ્થાનમાં આવે અથવા આઠમા સ્થાનમાં આવે ત્યારે શનિની પનોતી બેઠી એમ ગણાય. આ પનોતીને નાની પનોતી કહેવાય છે. આ પનોતીનો સમય અઢી વર્ષનો ગણાય છે. આ પનોતી માણસને જાતજાતના ભયથી હેરાન પરેશાન કરી મૂકનારી ગણાય છે. આ પનોતીથી માણસના મનમાં અનેક પ્રકારની મુંઝવણો તથા ચિંતા ઊભી થાય છે. વળી પોતાનાં અંગત માણસો, સ્નેહીઓ અથવા તો કુટુંબના માણસો સાથે પણ કલેશ થવાને સંભવ રહે છે. આ પનોતીના સમય દરમ્યાન માણસને પડવા, વાગવાનો તેમજ દાઝવાનો ભય રહે છે. તથા ચામડીના રોગો ઉત્પન્ન થાય છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

માણસની જન્મરાશિ અથવા નામરાશિથી ગણતાં જ્યારે શનિ બારમો થાય, એટલે કે શનિ જન્મની રાશિમાં અથવા નામની રાશિમાં આવે ત્યારે પણ આ પનોતી ચાલુ જ ગણાય. એ જ પ્રમાણે પોતાની રાશિથી બીજી રાશિમાં જ્યારે શનિ આવે ત્યારે પણ પનોતી ચાલુ રહે. આમ મોટી પનોતી સાડા સાત વર્ષ સુધી રહે છે. જ્યાં સુધી શનિ બારમી રાશિમાં રહે ત્યાં સુધી પનોતી માથે બેઠેલી ગણાય. પહેલી રાશિમાં શનિ હોય ત્યારે છાતીએ પનોતી છે એમ માનવું. વળી જ્યારે શનિ બીજી રાશિમાં આવે ત્યારે ઊતરતી પનોતી જાણવી જોઈએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ્યારે જ્યારે માણસને મોટી પનોતી બેસે ત્યારે ત્યારે માણસને અનેક પ્રકારના ક્લેશ કજીયા અથવા ઝઘડા તકરાર વગેરે થાય છે. અંગત માણસોને એકબીજાને તકરારનો સંભવ રહે છે. વળી આર્થિક નુકશાન થવાનો ભય રહે છે અને અનેક રીતે ખોટા માર્ગે તથા અણધારી રીતે લક્ષ્મીનો નાશ થાય છે. બાળકોને તેમજ પત્નીને પણ પીડા કરનારા યોગો ઊભા થાય છે. પોતાના શરીર માટે પણ આ સમય ખરાબ જ ગણાય. આ સમય દરમ્યાન બીનજરૂરી નાસાનાસ, કામ વગરની મુસાફરી તથા એવા અનેક પ્રકારના વિઘ્નો અને ધનવ્યયના પ્રસંગો પણ આ પનોતીના સમયમાં વારંવાર ઊભા થાય છે. આમ મોટી પનોતી માણસને દરેક પ્રકારે મુસ્કેલીઓ કરનારી ગણાય છે.

શનિની પનોતી જેમ ખરાબ ફળ આપે છે તેમજ તે સારૂં ફળ પણ આપે છે. હવે આ પનોતી ક્યારે ખરાબ ફળ આપશે તથા ક્યારે સારૂં ફળ આપશે તે આપણે જાણવું જોઈએ. પનોતીનું સારૂં નરસું ફળ જાણવા માટે આપણે શનિની પનોતીનો પાયો કેવો છે તે જાણવું જોઈએ. શનિની પનોતીના ચાર પાયા ગણાય. ૧. સોનાનો. ૨. રૂપાનો. ૩ ત્રાંબાનો. ૪. લોખંડનો. પનોતીનો કયો પાયો છે તે જાણવા માટેની રીત સહુથી સહેલી છે. જે દિવસે શનિ રાશિ બદલે તે દિવસે ચંદ્ર કઈ રાશિમાં છે તે જોવું જોઈએ. હવે જો તે સમયની ચંદ્રની રાશિ તમારી રાશિથી ગણતાં પહેલી, છઠ્ઠી અથવા અગિયારમી થાય તો તમને સોનાના પાયે પનોતી બેઠી છે એમ જાણવું. જો તે દિવસનો ચંદ્ર તમારી રાશિથી બીજી, પાંચમી અથવા નવમી રાશિમાં હોય તો રૂપાના પાયે પનોતી બેઠેલી જાણવી. ત્રાંબાને પાયે પનોતી બેસતી હોય તો તે દિવસે તમારી રાશિથી ત્રીજી, સાતમી અથવા દસમી રાશિમાં જ ચંદ્ર હોય, જો તમારી રાશિથી ગણતાં ચોથી, આઠમી અથવા બારમી રાશિમાં ચંદ્ર હોય તો લોઢાને પાયે પનોતી બેઠેલી જાણવી જોઈએ.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પાયાનું ફળ :** જો પનોતીનો પાયો સોનાનો હોય તો તે પનોતી હમેશાં માણસને ખરાબ ફળ આપનારી જાણવી. આ પનોતી માણસને માથે અનેક પ્રકારનાં સંકટો લાવે છે. પોતાના કુટુંબીઓની સાથે આ પનોતીને લીધે માણસને વિખવાદ તથા ક્લેશ થાય છે. દરેક રીતે ધનનો વ્યય તથા આર્થિક મુશ્કેલીઓ આવે છે. વળી કોઈ ને કોઈ પ્રકારે ઝઘડા તથા વિરોધો ઊભા થાય તેમજ અનેક પ્રકારના રોગોની પીડા ઉત્પન્ન થાય છે. આમ જો પનોતીનો પાયો સોનાનો હોય તો માણસની મુશ્કેલીઓનો પાર નથી હોતો.

જો માણસને બેસતી પનોતીનો પાયો રૂપાનો હોય તો તે પનોતી હમેશાં શુભ ફળ આપનારી ગણાય છે. રૂપાના પાયાની પનોતી માણસના ધન કીર્તિમાં વધારો કરે છે. રાજ્ય તરફથી અનેક પ્રકારે લાભ અપાવે છે. રાજદ્વારી ક્ષેત્રમાં માણસ આગળ વધી શકે તથા પ્રધાનપદ પણ પ્રાપ્ત કરી શકે. અનેક પ્રકારે ધનનો લાભ થાય તથા સંપત્તિમાં પણ ઘણો વધારો થાય છે. આ સમય દરમ્યાન માણસના હાથે અનેક નાનાં મોટાં સારાં કાર્યો, ધાર્મિક તથા માંગલિક પ્રસંગો થાય છે. આમ રૂપાનો પાયો હોય તો તે પાયો દરેક પ્રકારે માણસને સુખ લાભ તેમજ યશ આપનારો અને સંપત્તિ વધારનારો ગણાય છે.

જો કોઈ માણસને તાંબાના પાયે પનોતી બેસે તો તે માણસને પણ પનોતી સારું ફળ આપે છે. આ પનોતી પણ રૂપાના પાયાની જેમ માણસને અનેક પ્રકારે સુખ આપનારી જાણવી. આ પનોતીના સમયમાં માણસને સુખશાંતિમાં વધારો થાય તેમજ દરેક પ્રકારે ધનનો લાભ થાય અને માન આબરૂમાં વધારો થાય છે. પત્ની તથા બાળકો તરફથી પણ આ પનોતીમાં માણસને સંપૂર્ણ સુખ મળવાના યોગો આવે છે. આ સમય દરમ્યાન માણસનાં ધારેલાં સઘળાં કાર્યો પણ પૂર્ણ થાય છે અને ચારે તરફથી લાભ થાય છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જો પનોતીનો પાયો લોખંડનો હોય તો તે પનોતી માણસને અનેક પ્રકારની મુશ્કેલીઓમાં ઉતારનારી જાણવી. આ પનોતી દરમ્યાન માણસને પોતાને અનેક પ્રકારની પીડા તથા રોગના ઉપદ્રવો થાય છે, લોહી વિકારના રોગોના ભોગ બનવું પડે છે. વળી પત્ની તથા બાળકોને પણ આ પનોતી પીડા કરનારી જ ગણાય છે. આ સમયમાં અનેક પ્રકારે કલેશ થાય. ઢોરઢાંખરનો નાશ થાય. રાજ્ય તરફથી ઉપાધિઓ આવે તથા આગ, ચોરી, વિગેરેના કારણે પણ ભયંકર નુકશાન થાય. વ્યાપાર રોજગારમાં પણ આ પનોતી નુકશાન કરે તથા ધનનો નાશ થાય તેવા યોગો છે.

ઉપર બતાવ્યા પ્રમાણે પનોતીનો પાયો રૂપાનો અથવા તાંબાનો હોય તો તે શુભ ફળ આપે છે. છતાં પણ પનોતીના સમયમાં જો શનિનું આરાધન કરવામાં આવે તો શનિ પ્રસન્ન થઈ વધારે સારું ફળ આપે છે. વળી જો પનોતીનો પાયો સોનાનો અથવા લોખંડનો હોય તો તે હંમેશા અશુભ ફળ આપનારો ગણાય. જો પનોતી અશુભ ફળ આપનારી હોય તો ખાસ જ શનિનું આરાધન કરવું જોઈએ. અહીં બતાવેલી યોગ્ય વિધિથી શનિનું આરાધન કરવામાં આવે તથા શનિની વીંટી ધારણ કરવામાં આવે તો શનિનું અશુભ ફળ નાશ પામે છે તેમ જ શુભ ફળ પ્રાપ્ત થાય છે. આથી પોતાનું કલ્યાણ ઇચ્છનાર દરેક વ્યક્તિએ શનિનું યોગ્ય વિધિથી આરાધન કરવું ખાસ જરૂરી ગણાય.

**વિધિ :** જ્યારે જ્યારે શનિ નબળો બને અથવા અશુભ ફળ આપતા શનિની મહાદશા અથવા અંતર્દશા ચાલતી હોય તો તેવા સમયે તેના માટે યોગ્ય વિધિ કરીને તેની શાંતિ કરવી જોઈએ. શનિના માટે નંગ તરીકે નીલમની પસંદગી કરવામાં આવે છે. સાચું અને તેજસ્વી નીલમનું નંગ પંચધાતુમાં અથવા ત્રીલોહમાં મઢાવવું જોઈએ. તેની વીંટી બનાવીને ઉત્તમ બ્રાહ્મણ પાસે તે વીંટીમાં શનિની પ્રાણ પ્રતિષ્ઠા કરાવવી જોઈએ તથા તે વીંટી ઉપર શનિના જપ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરાવી તેને સિદ્ધ બનાવવી જોઈએ. આ સિદ્ધ કરેલી વીંટી માણસ ધારણ કરે તો તે હમેશાં શુભ ફળ આપશે. આ વીંટી સિદ્ધ કરવા માટે હમેશાં શનિના ૯૨૦૦૦ (બાણું હજાર) જપ કરવાનું શાસ્ત્રનું વચન છે.

## શનિના મંત્રો

**(૧) વૈદિક મંત્ર :**

ૐ શન્નો દેવીરભિષ્ટય આપો ભવન્તુ પીતયે ।
શંય્યો રભિસ્રવંતુ નઃ ॥

**(૨) પૌરાણિક મંત્ર :**

હ્રીં નીલાંજન સમાભાસં રવિપુત્રં યમાગ્રજમ્ ।
છાયામાર્તંડસંભૂતં તં નમામિ શનૈશ્ચરમ્ ॥ ૧ ॥
હ્રીં સૂર્યપુત્રો દીર્ઘદેહો વિશાલાક્ષઃ શિવપ્રિયઃ ।
મંદચારઃ પ્રસન્નાત્મા પીડાં હરતુ મે શનિઃ ॥ ૨ ॥

ઉપર આપેલા ત્રણ મંત્રોથી ગમે તે મંત્ર લઈને તે મંત્રના ૯૨૦૦૦ (બાણું હજાર) જપ પૂરા કરવા જોઈએ. આ પ્રમાણે જપ કરીને સિદ્ધ કરેલી શનિના નંગની વીંટી માણસે પોતાના હાથ ઉપર ધારણ કરવી જોઈએ. આ પ્રકારે વીંટી ધારણ કરવાથી માણસને મળતી શનિની સઘળી ખરાબ અસર નાશ પામે છે અને માણસને શુભ ફળની પ્રાપ્તિ થાય છે. રોગ શત્રુ વિગેરેના તમામ ઉપદ્રવો દૂર થાય છે અને લક્ષ્મી તથા કીર્તિનો લાભ થાય છે.

**શનિના દાનની ચીજો :** જ્યારે માણસને માટે શનિ અશુભ ફળ ઉત્પન્ન કરતો હોય ત્યારે તેને પ્રસન્ન કરવા માટે માણસ અનેક પ્રકારનો વિધિ કરે છે. શનિની પ્રસન્નતા મેળવવા શાસ્ત્રમાં દાન આપવાનો વિધિ કહેલો છે. નીચેની વસ્તુઓનું દાન કરવાથી શનિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘણો પ્રસન્ન થાય છે. મોટે ભાગે તમામ કાળી વસ્તુઓ દાનમાં અપાય છે; જેમકે અડદ, કાળો મણિ તથા કાળાં કપડાં, આ ઉપરાંત ઊનનાં ગરમ વસ્ત્રો, ધાબળા તેમજ કામળા કે શાલનું દાન આપવાથી પણ શનિ પ્રસન્ન થાય છે. શનિની પ્રસન્નતા માટે શાસ્ત્રમાં ભેંસનું દાન તેમજ લોખંડનું દાન પણ ઉત્તમ ગણેલા છે. આ સઘળી વસ્તુઓ શનિને પ્રસન્ન કરનારી હોવાથી તે વસ્તુઓ દાનમાં આપવાથી શનિ પ્રસન્ન થાય છે તથા તેનું સઘળું અશુભ ફળ નાશ પામે છે અને શુભફળની પ્રાપ્તિ થાય છે. શનિના દાનને માટે કહેલી આ સઘળી વસ્તુઓ શનિના પૂજનમાં પણ વાપરવી જોઈએ. એમ કરવાથી શનિની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે.

આમ અહીં બતાવ્યા પ્રમાણેનો આ વિધિ જે કોઈ માણસ કરે છે તેના ઉપર શનિ પ્રસન્ન થાય છે. અને તેથી શનિના અશુભ ફળનો નાશ થઈ માણસને શુભ ફળ પ્રાપ્ત થાય છે. અશુભ સ્થાનમાં રહેલો શનિ અથવા શનિની નાની કે મોટી પનોતી કે પછી નબળા શનિની દશા કે અંતર્દશા જે ખરાબ ફળ ઉત્પન્ન કરે છે તે સઘળું અહીં બતાવ્યા પ્રમાણેનો વિધિ કરવાથી નાશ પામે છે તથા શનિ હંમેશાં માણસને શુભ ફળ આપે છે. શનિને પ્રસન્ન કરવા માટે કેટલાક શંકરની આરાધના કરવાનું પણ સૂચવે છે. જો શંકરની આરાધના કરવી હોય તો તેને માટે ચંદ્રની આરાધનામાં જ વિધિ બતાવેલો છે. આ શનિને પ્રસન્ન કરવા માટેનાં કેટલાંક સ્તોત્રો અહીં આપ્યાં છે. આ સ્તોત્રોનો પાઠ કરવાથી શનિ પ્રસન્ન થાય છે. ખાસ કરીને માણસે શનિવારના દિવસે સંપૂર્ણ ભક્તિ અને શ્રદ્ધા રાખીને પ્રેમથી આ સ્તોત્રોનો પાઠ કરવો જોઈએ.

## દશરથે કરેલું શનિ સ્તોત્ર

હ્રીં નમઃ કૃષ્ણાય નીલાય શિતિકંઠ નિભાય ચ ।
નમઃ પુરુષગાત્રાય સ્થૂલરોમાશ્રિતાય ચ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નમો નીલમણિગ્રીવ નીલોત્પલ નિભાય ચ ।
નમો નિત્યક્ષુધાર્તાય હ્યતૃપ્તાય નમો નમઃ ॥

નમઃ કાલાગ્નિરૂપાય કૃતાંતાય નમો નમઃ ।
નમો ઘોરાય રૌદ્રાય ભીષણાય કરાલિને ॥

નમસ્તે સર્વ ભક્ષાય શનૈશ્ચર નમોસ્તુતે ।
સૂર્ય પુત્ર નમસ્તેસ્તુ કાશ્યપાય નમો નમઃ ॥

નમો મંદગતે તુભ્યં કૃષ્ણવર્ણ નમોસ્તુતે
તપસા દગ્ધદેહાય નિત્યં યોગરતાય ચ ॥

જ્ઞાનચક્ષો નમસ્તેસ્તુ કશ્યપાત્મજસૂનવે ।
તુષ્ટોદદાતિ રાજ્યં યઃ રૂષ્ટો હરતિ તત્ક્ષણાત્ ॥

દેવાસુરમનુષ્યાશ્ચ પશુપક્ષીસરીસૃપાઃ ।
ત્વયા વિલોકિતાઃ સર્વે દૈન્યમાશુ વ્રજંતિતે ॥

શક્રાદયઃ સુરાશ્ચૈવ મુનયઃ સપ્તતારકાઃ ।
સ્થાનભ્રષ્ટા ભવંત્યેતે તવ દૃષ્ટિ વિલોકિતાઃ ॥

દેશાશ્ચ નગરગ્રામા દ્વીપાશ્ચૈવ દ્રુમાસ્તથા ।
ત્વયા વિલોકિતાસ્તે ચ વિનાશંયાન્તિ મૂલતઃ ॥

પ્રસાદં કુરૂ મે સૌરે વરાર્થં ત્વામુપાગતઃ ।
એવમુક્તસ્તદા સૌરિર્ગ્રહરાજો મહાબલઃ ॥

અબ્રવીચ્ચ શનિર્વાક્યં હૃષ્ટરોમા સ ભાસ્કરિઃ ।
તુષ્ટોહં તવ રાજેન્દ્રસ્તવરાજેન સુવ્રત ।

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

ફળ : જે માણસો આ શનિના સ્તોત્રનો પાઠ કરે છે તેને શનિ કદાપી પીડા કરતો નથી. આ સ્તોત્રના પાઠથી પોતાને આધિન રહેલા કોઈપણ માણસને શનિની પીડા નડતી નથી. તેમજ માણુસ દરેક પ્રકારે સુખસંપત્તિ પ્રાપ્ત કરે છે. વળી તેને રાજ્યમાં મોટો હોદ્દો મળે છે તથા અનેક પ્રકારે માનકીર્તિમાં પણ વધારો થાય છે અને સઘળાં સુખો પ્રાપ્ત થાય છે.

## શંકરે પાર્વતીને કહેલી શનિસ્તુતિ

કોણુાંતકો રૌદ્ર યમો થ બભ્રુઃ
કૃષ્ણઃ શનિઃ પિંગલમંદ શૌરિઃ ।
નિત્યં સ્મૃતો યો હરતે ચ પીડાં
તસ્મૈ નમઃ શ્રી રવિનંદનાય ॥

ફળ : શંકરે પાર્વતીને કહેલું કે શનિનાં આ દસ નામોનો જે કોઈ માણસ પાઠ કરે તથા સવારમાં આ શનિનાં દસ નામોનું સ્મરણ કરે તો તે માણસને કદી પણ શનિ તરફથી પીડા થતી નથી. તથા માણસનાં સઘળાં દુઃખોનો નાશ થાય છે અને માણસને મનવાંછિત ફળની પ્રાપ્તિ થાય છે.

## યુધિષ્ઠીરે કરેલું સ્તોત્ર

શ્રી ગણેશાય નમઃ ।
નારદ ઉવાચ ॥
ધ્યાત્વા ગણપતિં રાજા ધર્મરાજો યુધિષ્ઠિરઃ ।
ધીરઃ શનૈશ્ચરસ્યેદં ચકારસ્તવ મુત્તમમ્ ॥
શિરો મે ભાસ્કરિઃ પાતુ ભાલં છાયાસુતોવતુ ।
કોટરાક્ષો દશૌ પાતુ શિખિકંઠનિભઃ શ્રુતી ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘ્રાણં મે ભીષણઃ પાતુ મુખં કલિમુખોઽવતુ ।
સ્કન્ધૌ સંવર્તકઃ પાતુ ભુજૌ મે ભયદોઽવતુ ॥

સૌરિર્મે હૃદયં પાતુ નાભિં શનૈશ્ચરોઽવતુ ।
ગ્રહરાજ કટિં પાતુ સર્વતો રવિનન્દનઃ ॥

પાદૌ મંદગતિઃ પાતુ કૃષ્ણઃ પાત્વખિલં વપુઃ ।
રક્ષામેતાં પઠેન્નિત્યં સૌરેર્નામ બલૈર્યુતામ્ ॥

સુખી પુત્રી ચિરાયુશ્ચ સ ભવેન્નાત્ર સંશયઃ ।
શૌરિઃ શનૈશ્ચરઃ કૃષ્ણો નીલોત્પલનિભઃ શનિઃ ॥

શુષ્કોદરો વિશાલાક્ષો દુર્નિરીક્ષ્યો વિભીષણઃ ।
શિખિકંઠ નિભો નીલચ્છાયા હૃદયનંદનઃ ॥

કાલદૃષ્ટિઃ કોટરાક્ષઃ સ્થૂલરોમાવલીમુખઃ ।
દીર્ઘો નિર્માંસગાત્રસ્તુ શુષ્કો ઘોરો ભયાનક ॥

નીલાંશુઃ ક્રોધનો રૌદ્રો દીર્ઘશ્મશ્રુર્જટાધરઃ ।
મન્દો મન્દગતિઃ ખંજો તૃપ્તઃ સંવર્તકો યમઃ ॥

ગ્રહરાજઃ કરાલશ્ચ સૂર્યપુત્રો રવિઃ શશી ।
કુજો બુધો ગુરુઃ કાવ્યો ભાનુજઃ સિંહિકાસુતઃ ॥

કેતુર્દેવ પતિર્બાહુઃ કૃતાંતો નૈર્ઋતસ્તથા ।
શશી મરુત્કુબેરશ્ચ ઈશાનઃ સુર આત્મભૂઃ ॥

વિષ્ણુર્હરો ગણપતિઃ કુમારઃ કામ ઈશ્વરઃ ।
કર્તા હર્તા પાલયિતા રાજ્યસ્ય રાજ્યદાયકઃ ॥

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છાયાસુતઃ શ્યામલાંગો ધનહર્તા ધનપ્રદઃ ।
ક્રૂરકર્મ વિધાતા ચ સર્વકર્માવરોધકઃ ॥
તુષ્ટો રૂષ્ટઃ કામરૂપઃ કામદો રવિનન્દનઃ ।
ગ્રહપીડાહરઃ શાન્તો નક્ષત્રેશો ગ્રહેશ્વરઃ ॥
સ્થિરાસનઃ સ્થિરગતિ ર્મહાકાયો મહાબલઃ ।
મહાપ્રભો મહાકાલઃ કાલાત્મા કાલકાલકઃ ॥
આદિત્યભયદાતા ચ મૃત્યુરાદિત્ય નન્દનઃ ।
શતભિક્રૂક્ષદયિતા ત્રયોદશીતિથિપ્રિયઃ ॥
તિથ્યાત્મા તિથિગણકઃ નક્ષત્રગણનાયકઃ ।
યોગ રાશિ મુહૂર્તાત્મા કર્તા દિનપતિઃ પ્રભુઃ ॥
શમી પુષ્પપ્રિયઃ શ્યામસ્ત્રૈલોક્ય ભાવદાયકઃ ।
નીલવાસાઃ ક્રિયા સિન્ધુ નીલાંજનસમાચ્છવિઃ ॥
સર્વરોગ હરો દેવઃ સિદ્ધોદેવગણસ્તુતઃ ।
અષ્ટોત્તર શતં નામ્નાં શૌરેશ્છાયાસુતસ્ય ચ ॥
પઠેન્નિત્યં તસ્ય પીડા સમસ્તા નશ્યતિધ્રુવમ્ ।
કૃત્વાપૂજા પઠેન્મર્ત્યો ભકિતમાન્યઃ સ્તવં સદા ॥
વિશેષતઃ શનિદિને પીડા તસ્ય વિનશ્યતિ ।
જન્મલગ્ને સ્થિતિર્વાપિ ગોચરે ક્રૂરરાશિગે ॥
દશાસુ ચ ગતે શૌરૌ તદા સ્તવમિદં પઠેત્ ।
પૂજયે દ્યઃ શનિં ભક્ત્યા શમીપુષ્પાક્ષતાંબરૈઃ ।
વિધાય લોહપ્રતિમાં નરો દુઃખાદ્વિમુચ્યતે ।
બાધાયાન્ય ગ્રહાણાંચ યઃ પઠેત્તસ્યનશ્યતિ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભીતો ભયાદ્વિમુચ્યેત બદ્ધો મુચ્યેત બંધનાત્ ।
રોગી રોગાદ્વિમુચ્યેત નરઃ સ્તવમિદં પઠેત્ ॥
પુત્રવાન્ ધનવાન્ શ્રીમાન્ જાયતે નાત્ર સંશયઃ ।
નારદ ઉવાચ

સ્તવં નિશમ્ય પાર્થસ્ય પ્રત્યક્ષોભૂચ્છનૈશ્ચરઃ ।
દત્વા રાજ્ઞે વરઃ કામં શનિશ્ચાંતર્દધે તદા ॥

ફળ : જે કોઈ માણસ યુધિષ્ઠિરે કરેલા આ શનૈશ્ચર સ્તોત્રનો પાઠ કરે છે તેનાં સઘળાં દુઃખ દૂર થાય છે. ખરાબ સ્થાનમાં રહેલો શનિ અથવા નબળા શનિની દશા કે અંતર્દશા આ સ્તોત્રના પાઠથી જરાપણ પીડા કરતાં નથી. જે માણસ ભક્તિપૂર્વક શનિની પૂજા કરે છે તથા આ સ્તોત્રનો પાઠ કરે છે તેને કોઈપણ ગ્રહથી જરાપણ પીડા થતી નથી. આ સ્તોત્રનો પાઠ કરવાથી, ઉત્પન્ન થયેલો ભય દૂર થાય છે. વળી બંધનમાં પડેલો માણસ બંધનથી મુક્ત થાય છે. રોગી માણસનો રોગ મટી જાય છે તથા માણસ ધન પુત્ર તથા સુખ પ્રાપ્ત કરે છે.

JAINSITE

## દશરથે કરેલું બીજું સ્તોત્ર

શ્રી ગણેશાય નમઃ ।
શ્રી દશરથ ઉવાચ :
કોણાન્તકો રૌદ્રયમોથ બભ્રુઃ
કૃષ્ણઃ શનિઃ પિંગલ મંદ સૌરિઃ ।
નિત્યંસ્મૃતો યો હરતે ચ પીડાં
તસ્મૈ નમઃ શ્રીરવિનન્દનાય ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુરાસુરાઃ કિંપુરૂષોરગેન્દ્રાઃ
ગંધર્વ વિદ્યાધર પન્નગાશ્ચ ।
પીડયન્તિ સર્વે વિષમસ્થિતેન
તસ્મૈ નમઃ શ્રીરવિનન્દનાય ॥

નરા નરેન્દ્રા પશવો મૃગેન્દ્રાઃ
વન્યાશ્ચ યે કીટપતંગ ભૃંગાઃ ।
પીડયન્તિ સર્વે વિષમસ્થિતેન
તસ્મૈ નમઃ શ્રીરવિનન્દનાય ॥

દેશાશ્ચ દુર્ગાણિ વનાનિ યત્ર
સેના નિવેશાઃ પુરપત્તનાનિ ।
પીડયન્તિ સર્વે વિષમસ્થિતેન
તસ્મૈ નમઃ શ્રીરવિનન્દનાય ॥

તિલૈર્યવૈર્માષ ગુડાન્નદાનૈં
લોહેન નીલાંબરદાનતો વા ।
પ્રીણાતિ મન્ત્રૈર્નિજવાસરે ચ
તસ્મૈ નમઃ શ્રી રવિનન્દનાય ॥

પ્રયાગકૂલે યમુનાતટે ચ
સરસ્વતીપુણ્યજલે ગુહાયામ્ ।
યો યોગિનાં ધ્યાનગતોપિ સૂક્ષ્મ
સ્તસ્મૈ નમઃ શ્રી રવિનન્દનાય ॥

અન્ય પ્રદેશાત્સ્વગૃહં પ્રવિષ્ટ
સ્તદીયવારે સ નરઃ સુખી સ્યાત્ ।

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગૃહાત્ગતો યો ન પુનઃ પ્રયાતિ
તસ્મૈ નમઃ શ્રીરવિનન્દનાય ॥

સ્રષ્ટા સ્વયંભુર્ભુવન ત્રયસ્ય
ત્રાતા હરીશો હરતે ચ પીડાં ।
એક સ્રિધા ઋગ્યજુઃ સામમૂર્તિ
સ્તસ્મૈ નમઃ શ્રીરવિનન્દનાય ॥

શન્યષ્ટકં યઃ પ્રયતઃ પ્રભાતે
નિત્યં સુપુત્રૈઃ પશુબાંધવૈશ્ચ ।
પઠેત્તુસૌખ્યં ભુવિ ભોગયુક્તઃ
પ્રાપ્નોતિ નિર્વાણપદં તદન્તે ॥

કોણસ્થઃ પિંગલો બભ્રુઃ કૃષ્ણઃ રૌદ્રોન્તકો યમઃ ।
શૌરિઃ શનૈશ્ચરો મંદઃ પિપ્પલાદેન સંસ્તુતઃ ॥
એતાનિ દશ નામાનિ પ્રાતરૂત્થાય યઃ પઠેત્ ।
શનૈશ્ચર કૃતા પીડા ન કદાચિત્ ભવિષ્યતિ ॥

**ફળ :** શનિના આ સ્તોત્રનો પાઠ જે માણસ કરે છે તેને શનિ કદાપિ પીડા કરતો નથી. વળી શનિના આ સ્તોત્રના પાઠથી માણસને પૃથ્વી ઉપર અનેક પ્રકારનાં સુખ પ્રાપ્ત થાય છે. અને મરણ પછી પણ તે માણસની ઉત્તમ ગતિ થાય છે. આ સ્તોત્રના પાઠથી શનિની દશા મહાદશા કે પનોતીની જરાંપણ માઠી અસર થતી નથી. શનિ ખરાબ સ્થાનમાં આવેલો હોય અથવા જન્મ સમયે શનિ નબળો હોય તો પણ આ સ્તોત્રનો પાઠ કરવાથી તેનું અશુભ ફળ નાશ પામે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દર શનિવારે ખાસ કરીને અહીં આપેલા શનિનાં સ્તોત્રોનો પાઠ કરવો જોઈએ. તે ઉપરાંત આગળ બતાવેલા વિધિ પ્રમાણે શનિનું આરાધન કરવું જોઈએ તથા વિધિપૂર્વક શનિની સિદ્ધ કરેલી વીંટી ધારણ કરવી જોઈએ. આ પ્રમાણે શનિને પ્રસન્ન કરવા માટે જે માણસ યોગ્ય વિધિ કરે છે તેના ઉપર હંમેશા શનિ પ્રસન્ન થાય છે તથા શનિની સઘળી માઠી અસરનો નાશ થાય છે અને શુભ ફળની માણસને પ્રાપ્તિ થાય છે.

**વિશેષ :** માણસના આયુષ્ય તથા મરણની બાબતોનો વિચાર શનિ ઉપરથી કરવામાં આવે છે. આ ઉપરાંત ભય, દુઃખ અને દુશ્મનપણું પણ શનિ ઉપર જ આધાર રાખે છે. હલકા માણસોનું આધિપત્ય સ્વીકારવું તે પણ શનિના કારણે જ બને છે. વધારે પડતી ઊંઘ, ગુલામી, મજુરી તથા ગરીબાઈ પણ શનિના ઉપર જ અવલંબેલી હોય છે. પાપી માણસોને લગતાં કામ, અપવિત્ર બાબતો, અપમાનજનક કામ, બીમારી તેમજ મહેનતનાં કામોનો આધાર પણ શનિ ઉપર છે. ખેતીનું કામકાજ તથા તેનાં સાધનો તેમજ લોખંડની વસ્તુઓ અને યંત્રો શનિની અસર નીચે ગણાય છે. આ ઉપરાંત ભેંસ, પાડા, કાળી વસ્તુઓ, બરછટ ચીજો વિગેરે પણ શનિના આધિપત્યમાં જ રહેલાં છે. જો માણસની જન્મકુંડળીમાં શનિ શુભ ફળ આપતો હોય અથવા શનિની શુભ દશા ચાલતી હોય કે પછી ગોચરમાં શનિ શુભ ફળ બતાવનારો હોય તો આ તમામ બાબતો માટે સારું જ ફળ મળે છે. જો ગોચરમાં શનિ નબળો હોય અથવા જન્મ સમયે અશુભ ફળ બતાવનારો હોય કે પછી નિર્બળ શનિની દશા કે અંતર્દશા ચાલતી હોય તો તે શનિ ઉપરોક્ત તમામ બાબતો માટે અશુભ ફળ દર્શાવનારો ગણી શકાય. અને તેથી માણસને ઉપરની સઘળી બાબતોમાં ઉપાધિ આવે. તે ઉપરાંત અનેક પ્રકારે દુખ ભોગવવાનો સમય આવે. શનિને માટે અહીં બતાવ્યા પ્રમાણે આરાધના કરવી



જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખાસ જરૂરી ગણાય. અને તેમ કરવાથી માણસને તમામ રીતે સુખ શાંતિની પ્રાપ્તિ થાય તથા ઉપાધિઓ પણ દૂર થાય.

જે માણસ આ રીતે શનિની શાંતિ કરે છે તે માણસને કદી પણ નબળા શનિની પીડા થતી નથી. વળી કાયમ શનિનું આરાધન કરનાર માણસને કોઈપણ ગ્રહની પડા થતી નથી. માટે દરેક માણસે હંમેશાં પ્રેમપૂર્વક શનિનું આરાધન કરવું જોઈએ.

શનિના આ પ્રમાણેના આરાધન ઉપરાંત શનિના દાનને માટે જે જે વસ્તુઓ કહેલી છે તે સઘળી વસ્તુઓનો પણ માણસે બને તેટલો વધુ ઉપયોગ કરવો જોઈએ. આ ઉપરાંત શનિની આરાધના તથા પૂજનમાં પણ તે વસ્તુઓનો બને તેટલો વધારે ઉપયોગ કરવો જોઈએ. એમ કરવાથી શનિ વધારે પ્રસન્ન થાય છે. કારણ કે શનિને આ સઘળી વસ્તુઓ ઘણી પ્રિય છે.

★

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## રાહુ..................................................ગોમેદ

રાહુના માટે ગોમેદક ગણવામાં આવે છે. આ પત્થર બહુ કિમતી નથી છતાં તેની અસરોના કારણે જ તેને રત્નોમાં ગણવામાં આવે છે.

ગોમેદકનો પત્થર ખાસ ભારતમાં જ મળી આવે છે. આ પત્થર આછા ધુપેલ જેવા રંગનો, ચળકાટવાળો અંધારામાં જોતાં કથ્થઈ રંગનો જણાય છે અને આછા અજવાળામાં તે આછા લાલ રંગનો તથા પ્રકાશ સામે ધરતાં ધુપેલીયા રંગનો જોવામાં આવે છે.

રાહુના સઘળાં શુભ તત્વો ધરાવતો આ પત્થર ધારણ કરવાથી માણસને રાહુના તત્વો પૂરતાં પ્રમાણમાં મળી રહે છે. આથી જ આ પત્થરની ગણતરી રત્નોમાં કરવામાં આવે છે.

રાહુની ખરાબ અસરથી હેરાન થતા માણસોએ આ પત્થર ધારણ કરવો તે ખાસ જરૂરી છે.

**શુભ ફળ આપતો રાહુ :** કોઈપણ માણસની પોતાની જન્મરાશિથી કે નામની રાશિથી ગણતાં જો રાહુ પહેલા સ્થાનમાં અથવા તો ત્રીજા સ્થાનમાં આવતો હોય તો તે રાહુ માણસને હંમેશાં સારૂં ફળ આપે છે. વળી જો આ રીતે ગણતાં છઠ્ઠી અથવા નવમી રાશિમાં રાહુ આવે કે પછી દસમી રાશિમાં આવે તો પણ તે રાહુ શુભ ફળ આપનારો ગણાય. એ જ પ્રમાણે અગિયારમી રાશિમાં રહેલો રાહુ પણ માણસને હંમેશાં સારૂં જ ફળ આપે છે એમ માનવું. ઉપર પ્રમાણે જો રાહુ શુભ ફળ આપનારો હોય તો રાહુ માણસને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુષ્કળ પ્રમાણમાં ધનનો લાભ કરાવે છે. આ રાહુ માણસને પત્નીનું સુખ પણ આપે છે. વળી આ પ્રકારે શુભ ફળ આપતો રાહુ માણસને દરેક પ્રકારનું સુખ આપે છે. તે ઉપરાંત માણસ સંતાનનું સુખ પણ પામે છે.

ઉપર પ્રમાણે રાહુ જ્યારે સારૂં ફળ આપનારો હોય ત્યારે પણ જો તે રાહુની આરાધના કરવામાં આવે તો તેનાથી રાહુ વધારે પ્રસન્ન થાય છે. અને વધારે સારૂં ફળ આપે છે. રાહુની આરાધનાથી માણસને અનેક પ્રકારે ફાયદો પણ થાય છે અને સુખશાંતિમાં વધારે થાય છે.

**અશુભ ફળ આપતો રાહુ :** જો માણસની પોતાની નામરાશિથી અથવા જન્મરાશિથી ગણતાં બીજા અથવા ચોથા સ્થાનમાં રાહુ આવતો હોય તો તે ખરાબ ફળ આપનારો જાણવો. વળી જો આ રીતે ગણતાં પાંચમા અથવા સાતમા સ્થાનમાં રાહુ આવે તો પણ તે ખરાબ ફળ જ આપે છે. વળી એ જ રીતે આઠમા અથવા બારમાં સ્થાનમાં આવેલો રાહુ પણ માણસને અનેક પ્રકારે ઉપાધિમાં મુકનારો જ ગણાય છે. જો રાહુ અશુભ ફળ આપનારો હોય તો માણસને પોતાના અંગત સંબંધીઓ જોડે વિખવાદ ઉત્પન્ન થાય છે. તથા તેના કારણે સંતાપ અને દુઃખ આવી પડે છે. વળી ખરાબ રાહુ માણસના કુટુંબમાંજ કોઈની જીવહાની પણ કરાવે. તે ઉપરાંત કૌટુંબિક ઝઘડા આર્થિક નુકશાન તથા એવાં જ બીજાં અનેક નુકશાન આ રાહુ ઊભાં કરાવે છે ખરાબ રાહુ કેટલીકવાર માણસને શારીરિક પીડા પણ ઉત્પન્ન કરે.

ઉપર પ્રમાણે રાહુ જ્યારે ખરાબ ફળ આપનારો હોય ત્યારે તે રાહુ માણસના માથે અનેક પ્રકારની ઉપાધિ તથા મુસીબત લાવી મૂકે છે. રાહુ જ્યારે જ્યારે ખરાબ ફળ આપનારો બને ત્યારે ત્યારે ખાસ કરીને તેની શાંતિ કરવા માટે યોગ્ય વિધિ કરવો જોઈએ. આમ વિધિપૂર્વક શાંતિ કરવામાં આવે તો નબળા રાહુની સુધળી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખરાબ અસર દૂર થાય છે અને માણસને અનેક પ્રકારે રાહુ શુભ ફળ આપે છે.

**વિધિ :** જો માણસના જન્મ સમયે રાહુ નબળો હોય અથવા ગોચરમાં નબળો બનતો હોય કે પછી નબળા રાહુની મહાદશા કે અંતર્દશા ચાલતી હોય તો તેના માટે યોગ્ય વિધિપૂર્વક શાંતિ કરવી જોઈએ. રાહુની શાંતિ માટે ગોમેદના પથ્થરની વીંટી બનાવવામાં આવે છે. આ પથ્થરને રાહુના નંગ તરીકે ગણેલો છે. ઉત્તમ રાહુના નંગને પંચધાતુની અથવા ત્રિલોહની વીંટીમાં મઢાવવું જોઈએ. ત્યાર પછી તે વીંટીની પ્રાણપ્રતિષ્ઠા કરીને તેના ઉપર રાહુના જપ કરાવી સિદ્ધ કરવી જોઈએ. વીંટી સિદ્ધ કરવા માટે રાહુના ૭૨૦૦૦ (બોંતેર હજાર) જપ કરવા જોઈએ.

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

## રાહુના મંત્રો

**(૧) વૈદિક મંત્ર :**

ૐ કયાનશ્ચિત્રઆભુવદૂતીસદા વૃધઃ સખા ।
કયાશચિષ્ઠયાવૃતા ॥

**(૨) પૌરાણિક મંત્રો :**

હ્રીં અર્ધકાયં મહાવીર્યં ચન્દ્રાદિત્ય વિમર્દનમ્ ।
સિંહિકા ગર્ભસંભૂતં તં રાહું પ્રણમામ્યહમ્ ॥૧॥

હ્રીં મહાશિરા મહા વક્ત્રો દીર્ઘદંષ્ટ્રો મહાબલઃ ।
અતનુશ્ચોર્ધ્વ કેશશ્ચ પીડાં હરતું મે તમઃ ॥૨॥

ઉપર બતાવેલા ત્રણ મંત્રોમાંથી ગમે તે મંત્ર લઈને તે મંત્રના ૭૨૦૦૦ બોંતેર હજાર જપ પૂરા કરવા. આ રીતે જપ કરીને સિદ્ધ કરેલી રાહુની વીંટી હાથ ઉપર ધારણ કરવી જોઈએ. આ પ્રમાણેની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિધિ કરેલી વીંટી પહેરવાથી નબળા રાહુની તમામ ખરાબ અસરનો નાશ થાય છે તથા તે રાહુ માણસને સારું ફળ આપે છે. દુઃખ તથા ઉપાધિઓ દૂર થાય છે. તથા માણસને સુખ અને આનંદની પ્રાપ્તિ થાય છે.

**રાહુના દાનને માટેની ચીજો :** રાહુને પ્રસન્ન કરવા માટે શાસ્ત્રમાં દાન આપવા માટેનો વિધિ પણ દર્શાવેલો છે. તેને માટે ખાસ કરીને કાળા રંગની વસ્તુઓ વધારે શ્રેષ્ઠ ગણાય છે, જેમ કે કાળાં કપડાં, ઊનનાં ધાબળા અથવા કામળા, કાળાં ફૂલ, કાળો ઘોડો, વગેરે રાહુના દાન માટેની ચીજો ગણાય છે. કાળા તલ તથા કાળા લોખંડની ચીજો પણ રાહુ માટેની જ ગણવામાં આવે છે. તેલ અને ક્ષુદ્ર પદાર્થો પણ રાહુને પ્રસન્ન કરનારા માનવામાં આવે છે.

રાહુની પ્રસન્નતા માટે શાસ્ત્રમાં આ સઘળી વસ્તુઓનાં દાન આપવાનું દર્શાવેલું છે. આ ઉપરાંત રાહુના આરાધનમાં પણ આ સઘળી ચીજો વાપરવી તે ફાયદાકારક ગણાય છે. તેનાથી રાહુ પ્રસન્ન થાય છે તથા માણસને ઉત્તમ ફળની પણ પ્રાપ્તિ થાય છે અને સઘળાં સંકટો દૂર થાય છે. જો માણસના જન્મ સમયે રાહુ નબળો હોય અથવા તો રાહુની ખરાબ મહાદશા કે અંતર્દશા ચાલતી હોય કે પછી ગોચરમાં રાહુનું દુષ્ટ સ્થાનમાં ભ્રમણ ચાલતું હોય તો તેવા સમયે રાહુની પ્રસન્નતા માટે રાહુના સ્તોત્રોનો પાઠ કરવો ઘણો જરૂરી ગણાય. રાહુની પ્રસન્નતા માટે શંકરનું આરાધન પણ શ્રેષ્ઠ ગણાય છે. રાહુને પ્રસન્ન કરવા માટે નીચે સ્તોત્ર આપવામાં આવે છે.

## રાહુ સ્તુતિ

વિધુંતુદ પ્રસીદત્વં સદારે શશિસૂર્યયોઃ ।
શાંત્યર્થં તે મયા દત્તં ગૃહાણાર્ઘ્યં નમોસ્તુતે ॥
કરાલવદન શ્રેષ્ઠઃ સર્વવ્યાધિ વિનાશકઃ ।
સુખાર્થં તુ મયા પૂજ્યઃ પ્રસીદપરપીડન ॥

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

રાહુ—ગોમેદ

પ્રૌઢે સુરકુલે જાતઃ સિંહારૂઢોવરઃ પ્રભુઃ ।
વિધિવત્પૂજીતો દેવો મમ શાંતિં પ્રયચ્છતુ ॥

તમોમયં મહાક્રૂરં રૂદ્રસર્પાનુગામિનં ।
સર્વવિઘ્નહરં દેવં સ્વર્ભાનું પ્રણમામ્યહમ્ ॥

સૈંહિકેયસ્તમો રાહુઃ કજ્જલાચલસન્નિભઃ ।
યઃ પર્વણિ મહાકાયો ગ્રસતે ચંદ્રભાસ્કરૌ ॥

વિષ્ણુના યસ્યમૂર્ધાવચ્છિન્ને ભક્ષયતોમૃતમ્ ।
યોજીતો ગ્રહભાવેન ત્વામહં શરણં ગતઃ ॥

**ફળ :** જે માણસ આ પ્રમાણેના રાહુના સ્તોત્રનો પાઠ કરે તે માણસને અનેક પ્રકારે સુખ સંપત્તિની પ્રાપ્તિ થાય છે. રાહુ કારણે ઉત્પન્ન થતી તમામ પ્રકારની પીડા શાંત થાય છે. તેમજ રે શત્રુ વિગેરેનો કોઈપણ જાતનો ઉપદ્રવ થતો નથી અને ધન આયુ તથા સુખમાં વધારો થાય છે.

जैन साहित्य JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## રાહુનામસ્તવનઃ

શ્રી ગણેશાય નમઃ

રાહુર્દાનવમંત્રી ચ સિંહિકાચિત્તનંદનઃ ।
અર્ધ કાયઃ સદાક્રોધી ચંદ્રાદિત્ય વિમર્દનઃ ॥

રૌદ્રી રૂદ્રપ્રિયો દૈત્યઃ સ્વર્ભાનુઃ ભીતિદોઽસુરઃ ।
ગ્રહરાજઃ સુધાપાયી રક્તાતિથ્યભિલાષકઃ ॥

કાલદૃષ્ટિઃ કાલરૂપઃ શ્રીકંઠહૃદયાશ્રયઃ ।
વિધુંતુદઃ સૈંહિકેયો ઘોરરૂપો મહાબલઃ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગ્રહપીડાકરો દંષ્ટ્રી રક્તનેત્રો મહોદરઃ ।
પંચવિંશતિ નામાનિ સ્મૃત્વા રાહું સદાનરઃ ॥
યઃ પઠેન્મહતી પીડા તસ્ય નશ્યતિ કેવલમ્ ।
આરોગ્યં પુત્રમતુલાં શ્રિયં ધાન્યં પશુંસ્તથા ॥
દદાતિ રાહુસ્તસ્મૈ યઃ પઠતે સ્તોત્રમુત્તમમ્ ।
સતતં પઠતે યસ્તુ જીવેદ્વર્ષશતં નરઃ ॥

**ફળ :** ઉપર પ્રમાણેના રાહુના નામ સ્તોત્રના પાઠથી પણ માણસનાં તમામ પ્રકારનાં સંકટો દૂર થાય છે. વળી રાહુની તમામ જાતની ખરાબ અસર નાશ પામે છે અને શુભ ફળની પ્રાપ્તિ થાય છે. રાહુના આ સ્તોત્રના પાઠથી ધન ધાન્ય સંપત્તિ તથા સુખમાં વધારો થાય છે. અને અનેક પ્રકારના લાભની પ્રાપ્તિ થાય છે.

માણસે દર બુધવારે રાહુના આ સ્તોત્રનો પાઠ કરવો જોઈએ. વળી ખાસ કરીને આગળ બતાવેલા વિધિ પ્રમાણે રાહુની આરાધના કરવી જોઈએ. વળી રાહુની સિદ્ધ કરેલી વીંટી પણ વિધિપૂર્વક ધારણ કરવી જોઈએ. આ પ્રમાણે જે માણસ વિધિપૂર્વક રાહુનું આરાધન કરે છે તે માણસને રાહુથી કોઈપણ પ્રકારની પીડા થતી નથી. આ રીતે પ્રસન્ન થયેલો રાહુ માણસને બીજા ગ્રહોની પીડામાંથી પણ બચાવે છે. આમ સઘળાં ખરાબ ફળોનો નાશ કરીને રાહુ માણસને શુભ ફળ આપે છે.

**વિશેષ :** માણસની તમામ પ્રકારની ઉપાધિઓ, મ્લેચ્છપણું, અસ્પૃશ્યતા વિગેરેનો આધાર રાહુ ઉપર રહેલો છે. આ ઉપરાંત હલકાં અનાજ, કધાન તથા કદરૂપાં પ્રાણીઓ, આ વસ્તુઓ ઉપર પણ રાહુની જ અસર થાય છે. બેડોળપણું, વિચિત્રતા તેમ જ દરેક પ્રકારની બંધાઈ રાહુના કારણે જ જોવા મળે છે. જ્યારે જ્યારે રાહુ ગોચરમાં

JAINSITE જૈન સાઈટ
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નબળો બને અથવા નબળા રાહુની મહાદશા કે અંતર્દશા ચાલતી હોય અથવા જન્મ સમયે રાહુ નબળો હોય તો તે રાહુ ઉપર દર્શાવેલી સઘળી બાબતો માટે ખરાબ ફળ આપનારો બને છે. અને તેથી તે દરેક બાબતમાં માણસને અશુભ ફળ મળવાથી નુકશાન થાય છે. આ માટે અહીં બતાવ્યા પ્રમાણે માણસ જો રાહુની આરાધના કરે તો તેનાથી રાહુથી ઉત્પન્ન થતી સઘળી ખરાબ અસરનો નાશ થાય છે તથા દરેક પ્રકારે માણસને શુભ ફળ મળે છે અને સુખ શાંતિમાં વધારો થાય છે.

રાહુનાં આ પ્રમાણેના આરાધન ઉપરાંત રાહુના દાનને માટે જે જે વસ્તુઓ દર્શાવેલી છે તે સઘળી વસ્તુઓ પણ રાહુની આરાધનામાં વાપરવી તેમ જ પોતાને માટે પણ તે વસ્તુઓનો બને તેટલો વધુ ઉપયોગ કરવો. આ પ્રમાણે કરવાથી રાહુ વધારે પ્રસન્ન થાય છે તથા તેથી માણસનાં સુખ શાંતિમાં વધારો થાય છે.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## કેતુ..............................લસણિયો

**લસણની** ફૂલેલી કળીના જેવા રંગવાળો હોવાથી આ પત્થર લસણિયો કહેવાય છે. આ પત્થર બીજાં બધાં રત્નોની જેમ પારદર્શક નથી પણ તે મોતી તથા પ્રવાલની જેમ અપારદર્શક છે. છતાં તે સૂર્ય કિરણો ગ્રહણ કરી શકે છે અને પોતાનાં કિરણોથી નવી અસર ઉત્પન્ન પણ કરી શકે છે. આથી જ આ પત્થરની ગણના રત્નોમાં થાય છે.

આ પત્થર કેતુની સઘળી ખરાબ અસરો દૂર કરીને માણસને કેતુનાં સઘળાં શુભ તત્ત્વો પૂરા પાડે છે. આથી કેતુની ખરાબ અસર નીચે આવેલા માણસોએ આ રત્ન અવશ્ય ધારણ કરવું જોઈએ.

**શુભ ફળ આપતો કેતુ :** કોઈપણ માણસની જન્મની રાશિ અથવા નામની રાશિથી ગણતાં પહેલા અથવા ત્રીજા સ્થાનને વિશે જ્યારે ગોચરમાં કેતુ આવે ત્યારે તે હંમેશા માણસને શુભ ફળ આપે છે. આ ઉપરાંત છઠ્ઠા કે નવમા સ્થાનમાં રહેલો કેતુ પણ માણસને ઉત્તમ ફળ આપનારો માનવામાં આવે છે. વળી જો કેતુ દસમા અથવા અગિયારમા સ્થાનમાં પડેલો હોય તો તે કેતુનું ફળ પણ શ્રેષ્ઠ જાણવું જોઈએ. જ્યારે કેતુ શુભ ફળ દર્શાવતો હોય ત્યારે તે રાહુની જેમ જ ઉત્તમ સુખ આપનારો તેમ જ અનેક પ્રકારે શાંતિમાં વધારો કરનારો માનવામાં આવે છે.

કેતુ જ્યારે શુભ ફળ આપનારો હોય ત્યારે પણ જો તેની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આરાધના કરવામાં આવે તો તેનાથી તેના શુભ ફળમાં વધારો થાય છે.

**અશુભ ફળ આપતો કેતુ :** માણસની જન્મ રાશિ અથવા નામ રાશિથી ગણતાં જ્યારે જ્યારે કેતુ બીજા અથવા ચોથા સ્થાનમાં આવે ત્યારે ત્યારે તે ખરાબ ફળ આપે છે. આ પ્રમાણે કેતુ જ્યારે પાંચમા, સાતમા અથવા આઠમા સ્થાનમાં આવે ત્યારે તે પણ માણસને અશુભ ફળ આપે છે. વળી બારમા સ્થાનમાં આવેલો કેતુ પણ માણસને મરણતોલ બીમારી અથવા ભયંકર માંદગીમાં સપડાવી મૂકે છે. આ પ્રમાણેનો કેતુ માણસને આર્થિક મુશ્કેલીઓ તથા બીજી અનેક ઉપાધિઓમાં લાવી દે છે.

ઉપર પ્રમાણે કેતુ જ્યારે નબળો હોય ત્યારે તે કેતુને માટે યોગ્ય રીતે વિધિ કરીને તેની આરાધના કરવી જોઈએ, કારણ કે નબળા કેતુના કારણે માણસને અનેક પ્રકારની મુસીબતોના ભોગ બનવું પડે છે. અને તેથી માણસ હેરાન પરેશાન થઈ જાય છે. જો તેનો યોગ્ય વિધિ કરવામાં આવે તો તેનાથી કેતુનું સઘળું ખરાબ ફળ દૂર થઈ માણસને સારું ફળ પ્રાપ્ત થાય છે.

**વિધિ :** જો માણસના જન્મ સમયે કેતુ નબળો હોય અથવા નબળા કેતુની મહાદશા કે પછી અંતર્દશા ચાલતી હોય અથવા તો ગોચર ભ્રમણમાં કેતુ આગળ બતાવેલ અશુભ સ્થાનમાં આવવાથી ખરાબ ફળ ઉત્પન્ન કરતો હોય તો તેવા સમયે તે કેતુની શાંતિ માટે યોગ્ય વિધિ કરવો જોઈએ. ખાસ કરીને વૈદૂર્યમણિ (લસણીયું) કેતુનું નંગ ગણાય છે. પંચધાતુની વીંટીમાં તે નંગ બેસાડીને તેને હાથ પર પહેરવામાં આવે છે. પહેરતા પહેલાં તે વીંટીની કોઈ ઉત્તમ બ્રાહ્મણ પાસે પ્રાણપ્રતિષ્ઠા કરાવી તેના ઉપર કેતુના મંત્રના જપ કરાવવા તથા વિધિપૂર્વક તેની પૂજા કરવી. શાસ્ત્રમાં કેતુના મંત્રના ૭૨,૦૦૦ (બોંતેર હજાર) જપ કરવાની વાત બતાવેલી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## કેતુના મંત્રો

**(૧) વૈદિક મંત્ર :**

ૐ કેતું કૃણ્વન્નિતકેતવેપેશો મર્યા અપેશસે ।
સમુષદ્ભિરજાયથાઃ ॥

**(૨) પુરાણોક્ત મંત્રો :**

હ્રીં પલાશપુષ્પસંકાશં તારકાગ્રહ મસ્તકમ્ ।
રૌદ્રં રૌદ્રાત્મકં ઘોરં તં કેતું પ્રણમામ્યહમ્ ॥ ૧ ॥

હ્રીં અનેકરૂપવર્ણૈશ્ચ શતશો થ સહસ્રશઃ ।
ઉત્પાતરૂપો જગતાં પીડાં હરતુ મે શિખીઃ ॥ ૨ ॥

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

ઉપર પ્રમાણેના ત્રણ મંત્રોમાંથી કોઈપણ એક મંત્રના ૭૨૦૦૦ (બોંતેર હજાર) જપ કરવા જોઈએ અને એ રીતે વીંટી સિદ્ધ કરવી જોઈએ. આ પ્રમાણે સિદ્ધ કરેલી વીંટી ધારણ કરવાથી કેતુની તમામ નબળી અસરોનો નાશ થાય તથા તેનાથી માણસને અનેક પ્રકારે સુખસંપત્તિ અને શાંતિની પ્રાપ્તિ થાય.

**કેતુના દાનની વસ્તુઓ :** કેતુની પ્રસન્નતા મેળવવા માટે શાસ્ત્રમાં અનેક પ્રકારનાં દાન આપવાનું પણ સૂચન છે. તેમાં ખાસ કરીને કેતુનું નંગ—વૈદૂર્યમણિ—( લસણીયો પત્થર ) અને તલ તથા તલનું તેલ એ મુખ્ય છે. આ ઉપરાંત કસ્તુરી તથા ગરમ કપડાં અને કામળા તેમજ ચિત્રવિચિત્ર જાતનાં અને ભાતનાં કપડાં તેમજ વિચિત્ર વસ્તુઓ સઘળી કેતુ માટે દાનમાં આપી શકાય છે.

શાસ્ત્રમાં કહેલું છે કે આ સઘળી વસ્તુઓના દાનથી કેતુ અત્યન્ત પ્રસન્ન થઈ માણસનાં તમામ દુઃખ, સંકટ તેમજ ઉપાધિઓનો નાશ કરે છે. આ ઉપરાંત કેતુની શાંતિ માટે તેનું આરાધન કરવા સ્તોત્રો પણ છે. નીચે કેતુનું સ્તોત્ર આપેલું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૭ કેતુનામસ્તોત્ર

શ્રી ગણેશાય નમઃ

મૃત્યુપુત્રઃ શિખીકેતુશ્ચાનલોત્પાતરૂપ ધૃક્ ।
બહુરૂપશ્ચ ધૂમ્રાભઃ શ્વેતઃ કૃષ્ણશ્ચપીતરૂક્ ॥
છાયારૂપી ધ્વજઃ પુચ્છો જગત્પ્રલયકૃત્ સદા ।
અદૃષ્ટરૂપો દૃષ્ટશ્ચેજ્જંતૂનાં ભયકારકઃ ॥
નામાન્યેતાનિ કેતોશ્ચ નિત્યં યઃ પ્રયતઃ પઠેત્ ।
કેતુપીડા ન તસ્યાસ્તિ સર્પચૌરાગ્નિભિર્ભયમ્ ॥
યઃ પઠેત્પ્રયતો નિત્યં પક્ષં પક્ષાર્ધમેવ વા ।
મુક્તઃ સર્વભયેભ્યોપિ સર્વાન્કામાનવાપ્નુયાત્ ॥

ફળ : ઉપરના સ્તોત્રનો પાઠ કરવાથી માણસના તમામ સંકટો દૂર થાય છે તેમજ અનેક પ્રકારે લાભના યોગો આવી મળે છે.

Jainsite.com જૈન સાહિત્ય

## કેતુ સ્તુતિ

શ્રી ગણેશાય નમઃ ।

કેતુઃ કાલઃ કલયિતા ધુમ્રકેતુર્વિવર્ણકઃ ।
લોકકેતુર્મહાકેતુઃ સર્વકેતુર્ભયપ્રદઃ ॥
રૌદ્રો રૂદ્રપ્રિયો રૂદ્રઃ ક્રૂરકર્મા સુગંધધૃક્ ।
પલાશધૂમ્રસંકાશઃ ચિત્રયજ્ઞોપવીતધૃક્ઃ ॥
તારાગણ વિમર્દી ચ જૈમિનેયો ગ્રહાધિપઃ ।
પંચવિંશતિ નામાનિ કેતોર્યઃ સતતં પઠેત્ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તસ્ય નશ્યતિ બાધા ચ સર્વાંકેતુ પ્રસાદતઃ ।
ધનધાન્ય પશૂનાં ચ ભવેદ્દવૃદ્ધિર્ન સંશયઃ ॥

**ફળ :** ઉપર પ્રમાણેના કેતુ સ્તોત્રનો પાઠ કરવાથી પણ તે માણસનાં સઘળાં સંકટ દૂર કરે છે તથા માણસને અનેક પ્રકારે સુખશાંતિ આપે છે.


માણસે કાયમ આ કેતુના સ્તોત્રોનો પાઠ કરવો જોઈએ. અને આગળ બતાવ્યા પ્રમાણે આરાધના કરવી જોઈએ. આથી તમામ સંકટો દૂર થાય અને અનેક રીતે સુખ શાંતિમાં વધારો થાય તથા માનકીર્તિ પ્રાપ્ત થાય.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# —: પરિશિષ્ટ :—

આપણે આગળનાં પાનાંઓમાં દરેક ગ્રહની શાંતિ કરવા માટેનો વિધિ જોઈ ગયા. આ પ્રમાણે ગ્રહોની વિધિમાં તે તે ગ્રહની વીંટી પહેરવાનું સૂચન લખેલું છે. કયા ગ્રહની વીંટી કઈ આંગળી ઉપર પહેરવી જોઈએ તે જાણવા માટે નીચેની આકૃતિ જોવી. ગ્રહોનાં રત્નો વીંટીમાં લગાડીને બનાવવી જોઈએ.




जैन साईट
JAINSITE.com
જિનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપરની આકૃતિમાં માણસનો હાથ બતાવ્યો છે. આ હાથમાં કઈ જગ્યાએ કયા ગ્રહનો પર્વત છે તે બતાવવામાં આવેલું છે. દરેક આંગળી પર ગ્રહોનાં નામ લખેલાં છે. જે આંગળી ઉપર જે જે ગ્રહનાં નામ છે તે આંગળી ઉપર તે સઘળા ગ્રહોની વીંટીઓ પહેરી શકાય. જેમ કે પહેલી ગુરૂની આંગળી છે તે અંગુઠાની બાજુમાં જ છે. તે આંગળી ઉપર ચંદ્ર, મંગળ, ગુરૂ, રાહુ અને કેતુમાંથી ગમે તે ગ્રહની વીંટી પહેરી શકાય.

**નોંધ :** બીજા કેટલીક જાતના પત્થરો અત્યારે રત્નો તરીકે વપરાય છે પણ સાચાં રત્નો જેટલી અસર તે પત્થરો આપી શકતા નથી. આથી આ પુસ્તકમાં સાચાં રત્નોનો જ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ખંડ ૨ જો

## ૧ : ગ્રહોનાં નંગ અસર કરી શકે છે?

ગત વિભાગમાં ગ્રહો વિષે સમજુતી અપાઈ છે. પણ નંગો પહેરવાથી ગ્રહ કેવી રીતે કાબુમાં આવે? કલ્પી ન શકાય એટલા અંતરે આવેલા ગ્રહ અને તેના રંગના નંગોનો સંબંધ બને કેવી રીતે? આ પ્રશ્ન ઘણાને મુંઝવે છે. પરંતુ કષ્ટકાળમાં સપડાયેલી વ્યક્તિઓ જોશીઓના કહેવા પ્રમાણે નંગ પહેર્યા કરે છે. જેને ફાયદો થાય તે વખાણે ને ન ફાયદો થાય તે વખોડે.

અહીં સમજવું જરૂરનું છે કે જે નંગો પહેરવાનાં છે તે નંગો શુદ્ધ અને સાચાં જ પહેરવાના છે. ઇમીટેશન નંગો નહિ. કણી ઊડી ગઈ હોય, નંગની અંદર રેસા હોય, તડ હોય, ડાઘ હોય કે મિશ્રિત રંગ હોય તે નંગ ધારણ કરવાનાં નથી. ખાસ કરીને ફળ પ્રાપ્તિની ઇચ્છા હોય તો, કેમકે આવા દોષથી નંગાધિપતિ ગ્રહની અસરમાં વાંધો આવે છે.

દૂર દૂર, અતિ દૂર રહેલો ગ્રહ પોતાના રંગનાં વિશુદ્ધ નંગ દ્વારા માનવી પર અસર કરી શકે છે એ આ જમાનામાં સમજવું સહેલું છે. ચંદ્ર પર માનવીએ ઉતરાણ કર્યું તે એપોલોનું સંચાલન



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૃથ્વી પરથી થયું. કઈ રીતે? આ આપણા સામાન્ય માનવીના મગજમાં ઊતરતું નથી. દોરડું, તાર કે એવી કોઈ પણ ગોઠવણ અશક્ય છે તેમ તેવી થઈ નથી. આંખે જોઈ પણ નથી. આ સંચાલન સૂક્ષ્મ, અતિ સૂક્ષ્મ મોજાનાં આંદોલનથી થયું. કયાં મોજા! આપણે સામાન્ય માનવો સમજી શકતા નથી છતાં સંચાલન થયું, રોકેટ અમુક અંતરે અદ્ધર રહ્યું, માનવી ઊતર્યા, બેઠા, પાછા આવ્યા. અહીં પૃથ્વી પર બેસેલા માનવોએ આ કર્યું. ટેલિવીઝનના પ્રયોગો કેવી રીતે થાય છે? આપણે સમજી શકતા નથી. આપણા મગજમાં એ ઊતરતું નથી. દૂર દૂર રહેલા અમેરિકા જેવા દેશોના શહેરોમાં, નગરોમાં થતા કાર્યક્રમો આપણે સાંભળી શકીએ છીએ. એ કાર્યક્રમો કોઈ વિદ્યુતશક્તિના જોરે આંદોલનો ઊભા કરી તે આંદોલનોને બીજા યંત્રથી પકડી આપણે સાંભળીએ છીએ. આ આંદોલન કરતાં મોજાંઓ ગગનમાં આવે છે છતાં એકબીજાનાં ઘર્ષણમાં આવતાં પણ નથી. આપણી પાસેના રેડિયો પર જે સ્ટેશનની ચાંપ ફેરવીએ તે સ્ટેશનના કાર્યક્રમો સંભળાય છે.

આ બધું સરલ માનીએ છીએ કેમકે તેનો પ્રત્યક્ષ પુરાવો છે અને અનુભવ છે.

આ રીતે વિચાર કરીએ તો દૂર દૂર રહેલા ગ્રહોનાં કિરણો ગ્રહણ કરવાની શક્તિ તે તે ગ્રહોનાં કિરણોમાં છે એ સમજી શકાશે. પણ પ્રશ્ન થશે કે નંગોમાં કોઈ યંત્રશક્તિ કે વિદ્યુતશક્તિ નથી તો એ નંગો કઈ રીતે ગ્રહોનાં કિરણો ગ્રહી શકે? સામાન્ય દૃષ્ટિએ જોઈએ તો બ્લોટીંગ પેપરમાં કઇ શક્તિ છે કે તે પ્રવાહી ચૂસી લે છે! આ નંગોમાં પણ એવી શક્તિ છે કે તે પોતાના ગ્રહોનાં જ કિરણો ગ્રહણ કરી શકે જેમ ન્યૂયોર્કનું રેડિયો સ્ટેશન ન્યૂયોર્કનાં જ કાર્યક્રમ ગ્રહણ કરે તેમ.

આ નંગો અને ગ્રહોના સંબંધની હકીકત આ યુગની નથી. પૌર્વાત્ય દેશોની જેમ પાશ્ચાત્ય દેશો પણ પ્રાચીન કાળથી માનતા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવ્યા છે. ઋગ્વેદ, સામવેદમાં પણ ઉલ્લેખો મળે છે, જે સ્પષ્ટ કરે છે કે દેવોને અમુક અમુક નંગો અર્પણ કરવાથી અમુક કાર્ય સિદ્ધ થાય છે. માણેક, પાનું વગેરે આપવાથી તે અર્પણ કરનાર રાજા, મહારાજા કે જ્ઞાની પુરુષ થાય છે એવા ઉલ્લેખો છે. સ્ફટિકની મૂર્તિ પૂજવાથી ધારેલી સિદ્ધિ મળે છે. જુદાં જુદાં રત્નોથી મઢેલી મૂર્તિઓનાં પણ ફળ મળે છે. ડૉ. એચ. ખખ્ખરના કહેવા પ્રમાણે હાર્ઈતિસ્મૃતિ અને નંગો પર મળી આવતા ઉલ્લેખોમાં વિવિધ પ્રકારનાં રત્નો મૂર્તિ પર જડવાથી અથવા તે નંગની સંપૂર્ણ મૂર્તિ બનાવી પૂજવાથી વિવિધ પ્રકારની મનઃકામના સિદ્ધ થાય છે.

વિવિધ નંગોવાળી મૂર્તિ પૂજવાથી કાર્યસિદ્ધિ થાય છે એમ કહેવામાં નંગોનું મહત્ત્વ તરત સમજી શકાય છે.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

પરંતુ ખરું જોતાં પ્રાચીન ઋષિ મુનિઓ અને જ્યોતિષીઓએ નંગોનાં મહત્ત્વનો સંબંધ ગ્રહ સાથે છે એવું જાણ્યું છે. અને તે નંગો પહેરનારને ગ્રહોએ રાહત આપી છે એવું વર્ણવ્યું છે. આવાં નંગો રોગ સારા કરવામાં વપરાતાં. ઉચ્ચ કક્ષાનો 'હીરો' 'કંટાકર'ના રસમાં બોળીને ગાયના છાણ તથા મૂત્રમાં અમુક ક્રિયાઓથી રાખવાથી ને પછી તેની રાખ શરીરે લગાડવાથી દીર્ઘાયુષ્ય આપે, શક્તિ આપે, સૌંદર્ય આપે વગેરે વગેરે કરે એમ કથન છે. પાનું મરડો મટાડે ને પિત્તશામક રહે. મોતીની ભસ્મ પણ ઉપયોગી થાય. પણ આ બધાં નંગોના આ ગુણો નંગમાં રહેલાં તત્ત્વથી પ્રાપ્ત થાય પણ નંગો પહેરવાથી ગ્રહની અસર શી રીતે નાબુદ થાય કે વધુ સારી બને?

અહીં એક વાત સમજવાની છે કે પાશ્ચાત્ય હસ્તરેખા શાસ્ત્રીઓના મત પ્રમાણે બાળક જન્મે છે ત્યારે હથેળીની મુઠ્ઠીઓ વળેલી હોય છે. ગુરુની આંગળી જે અંગુઠા પાસે છે તેમાંથી જીવન શક્તિ દાખલ થતાં સમગ્ર શરીરનું રક્ત વહેલ હથેળીમાં પ્રસરતાં રેખાઓ પહાડો વગેરેને અસર કરે છે, કરવા માંડે છે તે બાળક પુખ્ત ઉમરનું થાય ત્યાં

સુધી ફેરફારો કર્યું જાય છે. ને પછી રેખાઓ જામે છે. માટે પુખ્ત વયનું બાળક ન થાય ત્યાં સુધી હસ્તરેખાનો વિચાર બાળક માટે ન કરવો. પછી પણ જેમ જેમ મગજ પર વાતાવરણની અસર પડે, મગજ પર આંદોલનો અથડાય તેમ તેની અસર રક્ત પ્રવાહ મારફત હથેલીમાં પહોંચે ને તેમાં ડાઘા પડે, ઊડી જાય, નવી રેખા પડે, ઊડી જાય, જૂની સુધરે બગડે, વગેરે વગેરે ફેરફાર થાય. જાણીતા હસ્તરેખા શાસ્ત્રી બેન હાય કહે છે: એક વ્યક્તિનો હાથ એણે એક વર્ષે જોયો, તેની છાપ લીધી. એક વર્ષ બાદ એ ફરીથી આવ્યો તો હાથની રેખાઓમાં અજબ ફેરફાર થઈ ગયો હતો. એનું માનસ અનેક બનાવોથી બદલાઈ ગયું હતું.

ગ્રહોનો સંબંધ માનવમાનસ જોડે માનીએ તો આ સમજવું સહેલું છે. ગ્રહોનાં અશુભ કિરણોની અસર નીચે આવેલું માનસ નબળું પડી ગયું ને રક્ત પ્રવાહ યથાયોગ્ય કામ કરી ન શક્યો. કયા ગ્રહની અસર માનસ પર આવી પડી તે શોધવાનું કામ જ્યોતિષીનું છે. હસ્તરેખામાં તે અસર નબળા પડેલા ગ્રહના પહાડ પરથી સમજી શકાય.

જો આ બાબતનું પ્રથમ ભાન થયું હોય ને તે નબળા પડે એવા ગ્રહનું શુદ્ધ નંગ યથાવિધિ કરીને ધારણ કર્યું હોય તો નબળી અસર થાય નહિ.

નંગ ફક્ત ધારણ કરવાથી જ ફળ આપે છે. એવું ખાસ નથી. એની પણ અમુક વિધિ અને રીતિ છે જે વિષે આગળ પર વિચાર કરીશું.

બ્રાહ્મણો રૂદ્રાક્ષની જ માળા ફેરવે છે તે પણ રૂદ્રાક્ષને અંગુલી સ્પર્શ થતાં તેમાંનાં કોઈક તત્ત્વનો સંપર્ક સાધે છે પણ બનાવટી નહિ, શુદ્ધ રૂદ્રાક્ષી હોય તો. તેમ રૂદ્રાક્ષી પહેરવાનું કારણ પણ તેવું કાંઈક છે. કહેવાય છે કે સાચી હરડે હાથમાં મુઠ્ઠીમાં પકડી રાખવાથી જ

જૈન સાઈટ JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

અમુક સમયમાં રેચન કરાવે છે. તે જ યોગે રૂદ્રાક્ષનો કોઈક અજબ ગુણ હોવો જોઈએ. તે જ રીતે તુલસીની માળાનું સમજવું પડે. જૈનો પણ ગ્રહોના રંગ અનુસાર કાળી, પીળી, લાલ નવકારવાળી ફેરવી જપ કરે છે તેમાં પણ આવું જ કોઈ ગૂઢ રહસ્ય છે. સાચી માળા હોય તો અંગુલિ દ્વારા શરીરના રક્ત પ્રવાહ દ્વારા માનવ માનસ પર અસર ને પરિણામ આવે તે જ રીતે નંગો ધારણ કરવાથી માનવ માનસ પર અસર થતાં તેને ધારેલી સિદ્ધિ કરવા પ્રયાસો સૂઝે. એક બાબત છે કે નંગ ધારણ કરનાર ને માળા ફેરવનારનાં ચિત્તની એકાગ્રતા તે તે ગ્રહ સાથે રહેવી જોઈએ. માટે નંગ ધારણ કરનારે હરરોજ તે નંગની પૂજા તથા પાઠ કરવા જોઈએ.

卐

जैन साईट
JAINSITE .com
जैनम् जयति शासनम्

## ૨ : કયા ગ્રહોનાં નંગ પહેરવાં ?

**સામાન્યતઃ** જોશીઓ જે ગ્રહ નીચનો કે નિર્બળ કે શત્રુ ક્ષેત્રી ગ્રહ હોય છે કે છઠ્ઠે, આઠમે કે બારમે ભાવે કુંડળીમાં પડ્યો હોય છે તે ગ્રહ પર નિશાન તાકે છે ને તે ગ્રહનું નંગ પહેરવા સૂચના આપે છે. અહીં વિચારવાનું છે કે જે ગ્રહ નિર્બળ જ હોય તે ગ્રહનું નંગ પહેરવાથી તે ગ્રહ કઈ રીતે સારૂં ફળ આપી શકે ? નિર્બળ મનુષ્ય મિત્ર હોય તો પણ તે મદદ કરી શકતો નથી. નિર્બળનાં નિર્બળ કિરણો આપણા માનસ પર પડે તેને તે જ ગ્રહનાં કિરણો કઈ રીતે અટકાવી શકે ! જો ગ્રહ જ નિર્બળ હોય તો તેની આરાધના નંગોથી કઈ રીતે ફળદાયી થાય એ સમજવામાં આવતું નથી. ગ્રહ બળવાન હોય ને તે અનિષ્ટકારક હોય તો તેના જપથી, એ ગ્રહની પૂજા થઈ ન શકે માટે તેનાં નંગની પૂજા કરવાથી અનિષ્ટ ન કરે તે સમજી શકાય છે. આ સમજ ખરી હોય તો કુંડળીમાં નિર્બળ ગ્રહનું નંગ પહેરવાથી લાભ નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તો શું કરવું? કષ્ટ કે અનિષ્ટનું નિવારણ કઈ રીતે થઈ શકે? આપણે વેદમાં અને પુરાણોમાં વાંચીએ છીએ કે દેવોને દાનવોએ હેરાન કીધા તો દાનવોને પગે પડીને મનાવવા ગયા નથી. તેમની આરાધના કરી નથી પણ વધુ બળવાન દેવ વિષ્ણુ, શંકર, શક્તિ વગેરેની સહાય અને માર્ગદર્શન યાચ્યું છે. તો એ જ ન્યાયે જ્યારે અનિષ્ટકારક ગ્રહની અસર થાય છે એવું લાગે તો વધુ સબળ ને સુખદાયક ગ્રહની આરાધના કરવી યોગ્ય છે. એટલે કુંડળીમાં વધુ બળવાન ગ્રહ શુભ ફળ આપનારો હોય તેનું નંગ પહેરી તેની પૂજા કરી તેની સહાય માગવી. પછી ભલે અનિષ્ટકારક ગ્રહના જપ કરવા હોય તો તે કરવા, એવું અમારું મંતવ્ય છે.

અમારા મતે અનિષ્ટકારક શનિ હોય ને ગુરુ બળવાન હોય તો ગુરુનું નંગ પહેરવું ને મંગળ અનિષ્ટકારક હોય તો શુક્રનું નંગ પહેરવું. રાહુ અનિષ્ટકારક હોય તો બુધનું નંગ પહેરવું. શુભ ગ્રહ અનિષ્ટકારક હોય તો તે શુભ ગ્રહનું નંગ પહેરી તેના મંત્ર જપ કરવા કેમકે શુભ અનિષ્ટ હોવા છતાં તે શુભ ગ્રહ હોવાથી તરત જ મનાવી લેવાય. તેમ સૂર્ય પણ પ્રાણકારક હોવાથી તેને પણ મનાવી શકાય ને તે સૂર્યમંત્રથી અથવા ગાયત્રી મંત્રથી. હવે પાપ ગ્રહ અનિષ્ટ ફળ આપનાર હોય ને તે પાક્કો પાપ દૃષ્ટિમાં પણ હોય તો શુભ ગ્રહનું નંગ પહેરી દૃષ્ટિ કરનાર ગ્રહના જપ પણ અનિષ્ટકારક ગ્રહના જપ સાથે કરવા. કોઈને આ બાબત વિચિત્ર લાગે પણ અજમાવી જોવા જેવી છે.

હવે ખાસ ગ્રહો શનિ અને મંગળ છે એનાં નંગ ધારણ કરવામાં ધ્યાન રાખવાનું છે. પિપ્પલાદ મુનિએ શનિને પોતાનાં તપોબળથી ક્રોધી આંખે નીચે પાડયો હતો પણ પછી સમાધાન થતાં તેણે શનિની સ્તુતિ કરી હતી અને તેનાં નામોનાં ગુણગાન કર્યાં હતાં. "કોણસ્થઃ પિંગલો બભ્રુઃ કૃષ્ણો રૌદ્રોન્તકો યમઃ। સૌરિઃ શનૈશ્ચરો મંદઃ પિપ્પલાદેન સંસ્તુતઃ" આ નામો પ્રાતઃકાળે બોલવાથી શનિ પીડા થતી નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે પિપ્પલાદના સમયમાં શનિનાં નંગની અસરની ખબર હશે કે કેમ તે કહી શકાય નહિ. પણ શનિ ગ્રહની અસર ખોટી ન થાય તે માટે તેણે ઉપાય બતાવ્યો છે. પોતાના ગુરુને શનિએ છેવટની પનોતીના અલ્પ સમયમાં હેરાન કર્યાની કથા છે. વિક્રમ શનિની કથા છે પણ તેમાં નંગનો કોઈ ઉલ્લેખ નથી. ઉલ્લેખ હોવો જ જોઈએ એવું પણ નથી. તે વખતે નંગ ધારણ પ્રચલિત હોય તો પણ નંગ પહેર્યાં પહેરવાની કોઈ હકીકત નથી. આ નંગ અંગે અમારા જાત અનુભવની સંપૂર્ણ અંશેઅંશ સત્ય હકીકત જાણવા જેવી છે.

મને મોસાળ તરફથી વીંટી મળેલી. તેમાં લંબગોળ શનિ હતો. પણ તેમાં અરધો ભાગ ઘેરા નીલ રંગનો અને બાકીનો અરધો ભાગ ખુલ્લા નીલ રંગનો હતો. આ રંગો જરૂર જ કુદરતી હતા. મને શનિની પનોતી હતી. જોશીએ ધારણ કરવા કહેલું. હું પહેરી રાખતો ને શનિવાર કરતો. (૧૯૩૦ની સાલ, મારી ઉંમર વર્ષ ૩૫, શનિ અગિયારમે ઉચ્ચનો ને ચંદ્ર બીજે મકરનો).

JAINSITE.com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

દેવગઢ બારિયામાં હું હેડમાસ્તર હતો ને પ્રાથમિક શિક્ષણાધિકારી હતો. કન્યાશાળાની બાળાઓ પાસે ગરબા મહોત્સવ ઉજવાવવા ગરબાઓનું રીહર્સલ કરાવતો હતો. જમણી આંગળીએ શનિ હતો. રીહર્સલ પૂરું થઈ ઘેર આવ્યો. હાથપગ ધોઈ જમવા બેસતાં આંગળી પરની વીંટી ડાબે હાથે બદલવા જતાં શનિ મહારાજ વીંટીમાં નહોતા. કંઈક આશ્ચર્ય ને ગભરામણ થઈ. જમીને બેટરી લઈ પટાવાળાઓ સાથે કન્યાશાળાનું રીહર્સલ સ્થળ ખૂંદી વળ્યા પણ શનિ મહારાજ દેખાયા નહિ. રાતે અગિયાર વાગે આવીને સૂતે.. સવારના ત્રણેક વાગે સ્વપ્નમાં અવાજ સંભળાયો, "હું આવું છું." ચમકી બેઠો થયો. માતાજીનું સ્મરણ કરી સૂઈ ગયો. સવારના સ્નાન સંધ્યાપૂજા વગેરે કરીને જમવા જતો હતો (રવિવાર હતો) ત્યાં જ ૧૦॥ વાગે આવેલી ગાડીમાંથી એક મનુષ્ય આજુબાજુ જોયા વિના, સીધો સટ,

મારાં રહેઠાણ પર આવ્યો. હાથમાં હેન્ડબેગ હતી. બારણું ઠોક્યું. હું ત્યાં ગયો. પૂછ્યું કે કોનું કામ છે ? એણે કહ્યું કે તમારું જ કામ છે. તમે કાલે શનિ ખોયા છે. હું બીજો શનિ આપું છું. ખંભાતથી આવું છું.

એ ઘરમાં આવ્યો. એણે શનિ આપ્યો. ઘણું સુંદર નંગ હતું. એણે કહ્યું મારે પૈસા નહિ જોઈએ. ઘણો આગ્રહ કર્યો તો નામના ૩ા રૂ. લીધા ને પાછો સીધો ગયો. મેં કહ્યું કે અત્યારે કોઈ ગાડી નથી. એણે કહ્યું 'ફિકર નહિ. હું જઈશ.'

આ શનિની મેં તરત જ વીંટી કરાવી પહેરીને નિશાળે ગયો. એક દિવસ ગયો પણ બીજે દિવસે બપોરના છુટીના સમયમાં નાના ફર્સ્ટ સ્ટાન્ડર્ડના છોકરાઓ લડયા, છુટથી સ્લેટની મારામારી કરી. એકએના માથાં ફૂટયાં. લોહી નીકળ્યું. ત્યાં તરત જ એના બાપા આવ્યા ધાંટા પાડતા. "તમે હેડમાસ્તર છો છતાં છોકરાઓ લડે, એને તમે અટકાવો નહિ. માથાં ફોડે. મારે એકનો એક છોકરો......" અટકયા વિના ૦ા કલાક ભાષણ આપ્યું. મને બોલવા તક ન આપી. મારી ઓફિસ ગજાવી બાળક સાથે ગયા.

હું કાંઈક આશ્ચર્યમુગ્ધ બેઠો હતો. મારી નજર શનિની વીંટી પર પડી. ત્યાં દિવાન ઓફિસમાંથી પટાવાળો 'પર્સનલ' કાગળ લઈ આવ્યો. મેં વાંચ્યું. આશ્ચર્ય થયું. કોઈ દિવસ દિવાને મને મીઠો ઠપકો પણ આપ્યો નહોતો તે આ કાગળમાં સખ્ત ઠપકો હતો કે મેં એમના જરૂરી તુમારનો ઉત્તર નથી આપ્યો. મેં કારકુનને પૂછ્યું તો એમાં તુમાર મોકલ્યાની તથા તે મળ્યાની શિરસ્તેદારની સહી ટપાલ બુકમાં બતાવી. મેં નમ્રતાભર્યો જવાબ મોકલ્યો. ઘેર આવી વીંટી કાઢી, પતરાની ડબ્બીમાં મૂકી તે ત્રિજોરીમાં મૂકી દીધી.

શનિ મકરમાં આવ્યો. મારી પત્નીને ૨ાા વર્ષની પનોતી. તેમને સાડાસાતી ચાલુ હતી. મેં વીંટી મારી પત્નીને પહેરાવી જોવા ત્રિજોરી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખોલી. (ચાવી મારી પાસે જ રહેતી.) ત્રિજોરીનાં ચોર ખાનામાં મૂકેલી શનિની વીંટીવાળી ડબ્બી ન મળે ! બધું શોધ્યું. શનિ મહારાજ ગયા...! આશ્ચર્ય ! મેં નિસાસો નાખ્યો. ઈશ્વરઈચ્છા પત્નીને રોજ શનિસ્તોત્ર ભણવા સૂચના આપી.

પ્રસંગવશાત કરંદીકરનું પુસ્તક ભાગ્યરેખા મારા હાથમાં આવ્યું તો તેમાં મુંબઈના મ્યુઝીયમ વેલ્સમાં શનિ મહારાજનું આલેખેલું ચિત્ર છે તેની જ આબેહુબ નકલ ફોટા રૂપમાં આ પુસ્તકમાં જોઈ. હું મંત્રમુગ્ધ બન્યો. શું સુંદર ચિત્ર ! પણ શનિસ્તોત્રમાં સૂકાં શરીરથી તદ્દન જ ઊલટું પુષ્ટ શરીર, લુચ્ચાઈ ભરેલી મીઠી આંખ, મુત્સદ્દી ચહેરો વગેરે હતાં. મેં મારી શાળાના ચિત્રશિક્ષક શ્રી સોનારને બોલાવી શાળાના મ્યુઝીયમ માટે વોટર કલરનું ચિત્ર ઉતારવા કહ્યું. એણે ખુશીથી કબૂલ્યું કેમકે એ પણ ચિત્ર જોતાં જ ખૂબ આનંદિત ને પ્રભાવિત થયેલા. બે જ દિવસમાં એણે ફક્ત ભૂરા રંગના શેડવાળું બે ફૂટનું ચિત્ર તૈયાર કરી મને આપ્યું. મેં મઢાવ્યું ત્યાં સોનારે કહ્યું, "સાહેબ ! આ ચિત્ર મ્યુઝીયમમાં રહે તો કોઈ તેની કદર નહિ કરે માટે આપ જ ઘેર રાખો." ઠીક કહીને મેં ઘેર ચિત્ર મોકલ્યું.

બીજે દિવસે મ્યુઝીઅમમાં મહારાજકુમારનું તૈલચિત્ર ચાર ફૂટનું લાંબું સુંદર ફ્રેમમાં મઢેલું, તારે લટકાવેલું ધડાકા સાથે તૂટી નીચે પડ્યું. ને કાચની રાજકણોથી લગભગ મ્યુઝીઅમ હોલ અરધો ભરાઈ ગયો ! બીજે દિવસે બપોરની છુટીમાં એક છોકરો ઓટલા પર ઊભેલો, તેને બીજાએ ધક્કો મારી જમીન પર પાડ્યો ને તે હીહી કરતો હતો ત્યાં ત્રીજા છોકરાએ આવી બીજાને ધક્કો માર્યો. આમ વાનરવેડામાં એક પર એક સાત છોકરાઓ પડ્યા ને હીહીહી હો હો થઈ. પટાવાળો દોડતો મને તેડવા આવ્યો. આ શાળા વિભાગની વીંગ થોડે દૂર હતી. હું પહોંચ્યો ત્યાં તો બીજા શિક્ષકોએ આવી છોકરાઓને ઉઠાડી દીધા હતા. પણ પહેલો છોકરો ઇજા પામ્યો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતો. એનો બાપ આવી પહોંચ્યો ને મારી શાળાનાં શિસ્ત વિરુદ્ધ ભાષણ કરી ગયો. વર્ગમાં છોકરાઓને લઈ જઈ 'શિક્ષાપોથી' મંગાવી બધાનાં દેખતાં પ્રથમ ધક્કો મારનારને સાત સોટી શરીર પર જુદી જુદી જગાએ મારી. પછી બીજાઓને બબ્બે મારી. સાયંકાલે ખબર પડી કે જેને સાત સોટી મારી હતી તેણે મારી વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ કરી. સિવિલ સર્જનનું પ્રમાણપત્ર લેવા ગયો પણ તે તેણે ન આપ્યું એટલે છોકરાને લઈ ને મહારાજા સાહેબ પાસે ગયો. ખૂબ રડ્યો "મારો એકનો એક છોકરો તેને પંચોતેર સોટી હેડમાસ્તરે મારી છે જુઓ" એમ કહી છોકરાના પગ તથા હાથ બતાવ્યા.

મહારાજ સાહેબ કાંઈ ન બોલ્યા. એમના ભાઈ નહારસિંહજી મહારાજ ખૂબ હસ્યા ને તેમણે કહ્યું, "બહી! આવો ધંધો કરતા નહિ. તમારો સુકલકડી જેવો છોકરો પંચોતેર સોટી ખાય તો આમ હાલી ચાલી શકે ખરો? આ સોટીના સળ છે કે આયોડીનના?' બહાં શું કરે! 'માફ કરો મહારાજ.'

પણ આ વખતમાં તો હાઈસ્કૂલના બોર્ડિંગમાં ઠાકોરના બે છોકરા હતા. તેના મામા દેવગઢ બારિયામાંના આવી પહોંચ્યા. 'સાહેબ! તમે મારા ભાણાને પાંચ સોટી મારી છે. મારે હોસ્ટેલમાં નથી રાખવો. તમે કસાઈ છો કે કોણ?' મેં ત્યાં તેના સાથે આવેલા છોકરાને પૂછ્યું, 'ભાઈ! મેં તને કેટલી સોટી મારી?' છોકરાએ કહ્યું: 'બે.' 'તારે મામા સાથે ઘેર જવું છે?' 'ના સાહેબ, મારે હોસ્ટેલમાં જ રહેવું છે.' મામા થઈ આવેલા તોફાની ગૃહસ્થને ઘર બહાર જવા હુકમ કર્યો

શનિ મહારાજનું ચિત્ર પટારામાં નીચે મૂકી દીધું ઉપર કપડાં ગોઠવી દીધાં.

મેં નિર્ણય કીધો કે શનિ મહારાજનું સ્તવન કરવું. નંગ પહેરવું નહિ ને ચિત્ર ઘરમાં રાખવું નહિ. દર શનિવારે અત્રાઘ કરી માનસિક આવાહન કરી પુષ્પ અક્ષતથી પૂજા કરી પગે લાગવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## કેટલીક માન્યતા

ઘણા માને છે કે ગ્રહનું નંગ પહેર્યું કે ફળ મળે. મળવું જ જોઇએ. ઘણા કહે છે 'મેં મંગળનું નંગ પહેર્યું, મારે ત્યાં પુત્ર જન્મ્યો.' "મેં ગુરૂનું નંગ પહેર્યું, મારા સોદા હવે બરાબર પાર ઊતરે છે" વગેરે. ઘણા આનાથી ઊલટું કહે છે "હું ગુરૂનું નંગ પહેરું છું હજી કાંઈ ઠેકાણું પડતું નથી." "હું કયું નંગ પહેરું તો મારા લગ્ન થાય ?" વગેરે વગેરે જોતાં લોકો એમ માનતા લાગે કે છે નંગ પહેર્યું એટલે પત્યું. ફળ મળવું જ જોઈએ. આગગાડીની ટિકિટ લીધી તો જગ્યા મળવી જ જોઈએ. પણ ગાડી ચિકાર હોય તો ! આ વિચાર કરતા નથી. કોઈને એકાએક ફળ મળી જાય છે. તેમાં 'કાગનું બેસવું ને તાડનું પડવું' એવું બને છે

ખરૂં જોતાં બને ત્યાં સુધી શનિનું નંગ ન જ પહેરવું. કોઈ પણ ગ્રહનાં નંગ પહેરનારે કડક નિયમોનું પાલન કરવું જોઈએ. શનિનું નંગ પહેનારે કડક બ્રહ્મચર્ય ને તે નહિ તો માનસિક કે શારીરિક વ્યભિચારથી દૂર રહેવું જ જોઈએ. શનિના ગુણો ધૈર્ય, શાંતિ, ખંત મહેનત, ઠરેલપણું, સહનશીલતા, ચારિત્ર્ય શુદ્ધતા, કપટહીનતા, વગેરે અપનાવવાં જોઈએ. રોજ શ્રદ્ધાપૂર્વક–વિધિથી પૂજીત પહેરાયલા નંગની પૂજા કરી તે ગ્રહના ગુણો મનથી વિચારી તે ગ્રહ સાથે ચિત્તની એકાગ્રતા કરી તેનાં સ્તોત્રનો ઓછામાં ઓછા નવ વાર મુખપાઠ કરવો જોઈએ. આ નંગને દિવસ અને રાત્રિ શુદ્ધ રાખવું જોઈએ. ફકત શનિનું નંગ પહેર્યું, અડદની દાળ, તલ, ગોળ હનુમાનજીના આગળ મૂકયાં, અડદનાં વડા ખાધા આટલું જ બસ નથી.

જે ગ્રહનું નંગ પહેરવું કે પહેર્યું હોય તેના ગુણ અવગુણ ને શક્તિનો પૂર્ણ ખ્યાલ રાખીને તે ગ્રહ સાથે ચિત્તની એકાગ્રતા રાખીને તેના જપ સ્તોત્રપાઠ રોજ કરવામાં આવે ને નંગ ધારણ કરવામાં આવે તો તે ફળદાયી થાય. એમ કરવામાં ન આવે તો શનિ મંગળ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેવા ગ્રહોનાં શુભકિરણો ગ્રહણ કરવા માટે આપણું માનસ યોગ્ય બળ મેળવી શકતું નથી ને તેથી અશુભકિરણો આપણા દૂષિત માનસ પર પડે ને ફળ ન મળે અથવા ઊલટું મળે. **યાદ રાખવું કે ગ્રહોનાં સૂક્ષ્મકિરણો ઝીલવા માટે માનવ માનસ ખૂબ સબળ રહેવું જ જોઈએ ને તો જ તે ગ્રહની નબળી અસર આપણાં માનસ પર ન પડતાં શુભ અસર પડે ને શુભ ફળ મળે.**

ખાસ કરીને શનિ મંગળ જો પાપગ્રહની દૃષ્ટિમાં હોય, પાપકર્તરિમાં હોય, નેષ્ઠ સ્થાનમાં હોય તો ખૂબ ધ્યાન રાખવું. ફક્ત નંગ પહેરવાથી કાંઈ નહિ વળે. તે જ રીતે સૂર્ય, ચંદ્ર વગેરે ગ્રહો પણ પાપ દૃષ્ટિથી કે નેષ્ઠ સ્થાનના માલીક બનવાથી અથવા નેષ્ઠ નક્ષત્રમાં હોવાથી નબળું ફળ આપે તે માટે પણ ઉપરની હકીકત ધ્યાનમાં રાખવી.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

નંગ પહેરનારે ગ્રહોના ગુણો, અવગુણો શુભ અશુભ અસરો ધ્યાનમાં રાખી તે તે ગ્રહો સાથે ચિત્તની એકાગ્રતા રાખી હરરોજ જપ કરવા ( યથાશક્તિ ) ને ગ્રહનું ધ્યાન તે નંગ દ્વારા કરવું. ને પછી એકવાર ભોજન કરવું કે ઉપવાસ કરવો વગેરે વિધિ કરવી. આમ કરવામાં આવે તો શુભ ફળની આશા રહેશે.

બીજું ધ્યાન રાખવાનું છે કે ગ્રહોની અસર સમગ્ર કુંડળીને નિર્બળ બનાવી દેતી હશે, સમય ઘણો જ માઠો દેખાતો હશે તો નંગ પહેરવાથી કાંઈ નહિ વળે. ઈષ્ટદેવની એકધારી ઉપાસના હરરોજ કરતાં નંગ પહેરાય તો રાહત મળશે નંગ કોઈ એવો ચમત્કાર નથી કે ચાંપ દાબી કે લાઈટ થાય. લાઈટની ચાંપ દાબતાં પણ જો ફયુઝ ઊડી ગયો હોય, વાયર કપાઈ ગયા હોય તો થાય અંધારું કે ભડકો. નંગ ધારણ કરનારે નંગને શુદ્ધ રાખવા તથા ગ્રહના ગુણોના આધારે ચારિત્ર્ય શુદ્ધિ રાખવા ખૂબ ચોકસાઈ રાખવી તો નંગનું ફળ મળશે.

**ગુરૂનું નંગ હરહંમેશ સારૂં રહેશે ને દરેક વાતે રક્ષણ કરશે.** પણ નિયમમાં રહેવાની ત્યાં પણ જરૂર છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કુંડળીમાં જોઈ ચોકસાઈથી નક્કી કરાવો કે વ્યક્તિને કયો ગ્રહ વધુ લાભદાયી છે ? તે ગ્રહનું નંગ પહેરો. કયો ગ્રહ હેરાન કરે છે ? તેના જપતપ જાતે કરો તો જ તે ગ્રહનાં શુભ કિરણો તમારું માનસ ગ્રહણ કરે ને યોગ્ય આચરણ કરવા બુદ્ધિ સૂઝે. બીજા પાસે જો જપતપ કરાવો તો તે વ્યક્તિનું મનોબળ ને તપોબળ એવાં હોવાં જોઈએ કે તેનાં આંદોલનો તમારા મગજ પર પડે ને તમને યોગ્ય માર્ગ સૂઝે.

માંદગીમાં પણ એવું જ, જપતપ કરવાથી ડોકટરનાં માનસ પર અસર કરવાની છે જેથી તેને યોગ્ય દવા સૂઝે અને યોગ્ય ચિકિત્સા કરી નિદાન કરે. તેમ દર્દીના માનસ પર પણ અસર કરવાની છે કે તે ગ્રહોનાં કિરણો નંગ દ્વારા માનસ ભૂમિ પર હસ્તરેખામાં વહેતા રક્તપ્રવાહથી પહોંચે ને તે માનસ સબળ બને ને રોગની અસરથી દૂર રહેવા માંડે.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

## ૩ : નંગ કઈ આંગળીએ પહેરવાં ?

નંગ કઈ આંગળીએ પહેરવાં એ ચોક્કસ કરવું મુશ્કેલ છે. જોશીઓ કહેશે કે તર્જની, અનામિકા, મધ્યમા, કનિષ્ઠિકા વગેરેમાં આ અમુક આંગળીએ જ પહેરજો. પણ અહીં હસ્તરેખા શાસ્ત્રનો સંબંધ વિચારવો. કનિષ્ઠિકા બુધ ગ્રહની છે, અનામિકા સૂર્ય ગ્રહની છે, મધ્યમ શનિ ગ્રહની છે, તર્જની ગુરૂ ગ્રહની છે; તો મંગળ અને ચંદ્રનાં નંગ કયી આંગળીએ પહેરવાં ? પહાડ બે છે. એક અંગુઠા આગળ જીવનરેખા નજીક ને બીજો કનિષ્ઠિકા નીચે મસ્તકરેખા અને હૃદય રેખાની વચ્ચે હથેલીની ધાર પર. તો ચંદ્ર મસ્તક રેખા ને ભવિષ્ય રેખાની વચ્ચે હથેલીના ખૂણા તરફ છે ને શુક્ર પહાડ અંગૂઠાની નીચે હાથના કાંડા આગળ છે. આમ ગ્રહોના આધારે આંગળીઓનો વિચાર કરીએ તો ચંદ્ર, મંગળ ને શુક્ર નડતા હોય તો તેની વીંટી કઈ આંગળીએ પહેરવી ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હસ્તરેખા શાસ્ત્રમાં ગ્રહોનાં નંગનો સ્પર્શ ગણવામાં આવતો નથી. જ્યોતિષશાસ્ત્રમાં ગ્રહોની કનડગત દૂર કરવા નંગો પહેરવાનો ઉલ્લેખ છે નંગ એ ગ્રહનું પ્રતીક છે. શા માટે તે આગળ પર બીજા પ્રકરણમાં વિચારીશું. એટલે જે ગ્રહ નડે તે ગ્રહનું નંગ પહેરવું. હસ્તરેખા શાસ્ત્રમાં પણ જે પહાડ બેઠેલો હોય, તેમજ દુશ્ચિહ્નવાળો હોય તે ગ્રહ નબળો માની તેનું નંગ પહેરવાની ભલામણ થઈ શકે. પણ કઈ આંગળીએ !

અનામિકા આંગળીને વીંટીની આંગળી કહેવામાં આવે છે (ring finger) અને મોટે ભાગે વીંટી ત્યાં જ પહેરાય છે. (વધારે સગવડ ભરેલી આંગળી વીંટી માટે તે જ છે) કોઈ પણ ગ્રહના નંગની વીંટી આ આંગળીએ જ પહેરવી એ વધારે યોગ્ય છે કેમ કે આ આંગળી પર સૂર્યનું પ્રાધાન્ય ને પ્રભુત્વ છે. આ આંગળી નીચે સૂર્યનો પહાડ ને સૂર્ય રેખા માનવજીવન માટે ઉત્તમ છે પણ એમાંથી એક પણ કોઈ દુશ્ચિહ્નથી કે આડી રેખાથી દૂષિત હોવાં જોઈએ નહિ, કેમ કે સૂર્ય ચેતન શક્તિ આપનાર છે. સૂર્ય મંડળમાં મુખ્ય છે. બધા ગ્રહોની ઉત્પત્તિ સૂર્યમાંથી છે. (મંગળને ભૂમિપુત્ર કહ્યો છે ખરો). સૂર્ય પ્રાણનો અધિષ્ઠાતા છે, આથી સૂર્ય આંગળી અનામિકાએ વીંટી પહેરવાથી, વીંટીનું નંગ ચામડીના સ્પર્શથી સૂર્યપહાડ દ્વારા તેની અસર શરીરમાં ને માનસમાં કરે. અહીં યાદ રાખવાનું છે કે સૂર્ય હૃદયનો કારક છે ને હૃદય એ જીવન ટકાવવાનું મુખ્ય યંત્ર છે. એટલે સૂર્યઆંગળીએ વીંટી પહેરવાથી નંગ દ્વારા, સૂર્યપહાડ મારફત, ગ્રહની અસર માનવને થાય

જે વૈદ્યો ભસ્મને ઔષધ તરીકે આપવામાં નિષ્ણાત હોય તેણે દર્દીના હાથ પરથી તથા તેની કુંડળીના ગ્રહો પરથી નક્કી કરવું જોઈએ કે ક્યો ગ્રહ નબળો છે ! તે ક્યો રોગ કરે ? તે ગ્રહનો વિરોધી ગ્રહ ક્યો ? તે વિચારી તે ગ્રહના નંગની ભસ્મ તૈયાર કરી આપવી

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘટે. શરદી થઈ હોય તો શરીરમાં ઉષ્ણતાપ્રેરક આદુ, સૂંઠ, મરીનો ઉપયોગ થાય, ગરમીની ઋતુમાં બરફનાં પીણાં, આઈસ્ક્રીમનો ઉપયોગ થાય. પણ ભસ્મો દવાઓ વગેરે બધું હૃદય તરફ લોહીવાટે ઘસડાઈ જઈ પછી તે દર્દના ઠેકાણે પહોંચે છે ને હૃદયનો અધિષ્ઠાતા સૂર્ય છે માટે સૂર્યની આંગળીએ વીંટી પહેરવી એ યોગ્ય લાગે છે.

નંગ ચોખ્ખું જ જોઈએ. ડાઘા, તડ, ફાટવાળું હોય તો તે નંગ ગ્રહોનાં કિરણો બરાબર ગ્રહણ કરીને હૃદય તરફ પહોંચાડી શકે નહિ. તેમજ તે બળવાન રંગનું એટલે ગ્રહનો જેવો રંગ તેવું જ જોઈએ. જેમકે "ગુરુ'નું નંગ. ગુરુને ગુરુમંત્ર શ્લોકમાં "ગુરુ કાંચન સન્નિભમ્" સોનાના રંગ જેવો કહ્યો છે. માટે ધોળો પોખરાજ નહિ પણ પીળો પોખરાજ લેવો જોઈએ. અહીં કહેવામાં આવશે કે ગુરૂ જે રાશિમાં ને જે નક્ષત્રમાં હોય તેના રંગ પ્રમાણે પીળા રંગમાં ફેરફાર હોવા જોઈએ. અમારૂં માનવું છે કે ગુરૂ એટલે ગુરૂ. આપણે ગુરૂની આરાધના કરવાની છે પછી તે ગમે તે રાશિમાં કે નક્ષત્રમાં હોય. જે રીતે ગુરૂ મંત્રના જપમાં આવતા રાશિ કે નક્ષત્રનો ખ્યાલ કરતા નથી તેમ નંગમાં પણ કરવું. ગુરૂનું નંગ એટલે શુદ્ધ પીળો સોનાના જેવો પોખરાજ. નહિ રતુમડો કે નહિ ખુલ્લો પીળો.

આવાં નંગ સૂર્ય આંગળીએ—અનામિકાએ પહેરવાં. શનિ આંગળીએ નહિ, કેમકે તે આંગળીની રેખામાં નંગની અસર ખેંચવાની શક્તિ નથી. બુધ ગ્રહની કે ગુરૂની પણ એ શક્તિ નથી. જો કે પ્રથમ ચૈતન્ય પ્રવાહ ગુરૂની આંગળીથી પ્રવેશ કરે છે પણ તે સમગ્ર જીવનનો ચૈતન્ય પ્રવાહ છે. આપણે ગ્રહનાં કિરણોનો સંબંધ લેવાનો છે.

જો કે આની સામે કોઈ વિરોધ કરવામાં આવે એ શક્ય છે કેમ કે સૂર્ય કવચમાં (પૃષ્ઠ ૧૭) કહ્યું છે કે સૂર્ય કવચ ભૂર્જપત્ર પર રોચના, અગર ને કુંકુમથી લખીને રવિવારે, સૂર્ય સંક્રાંતિના દિવસે, સપ્તમી (ભાનુસપ્તમી) એ પહેરવું. આ સ્તોત્ર લખીને ત્રણ ધાતુમાં (માંદળિયું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે એવું કોઈ લોકેટ જેવું બનાવીને) જમણે હાથે, શિખામાં (હવે કોઈ શિખા રાખતું નથી કે જટા રાખતું નથી) કે કંઠમાં (દોરા યા માંદળિયામાં) પહેરવું. આમ પહેરાય તો વ્યક્તિ સૂર્ય સમાન તેજસ્વી અને પ્રભાવશાળી બને. (ત્રણ લોહ એટલે ત્રણ ધાતુ સમજવી. સોનું, ચાંદી, તાંબું) તો પછી સૂર્ય નંગ પણ જમણે હાથે કંઠે કે શિખામાં કેમ ન પહેરાય?

નંગ અને કવચ અથવા તંત્રની રચના જુદી છે. એના મંત્રની અસર છે. ફક્ત તે શરીર પર ધારણ કરવાનાં અથવા મંત્રથી પૂજા કરી નદી, કૂવા કે જમીનમાં મૂકવાનો હોય છે. જ્યારે નંગ આંગળીએ બહુધા ધારણ કરવાથી ગ્રહોનાં આંદોલનો ઝીલી શકે છે. મંત્ર તંત્રમાં તેમ હોતું નથી.

## તંત્ર, મંત્ર, નંગ

અત્રે પ્રસંગોપાત્ એક ઉલ્લેખ કરું છું. નંગ પહેરવામાં પણ ગ્રહ મંત્રના જપથી તેમાં શક્તિ જાગૃત કરવાની છે એ વાત ખરી પણ બને ત્યાં સુધી આંગળીએ ધારણ કરવું. હાથે પહેરવાથી તે ઢંકાઈ જાય. કાંડા ઘડિયાળની જેમ પહેરી શકાય પણ તે નંગનો સ્પર્શ શરીરની ચામડી જોડે થવો જોઈએ.

તંત્રમાં કાંઈક જુદું છે. અમુક આકૃતિમાં અમુક અંક (તંત્રની ગણતરી મુજબ ચોક્કસ હોય તે) તાંબું, ચાંદી યા સોનામાં કોતરાવી તેની વિધિસર પૂજા કરવાની હોય છે. મારા પિતાશ્રી સરકારી નોકરીમાં હતા ત્યારે તેમના પર ખોટા આક્ષેપ લાંચરૂશ્વતના આવેલા અને સરકારી અમલદારે તપાસ માટે બોલાવેલા. રાતોરાત મારી ફોઈના દીકરા જેને તંત્રનું જ્ઞાન હતું તેણે તંત્ર તૈયાર કરી, વિધિ કરી રાતોરાત ચાર વાગે ઘરના પાયા આગળ જમીન ખોદી વિધિસર દાટી દીધો. મારા પિતા તપાસમાં નિર્દોષ ઠર્યા. જે દુશ્મને ખોટી યોજના ઘડેલી તે ખુલ્લો પડ્યો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(મારા પિતા પાસે કોઈ પુરાવો ન હોવાં છતાં) અને મારા પિતાને પગાર વધારા સાથે ઉચ્ચ સ્થાન મળ્યું.

આવો બીજો દાખલો મારા ઘરનો જ છે. તેમાં રહેવા જતાં જ અમને પતિપત્નીને એકદમ ઝાડા છુટી ગયા. ન ડોકટર કે ન વૈદ્યની કે ન ઘરગથ્થુ દવા કામમાં આવી. મેં મારા અમદાવાદના જ્યોતિષ મિત્ર સદારામ પાઠકને લખ્યું. એ તંત્રનું કામ કરતા. મારા પર તાર આવ્યો કે કાલે જ હું આવું છું. બપોરની ફાસ્ટમાં તે આવ્યા તેવા જ સીધા ઓરડામાં પેસી ચારે બાજુ નજર નાખી ઈશાન ખૂણો પસંદ કીધો. મજૂરને બોલાવી ત્રણેક ફૂટ ઊંડો ખાડો ખોદાવ્યો. તેની પૂજા કરાવી. યંત્ર-તંત્ર તેમાં મૂકયો તેની પૂજા કરાવી. બધું ઢાંકી હતું તેવું કીધું. પછી અમે જમ્યા. બીજે દિવસે તે મુંબઈ ગયા અને અમારા ઝાડા એકાએક બંધ થયા.

અતિ નિપુણ ને નિષ્ણાત શુદ્ધ દિલનાં તાંત્રિક ભાગ્યેજ મારણ–તારણના તંત્રોનું કામ કરે છે. આવા કોઈક અવસરે તે આ કામ લે છે ને તે કરે છે. બાકી મારણ તારણના દુષ્ટ હેતુના આવા પ્રયોગો છે પણ તેમાં નંગની જેમ કોઈ યંત્ર વીંટીમાં ધારણ કરવાનો હોતો નથી.

નંગ ધારણ એ નિર્દોષ પ્રક્રિયા અને ઉપાય છે ને કેવળ સાત્વિક છે. તંત્ર પ્રયોગ કરનાર ભૂલથાપ ખાય તો કદાચ મૃત્યુ શરણ પણ થાય છે.

❀

## ૪ : ક્યા ધાતુની વીંટીમાં નંગ પહેરવું ?

**સામાન્યતઃ** સોનાની વીંટીમાં નંગ પહેરવામાં આવે છે તો કોઈક વ્યકિત સોનાનાં નાણાં ખરચી ન શકે તે ચાંદીમાં પહેરે છે. ખરૂં જોતાં આપણે નંગનો સંબંધ ગ્રહ જોડે જોડયો કે જે પ્રાચીન સમયથી જોડાયેલો છે તે કબૂલ્યો, તો આપણા ગ્રહોનો



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધાતુ સાથેનો સંબંધ પણ એ જ રીતે કબુલવો જોઈએ. તો તે ગ્રહનો જે ધાતુ પર અધિકાર હોય તે ધાતુની વીંટીમાં નંગ ધારણ કરવું જોઈએ. તો તે ગ્રહનું આકર્ષણ વધુ રહે. તેમ ગ્રહનાં માનીતા પુષ્પથી, પત્રથી તે નંગનું પૂજન થવું જોઈએ.

સામાન્યતઃ ગ્રહોની ધાતુઓ નીચે મુજબ છે :—

| ગ્રહ | | ધાતુ | | ઉપધાતુ |
|---|---|---|---|---|
| સૂર્ય | — | સોનું* | – | તાંબુ |
| ચંદ્ર | — | ચાંદી | – | ચાંદી |
| મંગળ | — | લોખંડ | – | તાંબુ |
| બુધ | — | પારો | – | કાંસું |
| ગુરુ | — | કલાઈ | – | કાંસું |
| શુક્ર | — | તાંબુ | – | ચાંદી |
| શનિ | — | સીસું | – | લોઢું |
| રાહુ | — | સીસું | – | — |
| કેતુ | — | પોલાદ | – | — |

હવે વિચાર કરીએ. એમાં પુરણોક્ત ભાવના ન રાખતાં બુદ્ધિપૂર્વક વિચાર કરીએ તો સૂર્ય માટે 'સોનું' બરાબર છે, કેમ કે મોટાં આદિત્ય હૃદયમાં પણ સૂર્યમાં સુવર્ણ પુરુષનું ધ્યાન ધરવા કહેલું છે. વળી ગ્રહોમાં સૂર્ય મુખ્ય છે તેમ ધાતુઓમાં સોનું મુખ્ય છે. આમ સોનાની ધાતુમાં સૂર્ય નંગની વીંટી પહેરાય તો તે યોગ્ય છે. તેમ ચંદ્ર સ્વભાવે ને દેખાવે શીતળ છે. એની ચાંદની પણ ચાંદી જેવી છે. સોનું ગરમ છે ચાંદી શીતળ છે. તેમ ચંદ્રનો સંબંધ પાણી સાથે છે. મોતી પણ પાણીમાંની માછલીના મોમાં પાકે છે આથી મોતી ચાંદીમાં રહે વાનો વિચાર યોગ્ય છે

* આ ધાતુ બધા જ નંગો માટે યોગ્ય જણાવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**મંગળ**—મંગળ અંગે ત્રાંબાનો ત્રિકોણ બનાવી તેમાં યંત્ર કોતરવામાં આવે છે. મંગળનો સંબંધ લોખંડ જોડે છે. તેમ શનિ અને રાહુનો પણ છે. મંગળ, શનિ અને રાહુનો મેળ ખાતો નથી. એ ગ્રહોનો સંબંધ હમેશાં વ્યક્તિને હેરાન કરે છે. ફક્ત શુભ નવપંચક જેવો સંબંધ શરીરની સલામતી સાધે છે. પ્રશ્ન એ છે કે જો મંગળનો સંબંધ લોખંડ સાથે લેવામાં આવે તો પાઠપૂજા વગેરેમાં લોખંડનો ઉપયોગ થતો નથી. મંગળ લોખંડના વેપાર યંત્ર વગેરેનો કારક છે પણ તેથી તેની વીંટી લોખંડમાં પહેરાય નહિ. આથી તાંબું મંગળ માટે સુયોગ્ય છે. જો સોનું મેળવવું હોય તો મેળવાય પણ તાંબાનું પ્રમાણ સવિશેષ હોવું જોઈએ.

**બુધ**—પારો વીંટી બનાવી ન શકે. કદાચ પારાનું મિશ્રણ થઈ શકે. તો બુધ માટે કઈ ધાતુ લેવી? બુધ બુદ્ધિકારક છે. ચન્દ્ર સ્મૃતિકારક મનનો માલીક છે. બુધનો પણ ચિત્ત, બુદ્ધિ, મન સાથે સંબંધ છે. ચંદ્ર બુધ બંનેનો આમ નૈસર્ગિક સંબંધ છે. વિરોધી સંબંધ નથી. આથી બુધની વીંટી પણ ચાંદીમાં પહેરવામાં કોઈ હરકત અમને દેખાતી નથી. આ બે ગ્રહોનો યોગ હમેશાં નિખાલસપણું ને પ્રામાણિક જળવાવે છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**ગુરૂ**—ગુરૂને તો 'કાંચન સન્નિભ' વર્ણવ્યો છે તો શા માટે સોના સિવાય બીજી ધાતુ એને માટે ન લેવી. પીળો પોખરાજ એનું યોગ્ય નંગ છે. તો સોનાની વીંટી પણ યોગ્ય છે

**શુક્ર**—શુક્રનો અધિકાર ત્રાંબા પર છે. પાશ્ચાત્ય જ્યોતિષીઓ પણ ધાતુના ધંધા અંગે શુક્રની તપાસ કરે છે પણ શુક્ર તેજસ્વી ગ્રહ છે. હીરો એનું નંગ છે. તો શા માટે શુક્રની વીંટી ચાંદીમાં ધારણ ન કરવી? સોનું અથવા ચાંદી લેવામાં હરકત નથી. સોનું એટલા માટે કે તે 'સત્ય'નું સ્વરૂપ છે. જેમ જેમ અગ્નિમાં તપે તેમ તેમ તે શુદ્ધ થાય છે. શુદ્ધ હીરો સત્યના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેટલો જ પ્રકાશમાન છે. ને શુદ્ધ સોનું સત્ય જેટલું જ પ્રકાશમાન છે. છતાં શુદ્ધ ચાંદીમાં શુક્ર પહેરવો એ વધુ યોગ્ય છે, એમ અમને લાગે છે.

**શનિ**—શનિને પૂજવા તલ તથા લોખંડની જરૂર જ છે. શનિ સ્તોત્રમાં લોખંડની શનિની મૂર્તિ બનાવીને પૂજવાનું કહ્યું છે. આમ અતિ નિકટ સંબંધ શનિનો લોખંડ જોડે છે—મંગળ કરતાં પણ. મંગળ લોખંડનાં યંત્રો, કોઈપણ ધાતુનાં યંત્રો માટે મુખ્ય છે. પણ શનિમાં યંત્ર આવતાં નથી—લોખંડ અને ખનિજ પદાર્થો. આથી શનિનું નંગ લોખંડની વીંટી યા લોખંડના તારની વીંટીમાં પહેરવું જ વધુ યોગ્ય છે. પણ તે મનને ગમે નહિ ને !

**રાહુ**—આ લોખંડને યોગ્ય છે. રાહુ પણ શનિ જેવો કાળો છે. પણ લોખંડ મુખ્ય તો શનિ માટે અમને લાગે છે. આથી શનિનું 'સીસું' રાહુનાં ગોમેદક નંગ માટે વધુ ઠીક લાગે છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**કેતુ**—આની ગણતરી વિંશોતરી દશાના હિસાબે જ છે છતાં તે રાહુનું પ્રતિયોગ બિંદુ છે. નંગ લસણીયો છે. લસણની ફોલેલી કળી જેવો એનો રંગ છે. તો કલઈ જે ગુરૂની ધાતુ ગણવામાં આવી છે તે ધાતુ કેતુને માટે ગણવી જોઈએ ને તેમાં વીંટી પહેરવી જોઈએ.

આ વિધાનો શાસ્ત્રોક્ત નથી. વિચાર કરતાં અમને વધુ ઠીક લાગ્યાં છે. જો કે અજમાવી જોવા પ્રસંગ આવ્યો નથી.

કેટલાંક ત્રિધાતુ, પંચધાતુ, સપ્ત ધાતુમાં નંગ પહેરવા સૂચના કરે છે તે સૂચના કદાચ તે તે ગ્રહો અન્ય ગ્રહોની દૃષ્ટિના યોગે કરતા હશે એમ માની લઈએ છીએ. જેમ કે 'મંગળ' શનિ, બુધ ને ચંદ્રની દૃષ્ટિમાં છે તો મંગળને આ ત્રણ ગ્રહની ધાતુની બનાવેલી વીંટીમાં પહેરવો. પણ આ હિસાબે ચાર ગ્રહની દૃષ્ટિ હોય તો ? ચારમાં મુખ્ય ગ્રહની ધાતુ મેળવી પંચ ધાતુ કરવી. કેમ કે ત્રણ, પાંચ, સાતનો મેળ એકી રાશિનો છે. ને ચાર કે છ ગ્રહોની દૃષ્ટિ હોય તો એકી સંખ્યામાં જવા માટે તે ગ્રહની ધાતુ ઉમેરવાથી દોષ નથી આવતો.

એક પ્રશ્ન છે કે કેટલાંક જ્યોતિષીઓ નવગ્રહની વીંટી પહેરવા સૂચવે છે. તો નવગ્રહની ધાતુનો સમન્વય કરીને વીંટી બનાવવી જોઈએ. પણ અમને લાગે છે કે ત્રિધાતુ, પંચધાતુ, સપ્ત ધાતુમાં વીંટી પહેરવાનો ઉદ્દેશ, તે તે ગ્રહને તેનાં નંગને 'બેડીમાં' કેદીને જકડીએ તેમ જકડવાનો હશે. જેથી તે ગ્રહ જેમ કેદી જેલરનાં દબાણથી નરમ પડી જાય. તેમ ધાતુઓનાં દબાણથી નરમ પડી જાય. આ કેવળ વિચાર છે. કોઈ સબળ પુરાવો અમારી પાસે નથી. એક દષ્ટાંત ટાંકું છું.

એક પ્રખર જ્યોતિષી સુરતમાં જદાખાડીમાં વર્ષો પહેલાં રહેતા હતા. શક્તિ ભક્ત હતા. નાણાંની સ્થિતિ કફોડી હતી. અમારા મિત્ર હતા. પોતાની એક ગુપ્ત વાત કહેતાં કહેતાં રડી પડયા. વાત નાણાં–દેવું વગેરેની હતી. મેં કહ્યું કે તમે શક્તિને સાધો. એટલે કહ્યું કે મેં સાધ્યાં. આ યંત્ર નાગરવેલના પાન પર કસ્તુરીથી ચિતરી, વિધિસર પૂજા કરી, માતાજીની કૃપા યાચી તે નાગરવેલના પાન પર માતાજીનાં દીપકનું સ્થાપન કરી મેં સંપુટિત ચંડીપાઠ કીધા. નવમે દિવસે સ્વપ્ન આવ્યું કે તું તારે ગામ જા. તારા ઘર પાછળ પચાસ ફૂટને અંતરે એક વૃક્ષ છે તેની બાજુમાં ઉત્તર દિશામાં ખોદ. જે મળે તે તારું–પછી માગીશ નહિ. હું તરત જ મારે ગામ ગયો. ઘરની પૂર્વ દિશામાં આશરે પચાસ ફૂટ દૂર વૃક્ષ હતું. મેં ઉત્તર દિશામાં ખોદ્યું. મારી કોદાળી એક વસ્તુ સાથે અથડાઈ. ઉશ્કેરાટ ને આનંદમાં તે વસ્તુ કાઢી તો તે પેટી હતી. તેમાંથી પાંચ છ પિત્તળનાં વાસણો નીકળ્યા ! ! !

માતાજીના યંત્ર ઉપર દીપક મૂકી અનુષ્ઠાન કરનારને બીજું શું મળે ! આપણે દેવ દેવીને સતાવીને લેવા જઈએ એમાં શું મળે ? ગ્રહોને ત્રણ, પાંચ, સાત ધાતુમાં જકડયે કેદ કરવાથી શું વધુ ! વાઘ પાસે બકરી બાંધી તેને સુંદર ચારો આપવાથી કંઈ ફળ સિદ્ધ થાય !

કંગાળ દશામાં મરવું સારૂં પણ દેવ, દેવી કે ગ્રહોને સતાવી દબાવીને ફળ પ્રાપ્તિ કરવાની ઇચ્છા ન કરવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તો ત્રણ ધાતુનાં માદળિયામાં સૂર્યકવચ ધારણ કરવાથી સૂર્ય જેવો બનશે. એમ કેમ લખ્યું ? આ પ્રશ્ન છે. એક જ ઉત્તર અમને લાગે છે કે સૂર્ય માટે સોનું, ચાંદી ને ત્રાંબાનું મિશ્રણ યોગ્ય છે. એ સૂર્યને બંધન કરે નહિ. ત્રાંબું કેમ બંધન ન કરે ? એ પ્રશ્ન થશે જ. પણ ખરું જોતાં સૂર્યના ગોળામાં તમામ ધાતુઓ ને નંગો વગેરેના પ્રવાહી છે. સામાન્યતઃ અલંકારો ઘડવામાં સોનાં અને ત્રાંબાની જ મેળવણી વધુ આવકારદાયક ગણાય છે. પિત્તળની એટલી બધી નહિ. કેમકે ત્રાંબાથી સોનામાં એક પ્રકારનો વિશેષ ઓપ આવે છે. આમ માનવું પડે.

એક જણે કહ્યું હતું કે નંગ આંગળીને અડકે પણ એ માટે વીંટી જ કેમ પહેરવી ? લોકેટ, કંકણ પણ ચાલે. પણ નંગ ચામડીને સ્પર્શે એવું જોઈએ આનું એક બીજું પણ વૈદકીય દૃષ્ટિએ કારણ છે. વૈદ્યો કહે છે કે અમુક રીતે કબજિયાત દૂર કરવા રાતે તાંબાના લોટામાં પાણી ભરી રાખો સૂર્યોદય થતા પહેલાં પી જાઓ પછી ઊંઘતા નહિ. અમુક શક્તિ લાવવા તેઓ કહે છે કે પાણીના લોટામ શુદ્ધ ચાંદીનું ઘરેણું આખી રાત રાખો ને પછી તે પાણી સવારે પી જાઓ. તે મુજબ સોનાનું ઘરેણું રાખીને પાણી પીએ તો ક્ષય, દમ નહિ થાય. આ ત્રણ ધાતુ સિવાય બીજી ધાતુનો ઉલ્લેખ વૈદ્યો આ રીતે કરતાં નથી. ત્રાંબું, સોનું ને ચાંદી પાણીમાં આઠ દશ કલાક પડી રહેવાથી તેમના ગુણોની અતિમંદ અસર પાણીમાં ઊતરે છે ને તે પાણી પીવાથી તેની અસર જલદી થાય છે કેમ કે પાણી તરત જ જઠરમાં મળી જાય છે. તરત અસર થાય છે એનો અર્થ એવો કરવાનો કે તે રક્તમાં સહેલાઈથી ભળી જાય છે. બીજી દવાઓની જેમ મધ, પીપરની જરૂર પડતી નથી. પણ આવા પ્રયોગ લાંબા સમયના છે.

આ જ કારણથી સૂર્યને ત્રિલોહમાં પહેરવાનું લખ્યું હશે ને તે ત્રિલોહ સોનું, ચાંદી ને તાંબુ જ હશે. સોના–ચાંદીનાં વાસણોમાં ભોજન લેવાનું

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ આવું જ કોઈ કારણ હશે. એક અધિકારીને મેં ચાંદીના વાટકામાં જ પ્રવાહી પદાર્થ શીખંડ વગેરે લઈ જમતા જોયા છે. (હવે તો સ્ટેઈનલેસ સ્ટીલ ! ! ચાંદીથી ઊંધી અસર આ નવી ચાંદી કરે તો નહિ ને !)

## ૫ : કયા ગ્રહનું નંગ નક્કી કરવું ?

**પ્રથમ** આ વિભાગમાં કહ્યું છે તેમ ગ્રહ નીચનો હોય કે નિર્બળ રાશિમાં હોય તે હેરાન કરે છે એમ માનીને તે ગ્રહનું નંગ નક્કી કરવામાં આવે છે. જે સ્થાનમાં પડ્યો હોય તે સ્થાનનો વિચાર કરવામાં આવે છે. જેમકે મંગળ પાંચમે પડ્યો છે ને છોકરાં થતાં નથી કે જીવતાં નથી એમ હોવાથી મંગળવાર કરવાનું કહેવાય છે. મંગળના જપ કરવાનું કહેવાય છે ને મંગળનું નંગ પહેરવાનું કહેવાય છે. પણ અહીં સમજવાનું છે કે કેટલાંકને પાંચમે મંગળ હોય છે. છતાં છોકરાં હોય છે. પણ નંગ પહેરવાથી છોકરાંના જન્મ અંગે શો ફાયદો થાય તે સમજવું મુશ્કેલ છે, જપતપ વગેરેથી ફાયદો થાય એમ માનીએ કે એ દૈવી શક્તિનો યોગ કરે છે પણ વીંટી પહેરવાથી જ સંતાન થાય એ માનવું જરાક વસમું લાગે છે. મંગળના યંત્રની પૂજા વિધિ વગેરેથી પરમાત્મા પ્રસન્ન થાય ને સંતાન બક્ષે. કદાચ દેવું પૂરું થાય કે રોગ નાશ પામે. મંગળના નંગમાં મંગળનાં કિરણ યા આંદોલન મોજાં પ્રવેશવાથી શરીરની ગરમી ઘટી જાય એ માનવામાં આવે નહિ. વળી આ મંગળ, શનિ યા રાહુથી પીડિત હોય તો મંગળની વીંટી પહેરવાથી કઈ રીતે બળ મળે ? મંગળને શનિ રાહુ ન પીડે માટે તો શનિ રાહુને મનાવવા તેના જપતપ કરવા જોઈએ.

અમારું માનવું છે કે આવા પ્રસંગમાં 'નંગ' આવા ગ્રહનું પહેરવાનો કોઈ અર્થ નથી. જપતપનો અર્થ કદાચ સારો પણ પાંચમા ભાવનો માલીક કોણ છે તે જોવું જરૂરનું છે ને તેને કોઈ શુભગ્રહ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મદદ કરતો હોય તો તે જોવું જોઈએ. પ્રશ્ન સંતાનનો છે માટે ગુરૂ અથવા ચંદ્રથી પાંચમું સ્થાન ને તેમાં જે ગ્રહ રહ્યો હોય તે જોવો જોઈએ. એમાં જ બળવાન ગ્રહ હોય તેનું નંગ પહેરવાથી કદાચ ઇચ્છિત ફળે અથવા તેની સામે જે શુભગ્રહ હોય તેની ઉપાસનાથી ફળ મળે. મંગળ પાંચમે હોય પણ ગુરૂ નવમે હોય કે દેહ ભાવમાં હોય કે તે રીતે ગુરૂ, શુક્ર વગેરે હોય તો તેને ફળદાયી જાણવા ને તેની ઉપાસના કરવી.

અહીં બે દૃષ્ટાંત રાહુનાં આપીએ છીએ. એક રાવજીભાઈ પટેલને બીજા સ્થાનમાં રાહુ હતો. દરેક ધંધામાં કોઈ ને કોઈ ખોટ આવી જાય. એ પોતે જ્યોતિષનું જ્ઞાન ધરાવતા હતા પણ ધંધો નિષ્ફળ જ જાય. ઘણાં ધંધા કીધા ને નાણાં ખોયાં. પછી એક વખત વિચાર કરતાં એમને સૂઝ્યું કે રાહુ બીજે છે માટે હવે રાહુનો જ ધંધો કરવો એમ વિચારીને કચરાપટ્ટીનો શહેરમાંથી નિકાલ કરવાની ગોઠવણનું કામ એણે ઉપાડ્યું ને એમાં કાળાન્તરે ફાવ્યા ને ધનની ચિંતા ગઈ. પણ એકવાર તે પોતે ઘણા ઠીકઠાક પોતાના ગામમાં જ થઈ પડ્યા હતા.

આવું એક બીજું દૃષ્ટાંત રાહુનું એક જ્યોતિષીએ આપ્યું હતું. એના ગ્રાહકની નાણાકીય સ્થિતિ ખૂબ ખરાબ થઈ ગઈ હતી. જ્યાં ત્યાંથી પાછા પડવાનું થાય ને સૌ તેને ધુત્કારે. જ્યોતિષી આગળ એણે બધી બીના કહી. કાળા મગ ખાઈ બુધવાર કર્યા. ભૂખ્યા રહી કર્યા, સંકટચતુર્થીઓ કેટલીયે કરી નાખી. પણ દિવસે દિવસે તેની સ્થિતિ કથળતી ગઈ. જ્યોતિષીએ તેને ભંગિયાની જેમ રહેવા ફરમાવ્યું ને ૧૮ દિવસનો પ્રયોગ કર્યો. તેમાં આ ગ્રાહકે સ્નાન કરવાનું નહિ. જાજરૂ જઈ આવીને સ્નાન કરવાનું નહિ. કપડાં બદલવાનાં નહિ. માથું હોળવાનું નહિ. જાજરૂ સાફ કરવાનું. ખાળ ચોકડી સાફ કરવાનાં. કચરો વાળવાનો વગેરે વગેરે બધું રાહુનું કામ કરાવ્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જમવામાં પણ જાડાં અનાજ બાજરી, બાવટો વગેરે ને રોટલો ને મીઠું. આમ, આમ કંગાળ રીતે અઢાર દિવસ એના કઢાવ્યા ને તે કંટાળી ગયો. જ્યોતિષીએ અમને કહ્યું કે ૭ માસમાં આ પ્રયોગ પછી આ વ્યક્તિને સારી નોકરી મ્યુનિસિપલ ગટર ખાતામાં મળી ને તેનો ઉદય થયો ! રાહુ ભાગ્યમાં હતો ને !

આવા પ્રયોગ કરવા કે કેમ તે વિષે અમે કાંઈ કહી શકતા નથી. પણ રાહુનું નંગ પહેરવાથી નોકરી મળી નહિ એમ તે જ્યોતિષી કહેતા હતા. રાહુનો કયા શુભ યા અશુભ ગ્રહ જોડે શુભ સંબંધ છે તે એમણે જોયું કે વિચાર્યું નહોતું. રાહુનું જીવન કંગાળ ગણાય છે. માટે તેવું જીવન જીવવાથી ફાયદો થયો એમ એમનું માનવું હતું.

જો આ હકીકત સત્ય હોય તો જેનો શુક્ર નબળો હોય તેણે શુક્રનાં જેવું લહેરી, ફેશની, આનંદી, મોજીલું જીવન જીવવું અને મંગળ એવો હોય તો મંગળનાં જેવું લડાયક, ક્રોધી, તામસી, આવેશવાળું જીવન જીવવું ને શનિ એવો હોય તો ખૂબ વેઠ કરવી, ગમગીન રહેવું, ઉદાસી બનવું વગેરે વગેરે બાબતો ગળે ઊતરે એવી તો નથી.

આ બધી ચર્ચાનો સારાંશ એક જ યોગ્ય લાગે છે કે જે 'ગ્રહ' કુંડળી જોઈને ફળદાયી થાય એવું નક્કી કરવું અને તે ગ્રહનું નંગ પહેરવું. નંગ પહેરતાં પહેલાં તેની વિધિસર પૂજા વગેરે બધું જ કરવું. તે ગ્રહનું નંગ પહેરવું. નંગ પહેરતાં પહેલાં તેની વિધિસર પૂજા વગેરે બધું જ કરવું તે નંગને યોગ્ય ધાતુમાં તે જડવું, ને પછી રોજ જ તેની પૂજા જપ ને મંત્ર પાઠ કરવા. કેવળ નંગ ધારણ કર્યું એટલે ફળ પ્રાપ્તિનો ચમત્કાર થવો જ જોઈએ એવું માનવું ઠીક નથી. નોકરી માટે ઑફિસમાં જઈ બેસી જ રહીએ તો નોકરી મળતી નથી. બેંકમાં નાણાં લેવા જઈએ તો સીધા રીતે તરત નાણાં મળતા નથી. અમુક વિધિ તો કરવી જ પડે છે. તેમ ટિકિટ લીધી એટલે આગગાડી આવવી જ જોઈએ ને તેમાં જગ્યા પણ મળવી જ જોઈએ એવું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નથી. વિધિસર પૂજા કરેલું નંગ પહેર્યું તો તેની રોજ સેવા કરવી જ જોઈએ.

ગ્રહોના મંત્ર જાપના મંત્ર તથા સ્તોત્ર પ્રથમ વિભાગમાં આપ્યા છે. જૈનો પોતાના ધર્મ પ્રમાણે જુદા જ મંત્ર જાપ કરે છે તે નીચે પ્રમાણે છે.

**સૂર્ય** અંગે સૂર્યનું નંગ પહેરીને રાતાં વસ્ત્ર તથા રાતી નવકારવાળી ધારણ કરી પૂર્વ અથવા ઉત્તર દિશા તરફ બેસીને સવારમાં 'ૐ હ્રીં પદ્મપ્રભુ નમસ્તુભ્યમ્. મમ શાંતિ! શાંતિ!' એમ એકવાર બોલી એક મણકો મૂકતા જવું ને માળા પૂરી કરવી. બની શકે તેટલી માળા કરવી.

**ચંદ્ર** નડતો હોય એમ લાગે તો ધોળાં વસ્ત્ર, ધોળી નવકારવાળી ધારણ કરીને 'ૐ હ્રીં ચંદ્રપ્રભુ નમસ્તુભ્યમ્ મમ શાંતિ! શાંતિ!' એમ બોલતાં ઉપર મુજબ માળા કરવી.

**મંગળ** નડતો હોય એમ લાગે તો 'ૐ હ્રીં વાસુપ્રભુ નમસ્તુભ્યમ્ મમ શાંતિઃ શાંતિઃ' એમ બોલતાં ઉપર મુજબ માળા ફેરવવી.

**બુધ** નડતો હોય તો પીળાં વસ્ત્ર અને પીળી નવકારવાળી ધારણ કરી ઉપર મુજબ 'ૐ હ્રીં શાંતિનાથ પ્રભુ નમસ્તુભ્યમ્ મમ શાંતિઃ શાંતિઃ' એમ બોલી માળા ફેરવવી.

**ગુરૂ** નડતો હોય તો પીળાં વસ્ત્ર પીળી નવકારવાળી ધારણ કરી 'ૐ હ્રીં ઋષભદેવ પ્રભુ નમસ્તુભ્યમ્ મમ શાંતિઃ શાંતિઃ' એ મંત્રથી માળા ફેરવવી.

**શુક્ર** નડતો હોય તો ધોળાં વસ્ત્ર, ધોળી નવકારવાળી ધારણ કરી 'ૐ હ્રીં સુવિધિનાથ પ્રભુ મમ શાંતિઃ શાંતિઃ' એ મંત્રથી કામ કરવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શનિ નડતો હોય તો 'ૐ હ્રીં મુનિ સુવ્રત પ્રભુ, નમસ્તુભ્યમ્ મમ શાંતિઃ શાંતિઃ' એ મંત્રનો ઉપયોગ કરવો.

રાહુ માટે 'ૐ હ્રીં નેમિનાથ પ્રભુ નમસ્તુભ્યમ્ મમ શાંતિઃ શાંતિઃ' એ મંત્ર કામમાં લેવો.

કેતુ નડે તો લીલાં વસ્ત્ર, લીલી નવકારવાળી ધારણ કરી 'ૐ હ્રીં પાર્શ્વનાથ પ્રભુ નમસ્તુભ્યમ્ મમ શાન્તિઃ શાન્તિઃ'થી કામ કરવું.*

## ૬ : જીવનદાતા ગ્રહ (લાઈફ પ્લેનેટ) ને સંસ્કાર ગ્રહોનાં નંગ

જૈન સાઈટ JAINSITE .com જૈનાં જયતિ શાસનમ્

**જીવનદાતા** ગ્રહ અથવા લાઈફ પ્લેનેટ બરાબર નક્કી કરવાની જરૂર છે. જો મનુષ્યનું જીવન દરેક રીતે નબળું જતું હોય તો તેણે આવા ગ્રહનું નંગ પહેરવું વધુ યોગ્ય છે.

પાશ્ચાત્ય જ્યોતિષીઓ જાતજાતનાં નંગો ધારણ કરવા અંગે પોતાના અભિપ્રાય આપે છે. દરેક દિવસે અમુક અર્થ સિદ્ધિ કરવા તે દિવસને અનુકુળ નંગ પહેરવા સૂચવે છે. તો રેઈસ વગેરેમાં વિજય મેળવવા કોઈક જુદાં જ નંગ પહેરવા સૂચના કરે છે. કદાચ આ અંગે કોઈક ભૂમિકા હશે પણ જો એવું હોય તો દરેક વ્યક્તિ આ રીતે નંગ ધારણ કરવાથી વિજયી બને જ ! ! !

આ એક પ્રકારની ઘેલછા છે. "મારાજ ! હું ઘણી જ દુઃખી છું. જરાયે મગજ કામ કરતું નથી. કંટાળી ગઈ છું. કોઈક ઘેરનું નંગ પહેરવા કહોની. પહેરી નાખું. ચિંતા તો મટે" આવાં વાક્યો સાંભળીને મારાજ' કુંડળી જોઈ ગ્રહનું નંગ નક્કી કરે છે. પણ પરિણામ શૂન્ય આવે છે.

---

* આ મંત્રો નરચંદ્ર જૈન જ્યોતિષ પ્રકાશ ગ્રંથમાંથી લીધા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે ધન લગ્ન કુંડળી લો. એમાં ધન લગ્ન છે, મેષનો સૂર્ય છે, કર્કનો ચંદ્ર છે. તો સામાન્ય સુખ માટે ને દુઃખ દૂર કરવા કયું નંગ પહેરવું ? લગ્ને ગ્રહ નથી ને લગ્નેશ ગુરુ છે. સૂર્ય બળવાન છે ને ચંદ્ર બળવાન છે. જો ગુરૂ નિર્બળ જ હોય તો સૂર્ય કે ચંદ્ર જે વધુ સ્થાનબળી હોય તેનું નંગ પહેરવું જોઈએ, પણ ગુરૂ જ બળવાન હોય તો તો ગુરૂનું જ નંગ પહેરવું. ગુરૂ બળવાન એટલે તે ધન લગ્નને જોતો હોય કે ભાગ્ય ભુવનને જોતો હોય. જેનું ભાગ્ય સુધર્યું તેનું સર્વ સુધર્યું. તેમજ પહેલું સુખ તે જાતે નર્યા એમ માનવું. ધન લગ્ન ન હોય છતાં દેહભાવને બળવાન ગુરૂ જોતો હોય કે દેહ ભાવના સ્વામીના શુભ યોગમાં હોય તો પણ ગુરૂનું નંગ પહેરવું.

**ગુરૂના નંગની મહત્તા** : ગુરૂનું નંગ કોઈને નુકશાન કરતું નથી. તે સર્વથા શુભ છે. એમ અમારું માનવું ને અનુભવ છે. બીજો ગ્રહ નડતો હોય છતાં ગુરૂનું નંગ ધારણ કરવાથી ને વિધિસર રાખવાથી અમુક તાકાત મળે છે. પણ દરરોજ તેની પૂજા કરતાં પહેલાં અન્ય ગ્રહની માઠી અસરથી અલિપ્ત રહેવા માટે સહાય માગનારો સંકલ્પ કરવો. પ્રશ્ન એ થાય કે શનિ કે મંગળ કે સૂર્ય કે રાહુ નડતો હોય તો ગુરૂ સહાય કેવી રીતે કરે ?

વ્યવહારમાં આપણે જોઈએ છીએ કે દુષ્ટ માણસો સાથે તકરાર થાય તો તેને નમવાથી તે વધુ જોર કરે છે. તેની ગુલામી સ્વીકારીએ (જેમ ઉપર રાહુના નડતરના પ્રયોગનું દૃષ્ટાંત આપ્યું છે તેમાં વર્ણવ્યું તેમ) તો કદાચ ફળ મળે પણ દુષ્ટ માણસનો પરાજય કરવા બળવાન સારી વ્યક્તિનો આશરો લઈએ તો સફળતા મળે છે. તેમ જો કુંડળીમાં ગુરૂ બળવાન ગમે તે સ્થાને હોય તો તેનો નંગ ધારણ કરવાથી જપ, તપ કરવાથી સારૂં ફળ મળે, કષ્ટ તો દૂર થાય. ખરૂં જોતાં તો અમારૂં સ્પષ્ટ મંતવ્ય તો એ જ છે કે **ગમે તે ગ્રહ નડતો હોય તો ઈષ્ટદેવની પરમાત્માની આરાધના, પ્રાર્થના, જપ તપ કરવા, કેમકે ગ્રહો પરમાત્માએ બનાવ્યા છે ને તે તેના અધિકાર**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નીચે કામ કરે છે. જો તેને સાધીએ તો ગ્રહ શું કરી શકે! રાજાનો સાથ હોય તેને કોણ છેડી શકે? છતાં જેમ પટાવાળાને રાજી રાખવો જોઈએ તો તે કોઈ દિવસ ઉપરીને ભંભેરે નહિ તેવા વિચારથી ગ્રહની આરાધના કરવી હોય તો કરી શકાય પણ તેમાં ગુરૂ વધુ પ્રાધાન્ય ભોગવે છે, કારણ કે—

ગુરૂ એ જીવ છે! તે 'વિદ્વાંવર' સમજુ શ્રેષ્ઠ પંડિત છે, ગ્રહોની પીડા હરનાર છે, સૌમ્ય છે, દયાવાન છે. નક્ષત્રોનો અધિપતિ છે. તેમ તેને બીજા ગ્રહો પણ બાધા, કષ્ટ કરતા નથી. તેને દેવો રક્ષે છે (જુઓ પૃષ્ઠ ૬૨) દેવોનો અધિપતિ છે, દેવોથી પૂજાયલો છે, વગેરે વગેરે જોતાં જે ગુરૂને પૂજે છે તેને કોઈ પણ ગ્રહ હેરાન કરી શકતો નથી.

આમ હોવાથી બીજા ગ્રહો નબળા છે એવું લાગે તો પણ ગુરૂની આરાધનાથી તે કાંઈ કરી શકતા નથી. ગુરૂ આવરદા આપનાર છે. લક્ષ્મી આપનાર છે, સંતાન આપનાર છે. જ્ઞાન આપનાર છે. આનાથી વધુ શું જોઈએ! શનિ આવરદા ગ્રહ મનાય છે, પણ ગુરૂ આવરદા રક્ષક છે. મંગળ ક્રોધી છે પણ ગુરૂ સતત પ્રશાંત છે. મંગળ રોગકૃત—રોગનાશન—રોગ કરનારો ને રોગ નાશ કરનારો છે પણ ગુરૂ તો નીરોગી રાખનાર છે. પૃષ્ઠ ૬૨માં છઠ્ઠો શ્લોક વાંચો. વિરૂદ્ધ પરિસ્થિતિમાં પણ તે શુભ ફળ આપે છે. એને છંછેડવાથી તે ક્રોધી થઈ હેરાન કરનારો પણ ગણાયો છે.

ગુરૂ એકલો આ પ્રમાણે ફળ આપે છે. શનિ કે મંગળ રાહુના અશુભ યોગમાં હોય તો ગુરૂ નિર્બળ ગણાય છે પણ પરમાત્માનું શરણ લઈ તેની શુદ્ધ ભાવથી સ્તુતિ કરી જપાદિ કરીને ગુરૂને બળ આપવામાં આવે તો બીજા નેષ્ઠ ગ્રહોનાં ફળ પરિપાક પામે નહિ એમ અમારું માનવું છે.

કુંડળીમાં ગુરૂ દેહભાવનો માલિક બની દેહભાવને ગમે તે ભાવથી જોતો હોય, અથવા સ્વગ્રહી કે ઉચ્ચનો થઈ દેહભાવ, આયુર્ભવન

જૈન સાહિત્ય JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વગેરેને જોતો હોય તો બીજા નબળા યોગોને દબાવી દેવા ગુરૂનું જ શરણ લેવું વધુ ઠીક લાગે છે. ગુરુ મંગલ, રાહુ શનિના યુતિ, કેન્દ્ર કે પ્રતિયોગે કે તેની રાશિના યોગે નબળો પડે છે છતાં ઇષ્ટ દેવની ઉપાસના સાથે ગુરૂની ઉપાસના નંગ વગેરે ધારણ કરી કરવામાં આવે તો તે અવશ્ય ફળદાયી થાય. તો પછી ગુરૂને બુધ, શુક્ર, ચંદ્ર જેવાનો શુભ સંબંધ હોય તો ફળ વધારે સારૂં મળે જ.

❋

## ૭ : નંગ પહેરનારે પાળવાના નિયમો

**કેવળ** નંગ પહેર્યું એટલે ફળ મળવું જોઈએ એ માન્યતા ખોટી છે. નંગ પહેરનારે વિધિસર પૂજા જાપ વગેરેથી બળવાન બનેલા નંગની પ્રતિદિન વિધિસર પૂજા કરી શુદ્ધ રાખવું જ જોઈએ ને તેની સ્તોત્ર, જપ વગેરેથી કૃપા મેળવવી જોઈએ તો જ તે ફળ આપે.

સૂર્યાંતકમાં તો કહ્યું છે કે જે કોઈ રવિવારે માંસ, મદિરા વગેરેનું ભક્ષણ કરશે તે સાત જન્મ સુધી રોગી રહેશે અને દરેક જન્મમાં દરિદ્રતા પામશે. જે કોઈ સ્ત્રીનો સહવાસ, દારૂ, માસ, તેલનો ત્યાગ રવિવારે કરશે તેને વ્યાધિનું દુઃખ નડશે નહિ ને તે દરિદ્રી થશે નહિ.

આ હકીકત ઘણું ખરૂં દરેક ગ્રહ માટે જાણવી. શનિનું નંગ ધારણ કરનારે તો વધારે સજાગ રહેવું જરૂરનું છે. શનિને હનુમાનનો સંબંધ છે. ચારિત્ર્યશુદ્ધિ સવિશેષ માર્ગ છે. શનિ હનુમાનના પગ નીચે દબાયલો છે આથી તે જ્યાં સુધી ધારણ થાય ત્યાં સુધી શારીરિક અને માનસિક બ્રહ્મચર્યની અપેક્ષા રાખે છે. ખંત રાખીને કામ કરનાર, મહેનતુ, પ્રમાણિક, નિખાલસ, સરળહૃદયી વ્યકિતને, નિયમો તથા આચાર વિચાર ને શુદ્ધતા રાખનારાને વધુ સહાય કરે છે. તેરસને દિવસે આવી કોઈ વ્યકિત શનિના નંગની

JAINSITE.com જૈન સાઈટ જૈન જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શમીપત્રથી પૂજા કરે તો તે સુખી થાય છે. જો કે જ્ઞાન આપનાર ગ્રહ ગુરુ ગણાય છે પણ આધ્યાત્મિક જ્ઞાન આપનાર શનિ છે. સૂર્યને તેલ પ્રિય નથી, શનિને છે. કેટલીક વ્યકિત શનિવારે તેલ ચોળીને બેસી રહે છે એનો અર્થ નથી. જેમ તેલનો અર્થ–શુદ્ધતા રાખવી એ કરવાનો છે. તૈલ સ્નાનથી શરીર શુદ્ધ બને છે. તેલ ચોળવાથી રક્ત પ્રવાહ યથા-યોગ્ય વહે છે. તેલ ચોળવાથી ગરમી આવે છે. તેલથી વાયુ નાશ થાય છે, શરદી શમે છે. તેમ શનિને કાળો રંગ ગમે છે માટે કોલસાનો જ ઉપયોગ કરવો એવી ધૂન પણ રાખવી નહિ. કાળું વસ્ત્ર પહેરવું એ ઠીક. કાળા મગ કે અડદ ખાવા એ ઠીક. પણ તેલમાં તળેલાં વડાં જ ખાવા જેથી આપણું કષ્ટ તળાઈ જઈ નાશ પામે એવી ભ્રમણા સેવવી નહિ. લોખંડના પાટલા પર જ બેસવું એવી ધૂન રાખવી નહિ. કાળા રંગના ઓરડામાં જ બેસી રહેવું કે અંધારામાં જ રહેવું, કાળાં વેંગણ જ ખાવા વગેરે વગેરે બાબતો બુદ્ધિ બહારની છે. શનિનો રંગ કાળો કે ભુરાસ પડતો છે આથી તેવી કોઈક નંગની વસ્તુ ધારણ કરી તેમાં શનિનું ધ્યાન ધરી શનિ સાથે એકાગ્રતા કરવી એ જ મુખ્ય હેતુ ધ્યાનમાં રાખવાનો છે.

કેટલીક વાર કોઈ કોઈ રઢીખડી વ્યકિતઓ નંગ અને રંગ પાછળ ઘેલી હોય છે. અને મગજમાં ઊતરે નહિ એવી રીતે કામ કરે છે તે કેવળ હસનીય નીવડે છે. કોઈક ગૃહસ્થને કોઈએ નવગ્રહની શાંતિ કરવા પૂજા વિધિ કરી તેમાં નવગ્રહની વીંટી પહેરવા સૂચના આપી. તે મુજબ નવગ્રહની વીંટી પહેરી. પણ તેને લાગ્યું કે ગ્રહોના રંગ પ્રમાણે કપડાં પહેરવાં ને સૂવાબેસવાના ઓરડાનો રંગ પણ એવો રાખવો. આથી દર વારનાં જુદાં જુદાં રંગનાં ગ્રહો પ્રમાણે, કાળાં, પીળાં, લીલાં, ધોળાં વગેરે રંગના કપડાંની જોડ કરાવી તેમજ ઘરના ઓરડાના રંગ પણ બદલ્યા. ઘરમાં નવ ઓરડા તો મળે નહિ આથી એક ઓરડાનો રંગ પીળો કાયમ રાખ્યો પણ બીજા ચાર ઓરડામાં પાસે પાસેની ભીંતના રંગ જુદા રાખ્યા એટલે એક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઓરડામાં બાજુ બાજુની બે ભીંતો રાખોડી રંગની તો બે લાલ રંગની બે કાળા રંગની તો બે છાણના રંગની એમ કર્યું. ને જે વાર આવે તે વારે તે જ ભીંત સામે મોં રાખીને જ બધું કામ કરે. પણ વાર સાત ને ગ્રહો નવ આથી રાહુ કેતુ માટે એમણે ઓરડાની સિલીંગો પસંદ કરી!! અને આરામખુરશીમાં બેસી ઊંચે નજરે કામ કરવા માંડ્યું. પરિણામ હતું ત્યાં જ. જ્યોતિષશાસ્ત્રને છેવટે એમણે વખોડવા માંડ્યું.

આ રીતે એક ગૃહસ્થે મોટરના રંગો જુદા જુદા રાખ્યા. ચાર મોટરો તો હતી. બહાર રંગ જુદો અંદર જુદો !!!

એવી રીતે ગ્રહ રાજી થતા નથી. મર્યાદામાં બધું ઠીક, તેમ નંગ અને રંગમાં કોઈક અજબ ચમત્કાર છે ને તે કરી શકાય છે એવી માન્યતા ઊભી કરે. કેટલીક વ્યક્તિઓને સૂચના અપાય છે. "તમારે આ ગ્રહની વીંટી પહેરવી. બરાબર સાફ કરીને નોકરી માટે મળવા જવું. સાહેબ જોડે વાત કરતાં યુક્તિપૂર્વક તમારી વીંટી ને નંગ પર સાહેબની નજર પડે એવી યુક્તિ કરજો. તમે વારંવાર વીંટીને ફેરવજો વાત કરતાં તમેજ વીંટીનું નંગ જોયા કરજો. પછી જુઓ ચમત્કાર. સાહેબ અંજાઈ જશે ને તમારું કામ સિદ્ધ થશે."

મોટે ભાગે આવા કામ સિદ્ધ થતાં નથી. મારણ, મોહન, સ્તંભન વગેરે સિદ્ધિ માટે નંગને ગ્રહોના રંગ નથી.

## ૭ : સૂર્યનું નંગ

**પ્રકરણ** ૬માં જણાવ્યું છે કે મોટે ભાગે ગુરુનું જ નંગ વધારે સરળ ને સીધું રહે છે. તે નંગ પહેરવાથી નુકસાન તો થતું નથી. કેટલાક મતે સૂર્યનું નંગ લાઈફ પ્લેનેટ ગણવું એવી સૂચના રજૂ થઈ છે. કારણ કે ગુરુ જીવ છે પણ સૂર્ય પ્રાણ છે એમ મનાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ંડળીમાં સૂર્ય, ચંદ્ર અને દેહભાવનું બિંદુ મુખ્ય છે. ચંદ્ર તો ઉપગ્રહ આથી તેને લેવાતો નથી. મન જોડે તેના સંબંધ છે 'ચંદ્રમા મનસોજાત !' એ પુરુષ સૂક્તનું વાક્ય છે પણ ચંદ્ર નિર્બળ બને ારે મગજને બગાડે. ચંદ્રનો અધિકાર 'મન' પર છે. ચંદ્ર રાહુ સ્ત કે અસ્તનો કે પાપગ્રહ પીડિત હોય તેને બગડેલો મનાય. ને તે ગડે એટલે મન બગડે, મન બગડે એટલે શારીરિક ને માનસિક ંદુરસ્તી બગડે એમ થયું. પણ તેનો ઉત્તર છે કે ચંદ્ર, પૃથ્વી વગેરે ધા જ ગ્રહ સૂર્યમાંથી ઉત્પન્ન થયા છે

અહીં શંકા થશે કે મંગળને ભૂમિપુત્ર કહ્યો છે એટલે મંગળ પૃથ્વીમાંથી ઉત્પન્ન થયો છે પણ એમ હોય તો ચંદ્રની માફક તેણે પૃથ્વીની પાછળ ફરવું જોઈએ. પણ તેમ નથી, ઊલટું ચંદ્ર પૃથ્વી પાછળ ફરે છે. ખરું જોતાં ચંદ્ર ભૂમિપુત્ર છે ને મંગળ તો ભૂમિનો સહોદર છે. શા માટે મંગળ ભૂમિપુત્ર કહેવાયો છે તે સમજવું મુશ્કેલ છે. અહીં મંગળના મંત્રનો વિચાર કરીએ તો 'ધરણીગર્ભસંભૂતમ્'નો અર્થ "ધરણી–પૃથ્વીના ગર્ભમાંથી ઉત્પન્ન થયેલો." થાય છે. તેમ ધરણી જેના ગર્ભમાં છે તેમાંથી ઉત્પન્ન થયેલો એવો અર્થ પણ થાય. ધરણી સૂર્યના ગર્ભમાં હતી એટલે ધરણીગર્ભનો અર્થ સૂર્ય થયો. કદાચ આ અર્થ મારીમચડીને ઊભો કરવામાં આવે છે એમ લાગશે, છતાં હડધૂત કરવા જેવો નથી કેમકે મંગળ સૂર્યની આસપાસ ફરે છે ને મંગળની જેમ પૃથ્વી પણ પહેલાં જ્વાળામુખી પર્વતોથી ભરેલી લાલચોળ હતી તે ક્રમશઃ ઠંડી પડતાં હાલનું સ્વરૂપ પામી છે.

આમ હોવાથી 'સૂર્ય' એ સર્વ ગ્રહો પર અધિકાર ધરાવે છે. સૂર્યમાંથી જ બધા ગ્રહો ઉત્પન્ન થયા છે. પૃથ્વી પણ ગ્રહ છે ને તેને પાશ્ચાત્ય જોશીઓ 'ફોર્ચ્યુન' તરીકે મૂકે છે. ને પૌર્વાત્ય વિદ્વાનો પણ તેની ગણતરી કરવા માંડ્યા છે. "ચાર સેકન્ડે એક અંશ ફરે છે" ને



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેથી અમુક ન સમજાય એવાં ફળ માનવોને મળે છે તે આ એ
મળે છે એમ મદ્રાસના જ્યોતિષ માર્તંડ કૃષ્ણમૂર્તિ માને છે.

આમ સૂર્ય 'પ્રાણ' પર અધિકાર રાખનાર હોવાથી શરીર–મ
વગેરે પર અધિકારી છે માટે તેને જ 'લાઈફ પ્લેનેટ' ગણી તેનું
નંગ પહેરવું જેથી બીજા નબળા ગ્રહોનું નબળું ફળ ન મળે એ
મનાવવા પ્રયાસ થાય છે.

આદિત્ય હૃદય પૃષ્ઠ ૧૯ મે આપેલું તેનો શ્લોક ૧૩ મો ને ૧૪ મો
જુઓ. તેમાં સ્પષ્ટ છે કે સૂર્ય, ઇંદુ, મંગળ, બુધ, ગુરુ, શુ
(કવિ), સૌરિઃ (શનિ), વિધુંતુદ (રાહુ), કેતુ, (કાળ–ને કાલાત્મક પ્રભુ
છે અને છેવટના શ્લોકો પણ જુઓ, જેમાં લખ્યું છે કે રવિવા
સૂર્યનાં નામનો પાઠ કરવાથી "પીડાશાન્તિર્ભવેદસ્ય ગ્રહાણાં ચ વિશેષતઃ
બધી પીડા નાશ પામે પણ ખાસ કરીને ગ્રહોની પીડા નાશ પામે

માટે કોઈપણ ગ્રહની પીડા થતી હોય તો સૂર્યનો આદિ
હૃદયનો પાઠ કરવો ને સૂર્યનું વિધિસર પૂજિત નંગ ધારણ કરવું.

આ અજમાવી જોવું. ગુરુનું તો અમે અજમાવ્યું છે ને ઘણાને
તેથી ફાયદો થયો છે. મને પણ થયો છે. જો કે મારો તો દેહાધિપતિ
ગુરુ જ છે ને તે દેહ સ્વામીને જોય છે. પણ જેને તેવું નથી તેવા ગ્રાહકોને
પણ ફાયદો થયો જાણ્યો છે–તાત્કાલિક, ડોકટરના ઇંજેકશનની અસર
જેવો નહિ પણ લાંબે સમયે.

ગુરુનાં મારા નંગની એક અજાયબી લાગે એવો પ્રસંગ આલેખું
મારી ૨૪ વર્ષની ઉંમરે મને મારા સંબંધી વડિલે ગુરુની વીંટી કરાવ
આપેલી કેમ કે તે વખતના મુંબઈ ધારાસભાના નડિયાદના સભ્ય સ્વ
દાદુભાઈ દેસાઈ જેને જ્યોતિષનો શોખ હતો તેણે મારો લાઈફ પ્લેને
ગુરુ છે માટે મારે તે પહેરવો એવી સૂચના આપેલી. મારી પાસે
ગુરુના નંગના ને વીંટીના પૈસા નહોતા તેથી તે વડિલે તે વીંટી કરાવી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપી પછી તે મેં શ્રદ્ધાથી પહેરી. પ્રથમ વાર હું 'એમ. એ.ની પરીક્ષામાં નાપાસ (કમનસીબ યોગે—જે અહીં લખવા જેવું નથી) થયલો તે હું અલ્પ પ્રયાસે છ મહિનાના ભાંગ્યાતૂટ્યા નવા અભ્યાસક્રમમાં (બે વર્ષનો અભ્યાસક્રમ ખરો પણ એકવાર નાપાસ થાય તે તેને માટે એક વર્ષનો અભ્યાસક્રમ ચાલુ રહે ને બીજા વર્ષનો નવો કરવો પડે) પાસ થઈ ગયો. વિવાહ થયો, લગ્ન થયાં. નોકરી નહોતી મળતી, તે મળી. આ ગુરુનું નંગ વર્ષ પચ્ચીસ પછી (ગુરુના બે પરિક્રમણ પૂરાં થયે) હું ગણપતિ ચોથે ગણપતિની પૂજા કરી ઊઠયો ત્યારે વીંટીમાં નંગ ન મળે!! પૂજા કરવા બેઠો તે પહેલાં હતું જ. બધું શોધી વળ્યા. ગણપતિ પર ચડાવેલી પત્રી પુષ્પ બધું ઝીણી નજરે શોધ્યું.

ઉદ્વેગ થયો. સુરત આવી ચોકસીને ત્યાં નંગ લેવા ગયો. એક મહિના બાદ બરાબર એ જ પ્રકારનું નંગ મળ્યું. ફરી વીંટી કરાવી વિધિસર પૂજા કરી પહેર્યું. બરાબર એક વર્ષ બાદ હું મારી નિશાળની ઑફિસના ટેબલનું ખાનું એક અગત્યના પત્ર માટે શોધવા બેઠો પત્ર ન મળ્યો એટલે ખાનું જમીન પર ઠાલવ્યું. ખાનામાં નજર પડી તો બે પાટિયાની વચ્ચે ચળકતું મને કાંઈ દેખાયું. સોયા વડે તે કાઢ્યું. ગુરુ મહારાજ! મારા ટેબલના ખાનામાં ને તે પણ બે પાટિયાની ફાટમાં!

કારકુન આવી કુતુહલથી જોવા લાગ્યો ને બોલ્યો, 'સાહેબ! તમારું તે વખતે નંગ ખોવાયું હતું તે કાગળો મૂકતાં લેતાં આ ખાનામાં પડી ગયલું, બીજું કાંઈ નહિ' મેં કહ્યું કે, 'બને પણ તે આ બે પાટિયાની ફાટમાં?' ઈશ્વરેચ્છા ગુરુદેવ પધાર્યા

આ વીંટી હમણાં વર્ષ પર સવારે પાંચ વાગે સ્નાનાદિકાર્ય માટે પથારીમાંથી ઊઠતાં જનોઈએ બાંધી. અન્યત્ર કાંઈ ગયો નહિ. નાહીને પૂજા કરતાં ગુરુની પૂજા કરવા વીંટી જનોઈએથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લેવા ગયો તો ન મળે ! ! ! બાથરૂમમાંથી ગટરમાં જાય એવી જાળી નથી. ખૂણેખાંચરે ભરાઈ રહે એવું નથી. આખો ઓરડો, બાથરૂમ બધું બેત્રણવાર સાફ કરાવ્યું. ગુરૂ મહારાજ વીંટી સાથે ગયા. નવા મહારાજ ને નવી વીંટી આવી છે!!!

તાત્પર્ય કે ગુરૂ યા સૂર્યને લાઈફ પ્લેનેટ માનો પણ તેનું નંગ વિધિસર પૂજા કરેલું પહેરી રખાય ને રોજ તેના પાઠ મંત્રજપ થાય તો અન્ય ગ્રહોની પીડા ન થાય એવું બનવા સંભવ તો ખરો. આ બે ગ્રહોમાંથી કોઈનું પણ રક્ષણ આ રીતે લેવું વધુ યોગ્ય છે. બાકી જેમ તેમ કુંડળીમાં નીચ ગ્રહ કે સ્થાન ગ્રહ જોઈને નંગ પહેરવું એ ઠીક નથી. કોઈ જોશી સૂર્ય, તો કોઈ ચંદ્ર, તો કોઈ મંગળ એમ સાતે કે નવે જોશીના મતફેર પડે એટલે સાતે વારે સાત નંગ પહેરવાં ને સાત વાર કરવા એવું થયું. જાણીતી વાત છે કે એક પેઈન્ટરે પેરિસમાં સુંદર કલા કારીગીરીનું તૈલચિત્ર તૈયાર કરી મૂક્યું ને નીચે લખ્યું, "જેને આ ચિત્રમાં દોષ લાગે તેણે ત્યાં નિશાની કરવી." આ આધારે જે જે ચિત્ર જોવા ગયા તે તે પોતાના મત પ્રમાણે નિશાન કરતા ગયા ને આખું ચિત્ર–ચિત્ર મટીને નિશાનીનો સમૂહ બની ગયું !! તેમ તમે એકવાર કરો ને એક નંગ પહેરો તેનું ફળ ન મળે એટલે બીજા જોશી બીજો ગ્રહ ને નંગ બતાવે, ત્રીજો ત્રીજો ગ્રહ ને નંગ બતાવે. મતલબ આ મોંઘવારીના જમાનામાં તમને આખું અઠવાડિયું એકવાર ખાતા કરીને નવાં નવાં નંગ પહેરવાની તક આપે. અનાજનો બચાવ કરાવે ને બીજી બાજુ આંગળીની શોભા વધારે!!

સ્વતંત્ર બુદ્ધિથી વિચાર કરીએ તો બધા જ ગ્રહો સૂર્યમાંથી બહાર પડેલા છે એમ સિધ્ધ થઈ ચૂક્યું છે. ને તે દરેક ગ્રહ સૂર્યની આજુબાજુ ફરે છે, સારાંશ, સૂર્ય તેને પોતાની આજુબાજુ પોતાની આકર્ષણ શક્તિના યોગે ફેરવે છે આથી તે ગ્રહાધિપ તો છે. સૂર્યનો સ્વતંત્ર વિચાર કરીએ તો તે મહાન અગ્નિ કુંડ છે, જેમાં અનેક પ્રકારના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અગ્નિ પ્રેરક રસાયન પ્રવાહો હશે. પૃથ્વી તેમાંથી નીકળી તે વખતે પણ તે આવાં રસાયન પ્રવાહોનો જથ્થો જ હશે. બીજા ગ્રહો પણ તેવા રસાયન જથ્થા હશે ને પોતપોતાના રસાયન અનુસાર પ્રકાશ ફેંકે છે ને રંગ ધારણ કરે છે, પૃથ્વીમાં આવા રસાયનો ઠંડાં પડતાં પાણીમાં પૃથ્વીના પટમાં પથ્થર રૂપ બની જતાં, ખોદકામ કરતાં આ પથ્થરો નીકળે છે ને પછી તેના પર હીરાની જેમ કામ થાય છે. જો કે આકાશી ગ્રહોની રસાયન ભૂમિ ઉપરાંત અનેકવિધ બાબતો સૂર્યના પ્રચંડ અગ્નિ ગોળામાં હશે, છતાં સૂર્યમાળાના ગ્રહોની તે છે એમાં શંકા નથી. આથી સૂર્યને ગ્રહોનો પિતા કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. એટલે બધા ગ્રહોનાં નંગોનું મહત્ત્વ અને તેનાં રંગોનું આકર્ષણ સૂર્યમાં હોય એટલે સૂર્યને 'લાઈફ પ્લેનેટ' દરેક વ્યકિત માને ને તેની ઉપાસના, નંગ વગેરેનો ઉપયોગ અન્ય ગ્રહોનાં નડતર માટે કરે તો તેમાં કાંઈ ખોટું નથી વળી જુદા જુદા રંગના શીશાઓમાં પાણી ભરી તેમાં સૂર્યનાં કિરણો પ્રવેશે છે ને તેથી અમુક રોગો સારા થાય છે એ હકીકતમાં પણ સૂર્ય મુખ્ય ઠરે છે. લાલ રંગનો શીશો અમુક જ કિરણોને અંદર પ્રવેશવા દે છે, તેમ લીલા રંગનો, ભૂરા રંગનો વગેરે. એમાં પણ સૂર્ય નીરોગીત્વ રાખવામાં સહાયરૂપ થાય છે. જે ગ્રહો છે તેના રંગ અને નંગની સમગ્ર અસર સૂર્યમાં છે તેથી જે ગ્રહ નડતો હોય તે ગ્રહ અંગે સૂર્યને નિમિત્ત કરી તે ગ્રહની પીડા દૂર કરવા સર્વ વિધિ થાય એમ માનનારા સદંતર ખોટે માર્ગે જતા નથી

## ૮ : ખરાં અને બનાવટી નંગો

**હમણાં** હમણાં બજારમાં અનેક જાતના પણ આકર્ષક ખોટાં નંગોનો ફાલ વધી પડ્યો છે. જો કે ગ્રહોનાં જે નંગો છે તેનાથી આ નંગો જુદી જાતનાં હોય છે. પણ ગ્રહોનાં સાચાં નંગ જેવા જ બનાવટી નંગો પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મળે છે. અને બીનઅનુભવીઓને નંગ વેચનારા છેતરે છે. ખાસ કરીને ગુરૂ તથા શનિનાં નંગ લેનારને વિશેષ વેઠવું પડે છે. કેમકે ગરજાઉ જોઈ ને વેચનારા ભાવ મનમાન્યો માગે છે. લેનારને ખબર પડતી નથી કે નંગ કઈ રીતે બનાવટી—નકલી છે અથવા નંગમાં શો દોષ છે. દુષિત નંગ ધારણ કર્યાનું કોઈ ફળ મળતું નથી.

દોષ એટલે નંગમાં નરી નજરે ન દેખાય એવી ફ્રાચર, દાણા, તલ, મિશ્ર રંગ, ફણી વગેરે હોય છે. તેમ કેટલીકવાર નાના નંગનું કેરેટ વજન વધુ હોય છે ને મોટા નંગનું કેરેટ વજન ઓછું હોય છે. વળી જોશીઓ પણ આવાં નંગ પાસે રાખીને ઘરાકોને પેરવે છે અથવા નંગ વેચનારને બોલાવી પોતાનું કમિશન (પોખરાજ, નીલમણિ, નીલમ વગેરેમાં) પચાસ, સો રૂપિયા જેટલું રાખી પુષ્કળ વખાણ કરીને ઘરાકને તે લેવા કહે છે ને ઘરાક લે છે. આમ પોખરાજ જેવું નંગ ત્રણસો ચારસો કે તેથી ઉપર વેચાય છે. પછી પૂજા ને જપનો ખર્ચ ચડે છે. ફળ તો મળવાનું હોય ત્યારે મળે પણ પ્રથમ તો ખર્ચ રૂપી ફળ ગ્રાહકને અવશ્ય મળે છે.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

વારંવાર નંગો જોનાર તરત જ પારખી શકે છે કે નંગ સાચું છે કે બનાવટી અમારી પાસે શનિનું નંગ હતું તેની કિંમત ઘણી જ વિચિત્ર થતી. કોઈ સાતસો તો કોઈ સવાસો, કોઈ પાંચસો એમ કહેતું, આથી નંગ પરીક્ષક પ્રામાણિક હોય તેની પાસે નંગની પરીક્ષા કરાવીને લેવું. 'આઈગ્લાસ' વાપરતાં શીખવું. સાચું નંગ નહિ હોય ને બનાવટી નંગ હશે તો ફળ નહિ જ મળે. ને કેટલાંક તો ગભરાવશે કે ખોટાં નંગની પૂજા કરી છે તેથી હવે ઊલટું ફળ મળશે. ગુરૂ, શનિ, સૂર્યનાં નંગો ખાસ ચોકસાઈ પૂર્વક જ લેવાં. બીજાં નંગો ખાસ મોઘાં આવતાં નથી એટલે તેમાં નકલી નંગોનો શંભુમેળો ઓછો થાય.

પોખરાજ ધોળા રંગનો આવે, સહેજ પીળાશ પર આવે, વધુ પીળાશ પર આવે, પૂર્ણ પીળો હોય એવા અનેક રંગની છાયાવાળા મળે

છે પણ 'શુદ્ધં કાંચનશંનિભમ્' તે ધ્યાનમાં રાખી પૂર્ણ પીળો પોખરાજ જ લેવો, ધોળો નહિ ને પીળાશ પર પણ નહિ, તેમ કેસરની પાંદડી જેવો ઘેરો પણ નહિ. કેસર વધુ નાખ્યું હોય ને દૂધ જેવું દેખાય એવો રંગ પોખરાજનો સારો. શનિનાં નંગમાં પણ આવી છાયા આવે છે તેમાં પણ સાવચેતી રાખવી. તેમાં પણ બનાવટી નંગ આવશે. કાળો છતાં ગોરો દેખાતો રંગભૂમિની છાયા જેવો. ને શુદ્ધ નંગની નિર્મળતા જ પ્રકાશી ઊઠશે. ઘણી સાવચેતી રાખવાની છે.

આવો નંગો જુદા જુદા આકારમાં હોય છે. લંબચોરસ હોય છે. પાસાદાર ગોળ હોય છે. નીચે શંકુ આકાર હોય, કોઈક બનાવટી નંગને નીચે તે નંગના રંગનો ઓપ આપવામાં આવી તે શુદ્ધ હોય તેવો દેખાવ ઉપરથી કરવામાં આવે છે. આથી ચોકસાઈપૂર્વક નંગની શુદ્ધતા અંગે ખાતરી કરવી.

નંગ ચોરસ, લંબચોરસ, ગોળ કયા આકારનું પસંદ કરવું તે વિષે સામાન્ય બુદ્ધિ વાપરવાની છે. આંખને ગમે તે રંગ કે આકાર પસંદ કરવાનો નથી. નંગો ગ્રહોનાં છે ને ગ્રહોને ખુશ કરીને તેમની સહાય લેવા માટે છે. ગ્રહોનો આકાર મોટે ભાગે ગોળ જ છે કે કાંઈક ગોળ જેવો છે. ઈશ્વરની સૃષ્ટિની ખૂબી છે કે સૂર્ય અને તેના ગ્રહો ને ગ્રહોના ઉપગ્રહો બધા ગોળાકારના છે. પૃથ્વી જેવો ગ્રહ કાંઈક મધ્યભાગમાં ઉપસેલો છે એટલે નહિ જેવો કાંઈક લંબગોળ છે. તો પછી ગ્રહનાં નંગોને વિવિધ આકારમાં પહેરવાનો શો અર્થ ? ગોળ યા સ્હેજ લંબગોળ જ નંગ હોવું જોઈએ. ચોરસ, લંબચોરસ, ત્રિકોણ જેવા આકારોનો કોઈ અર્થ નથી. ગ્રહનાં ગોળ નંગ પાસા પડેલા હોય તે નિભાવી શકાય કેમ કે ગ્રહોની સપાટી એકદમ લીસી નથી. પાસા પડેલા હોય તો તે ગ્રહોનાં મોજાં યા કિરણો ખેંચવામાં સારા પડે છે. આવાં નંગો બની શકે તો વાડકી જેવી બેસણીમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બેસાડવા વધારે સારૂં. 'નખ' જેવામાં બેસાડવાથી નંગની બાજુમાં મેલ ભરાવાની શક્યતા વધુ રહે છે ને તેથી નંગ દુષિત વધારે થાય, જ્યારે વાડકીની બેસણીમાં પાછળનો ભાગ સહેલાઈથી સાફ થઈ શકે પહેરેલાં નંગને જેટલું શુદ્ધ રાખી શકાય તેટલું રાખવું.

**નકલી નંગો :** ઉપર કહ્યું છે તેમ અનુભવે તરત પકડાઈ આવે છે. બનાવટી સોનું વધારે ચળક મારે. અભણ માનવી ભણતરનો ડોળ વધુ કરે. બીન આવડતવાળો માણસ વટ પાડવા બધી જ આવડતવાળો છું એમ બણગાં ફૂંકે તેવું નકલી નંગોનું છે. ગ્રાહકો સરતું જાણી લે છે. ને ફળ ન મળતાં જ્યોતિષ શાસ્ત્રી કે જોશીને બોલાવે છે. એક જણને સરસ દેખાતો લાલ રંગનો ગુરૂ એક દુકાનદારે દશ રૂપિયામાં પોરવ્યો. ફળ ન મળે તે તો ઠીક પણ તે ખરીદ કરનારને આ નંગ પહેર્યા પછી દેવું વધતું ગયું. છેવટે અકળાઈને તેણે કાઢી નદીમાં નાખી દીધો. પણ જો આવું નકલી નંગ શનિ યા મંગળનું હોય અને ખાસ કરીને જો પૂજાવિધિ પણ કરી મંત્ર જપ કર્યા હોય તો વધુ હેરાન કરશે. આપણે ગ્રહને રીઝવવા માગીએ છીએ. નંગ એ ગ્રહનું પ્રતીક છે. જેમ દેવની મૂર્તિ એ દેવનું પ્રતીક છે માતાજીની મૂર્તિઓ અનેક છે પણ બધાની મુખાકૃતિ એક નથી. ઘડનારને કહેવામાં આવે કે ચિત્ર આપવામાં આવે કે વર્ણન કરવામાં આવે તે પરથી તે ઘડે પણ દરેક મૂર્તિમાં શક્તિ તો એક જ સ્થાપિત હોય છે. તેવું જ મહાદેવનાં લિંગનું, રામજી વગેરે દેવોની મૂર્તિનું હોય છે. આમ નંગ તે ગ્રહનું પ્રતીક છે. ગ્રહને પકડી લાવી તેનું પૂજન સ્તવન થઈ શકે નહિ તેથી નંગ લઈએ છીએ. તે જો ખોટું હોય તો ગ્રહ જેની આરાધના કરવા ઇચ્છીએ તે કઈ રીતે આ ખોટા નંગને પ્રતીક તરીકે સ્વીકારે? ને શનિ, મંગળ જેવા તો ઊલટું ફળ આપી દંડ દેવા જ તૈયાર થાય. યાદવા-સ્થળી અંગેની વાત જાણીતી છે કે એક યુવકને સ્ત્રીનો વેશ પહેરાવી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઋષિને પૂછ્યું કે આ સ્ત્રીને શું અવતરશે? ક્રોધિ ઋષિએ શ્રાપ દીધો કે મુસળ અવતરશે અને તે યાદવ કુળનો નાશ કરશે.

નંગ વેચાતાં લેવામાં જરા પણ ઉતાવળ કરવી નહિ, છેતરામણ થશે. કદાચ વધારે નાણાં આપવાં પડે પણ થોભી જવું. ઈશ્વરનો ભય કે ધર્મમાં શ્રદ્ધા રાખીને વેચનાર ઝવેરી પાસેથી જ નંગ લેવું બધુ સારૂં.

**ઉતરેલું નંગ :** કેટલીકવાર 'સેકન્ડ હેન્ડ' નંગ લેવાય છે. એનો પણ અર્થ નથી, સિવાય કે તેવા નંગમાં ગ્રહની પુનઃપ્રતિષ્ઠા કરવામાં આવે. આનું કારણ છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

મંગળનું નંગ એક જણને પહેરવાનું જોશીએ કહ્યું, કેમકે તેને નીચનો મંગળ આઠમા ભાવે હતો. આ મનુષ્ય મરી ગયો હોય અથવા તેનું કામ પતી જવાથી તેણે નંગ બીજાને વેચ્યું. બીજા માણસને મંગળ પાંચમે પુત્ર સ્થાનમાં નડે છે, તો આ મંગળ આ બીજી વ્યક્તિને કઈ રીતે ફળ આપે? પુત્ર કામના–સંતતિ ઇચ્છાથી મંગળ પહેરવા માટે તે મુજબ સંકલ્પ કરીને પાઠ તથા જપ કરવાના છે માટે ફરીથી તે નંગની પ્રતિષ્ઠા કરવી ઘટે. બને ત્યાં સુધી તદ્દન નવું અણ પહેરેલું જ નંગ લેવું એ વધારે સારૂં છે. આવું દરેક નંગ માટે સમજવું.

**ગ્રહ, નંગ ને કુંડળીનાં ભાવસ્થાન :** જન્મ કુંડળીમાં કયા સ્થાનમાં કયો ગ્રહ પડેલો ને બગડેલો છે ને નેષ્ઠ ફળ આપે છે તેની ખાતરી બુદ્ધિપૂર્વક કરવી. નીચનો મંગળ આઠમા ભાવે બધાંને જ માંદો પાડતો નથી કે જળઘાત કરતો નથી કે ઓપરેશન કરતો નથી. કયા સ્થાનમાં પડેલો ગ્રહ તે જાતકને કઈ રીતે હેરાન કરે છે તેની ચોકસાઈ કરીને પછી જ તે ગ્રહનું નંગ પહેરવું કેમ કે એક વ્યક્તિને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાહુ પાંચમે છે. હવે પાંચમું સ્થાન વિદ્યાનું છે, સંતાનનું છે, જુગારનું છે, વેપારનું છે, પિતાનાં મૃત્યુનું છે, વગેરે વગેરે બાબત છે ને રાહુનું નંગ પહેરવાનું છે. તો વિદ્યા વૃદ્ધિ કરવા માટે નગ પહેરવું હોય તો તે રીતનો સંકલ્પ, તે રીતની પૂજા વગેરે વગેરે કરીને રાહુ પહેરવો. અહીં રાહુ વિદ્યા વિઘ્ન ન કરે કે વિદ્યા નષ્ટ કરે નહિ તેવો સંકલ્પ કરવાનો છે. વિદ્યા આપે એવો કરવાનો નથી. વિદ્યા આપવાનું કે જ્ઞાન આપવાનું કામ ગુરૂનું છે. માટે રાહુ વિઘ્ન ન કરે તે માટે ને ગુરૂ વિદ્યા આપે તે માટે એમ યોગ સાધવાનો છે. આથી સમજાશે કે ભાવને બગાડનાર ગ્રહ જો તે ભાવનો કારક ન હોય તો કારક ગ્રહ તેમજ ભાવને બગાડનાર ગ્રહ બંનેને પકડવાના છે શુક્ર સ્ત્રીકારક છે. માટે શુક્રને સ્ત્રી પ્રાપ્તિ માટે તથા સાતમા ભાવમાં રહેલો ગ્રહ નિર્બળ હોય તો સ્ત્રીના રક્ષણ માટે એમ ગ્રહો સાધવા પડશે.

કેટલીકવાર ગ્રહ નબળો હોય પણ અન્ય ગ્રહની દૃષ્ટિથી તે નબળો હોય તો નબળી દૃષ્ટિ કરનાર ગ્રહને સાધવો પડશે અથવા નબળા ગ્રહ સાથે શુભ સંબંધ કરનાર બળવાન શુભ ગ્રહને સાધવો પડશે, જેમ કે દેહભાવમાં ચંદ્ર ધનનો છે ને તે પર મંગળની દૃષ્ટિ છે પણ ધનરાશિનો સ્વામી ગુરૂ ઉચ્ચનો કે સ્વગ્રહી છે તો ગુરૂની જ ઉપાસના, નંગ વગેરે કરવાં, મંગળનાં નહિ. તેમજ ધારો કે શનિ દેહભાવમાં મકરનો બળવાન છે ને તેના પર મંગળ દૃષ્ટિ કરે છે તો મંગળની આરાધના કરવાની જરૂર નથી. બળવાન ગ્રહ શનિ દેહભાવનું રક્ષણ કરશે જ. પણ ત્યાં સૂર્ય પડેલો છે ને તે ત્યાંનો સ્વામી છે ને મંગળની દૃષ્ટિમાં છે તો સૂર્યની આરાધના કરવી. કેમકે બળવાન શનિએ મંગળને દૃષ્ટિથી ને સ્વગૃહબળથી દબાવ્યો છે એટલે સૂર્યનાં જપતપ વગેરેથી સૂર્ય આરોગ્ય રક્ષણ કરશે.

**કેવળ નિર્બળ ગ્રહ જોતાં જ તેનું નંગ પહેરવું નહિ. પણ ગ્રહ પાપગ્રહની દૃષ્ટિવાળો, શુભગ્રહની દૃષ્ટિવાળો, બળવાન ગ્રહની દૃષ્ટિવાળો, બળવાન ગ્રહની રાશિવાળો છે કે કેમ વગેરે વગેરે**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિચાર કરીને જ કયા ગ્રહનું નંગ તે ભાવનાં કયા ફળ માટે સારું છે તેનો વિચાર કરીને નંગ લેવું.** વિધિસર સ્થાપના કરી રોજ તેની પૂજા, સ્તોત્ર પાઠ ને માળા ફેરવવી તો ફળ મળે. એમ કરવામાં ન આવે ને કાકતાલીય ન્યાય પ્રમાણે ફળ મળી જાય તો તો ઠીક ને ન મળે તો પછી જ્યોતિષ શાસ્ત્ર નકામું છે એમ વ્યક્તિ માને.

卐

## ૯ : નંગ પહેરવાની પ્રથા

**નંગ** પહેરવાના ક્યારથી શરૂ થયા તે વિષે તો વેદ–સંહિતામાંથી જાણવા મળે છે કે દેવોને પણ રત્નો પહેરાવવામાં આવતાં હતાં. એમના મુગટોમાં શુદ્ધ નંગો રહેતાં. રાજા મહારાજાઓના મુગટમાં નંગ રહેતાં. પણ આ બધું વૈભવ, શોભા ને આનંદ માટે છે. ગ્રહો અંગે પુરાણોક્ત અને વેદોક્ત મંત્રો છે પણ તે ગ્રહોની આરાધના માટેના સ્તુતિ મંત્રો છે ને તે ગ્રહોનાં નંગો ને ગ્રહોનું પ્રતીક ગણી તેની પુજા વિધિ વગેરે માટે છે. ગ્રહોનાં નંગ એટલે આ ગ્રહનું આ નંગ છે તે તો ગ્રહોના રંગના આધારે નક્કી થયું હશે ને તે અંગે કિંમતી–મૂલ્યવાન્ પથ્થરો લેવામાં આવેલા હશે ને તેને ઓપ આપી વિશેષ આકર્ષક બનાવાયા હશે–દેવોની મૂર્તિની જેમ.

કુદરતી રીતે જોવા જઈએ તો મણિધર નામનું રત્ન કુદરતી છે તેમ સંસ્કૃત કવિઓ લખે છે. તેમ મદઝરતા હાથીનાં કુંભસ્થળમાં મોતી પાકે છે (જે મોતીઓ હાથીને પંજાઓથી ઝપેટીને મારનાર સિંહના નખમાં હાથીનાં કુંભસ્થળમાંથી ભરાઈ જાય છે ને સિંહના પંજા ચળકે છે). જેમ હીરો કોલસાની એક ઉત્પત્તિ છે ને પાસા પાડવાથી સુશોભિત થાય છે તેમ બીજા નંગો પણ એવા પથ્થરોની ઉત્પત્તિ હશે. પણ ગ્રહો સાથે નંગનો સંબંધ કઈ રીતે બંધાયો ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવમૂર્તિ જેમ ગ્રહોની મૂર્તિ નિર્માણ કરાઈ નથી. દેવો મંદિરમાં રહે ને પૂજા કરવાથી ફળ આપે પણ ગ્રહોનાં મંદિર નથી. ગ્રહો દેવ નથી. દરેક વ્યક્તિ જે તે ગ્રહની આરાધના કરવા ઇચ્છતી હોય તે, તે ગ્રહને રોજ જ પાસે રાખી તેની આરાધના કરી શકે એવો એક હેતુ હશે. બીજો, શુદ્ધ-પૂજાવાળાં નંગો તે તે રંગના ગ્રહોનાં મોજાં ગ્રહણ કરી અંગુલિ દ્વારા, હથેળીની રેખા પહાડોમાં પ્રવેશી માનસિક ને શારીરિક ફેરફાર કરીને સારી પરિસ્થિતિ ગ્રહો ઉત્પન્ન કરે એવી અસર કરે. આવા કોઈ શુદ્ધ હેતુથી નંગો શરીર પર ધારણ કરાવવા માંડ્યાં હશે, જેમ કેટલાક ચાંદીની વીંટી ઉપર મહાદેવનું લિંગ રખાવે છે, તો કેટલાક લોકેટમાં એવું રખાવે છે, તો કોઈક યંત્ર કોતરાવે છે તેમ.

શ્રીમદ્ ભાગવતમાં સૂર્ય પૂજા કરનાર સત્રાજિત યાદવને સૂર્યે 'સ્યમંતક' મણિ આપ્યો હતો. આ મણિ રોજ સવાભાર સોનું પ્રગટ કરતો ને ભક્તને આપતો, એટલે પૂજા વિધિ થઈ સ્તોત્ર પાઠ, જપ તપ થઈ રહેતાં મણિ પાસે સવાભાર સોનું દેખાતું. સત્રાજિત યાદવ-સભામાં આ મણિ માથા પર પહેરી ગયો ત્યારે તે સાક્ષાત્ સૂર્ય જેવો લાગેલો ને બધા જ આશ્ચર્યચકિત થઈ ગયા. આ મણિનો પ્રભાવ એટલો બધો વધી ગયો કે બધા જ તેના પર તરાપ મારવાની ઇચ્છા કરવા લાગ્યા પણ કોઈનો ગજ વાગ્યો નહિ. આ મણિ શ્રીકૃષ્ણે સત્રાજિત પાસે માગ્યો. પણ તેણે આપવાની સાફ ના પાડી. થોડા વખતમાં મણિ ગુમ થઈ ગયો અને મણિ ચોર્યાનું આળ શ્રીકૃષ્ણને માથે આવ્યું ને તે મણિ ચોર કહેવાયા. મણિની શોધ કરતાં તે મણિ જાંબુવાન રીંછની ગુફામાંથી શ્રીકૃષ્ણને મળ્યો ને તે તેણે સત્રાજિતને આપી દીધો.

ગમે તેમ કોઈક પૂજા વિધિ કે આરાધના વિધિની ઊણપ યા સત્રાજિતને આવા અમૂલ્ય રત્નની પ્રાપ્તિનું અભિમાન કારણ હોય પણ એક વાર આ મણિ તેણે ખોયો ને કષ્ટ થયું, શ્રીકૃષ્ણ પર વસ્તુ માગી-મીન અધિકારી હોવા છતાં (કેમકે તે સૂર્ય ઉપાસક સત્રાજિત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેવા નહોતા) તેથી શ્રીકૃષ્ણ પર ચોરીનું આળ ને જાંબુવાન સાથે લડાઈનું કષ્ટ વગેરે પરિણામ આવ્યાં. પણ શ્રીકૃષ્ણની શુભ નિષ્ઠાના સારાં પરિણામ રૂપે સત્યભામા તે જાંબુવતી બે સ્ત્રી રત્ન પણ મળ્યા!

આ પરથી એમ સમજી તો લેવું કે વિધિસર પૂજન કરેલાં નગનો દેખાવ, દંભ, ડોળ, આડંબર ન કરવો. એની ફળ પ્રાપ્તિનું અભિમાન ન કરવું, કોઈને વેચવું નહિ. ઉપયોગ થઈ રહે એટલે એને સુરક્ષિત રાખવું ને પ્રતિષ્ઠિત ગ્રહની છાયા વિસર્જન કરવી. અથવા તે પવિત્ર નદીમાં પધરાવી દેવું. શેતાનોને આપવું તો પ્રતિષ્ઠિત ગ્રહની છાયા ફરી ઉપસ્થિત કરી પહેરવાની સૂચના આપવી.

સત્રાજિતની જેમ વટ પાડવા, નંગનું પ્રદર્શન કરવું નહિ. સામાન્ય શણગાર હેતુથી હીરા માણેક વગેરેની વીંટી, માદળિયું, નેકલેસ, બંગડી વગેરેનો ઉપયોગ ઉપરની બાબતમાં આવતો નથી.

## ગ્રહો અને સ્તોત્રો

કોઈપણ ગ્રહના સ્તોત્રમાં નંગ વિષે ઉલ્લેખ નથી. સ્કંદપુરાણ, ભવિષ્ય પુરાણ વગેરેમાં ગ્રહોનાં સ્તોત્રો છે તે, તે તે ગ્રહની અનિષ્ટ અસર નાબુદ કરવા માટે જ છે ને તેમાં તો શનિ જેવા ગ્રહની 'લોહ પ્રતિમા' કરવાનો ઉલ્લેખ છે. આદિત્ય હૃદયમાં રામચંદ્ર રાવણને જીતવા આદિત્યની સ્તુતિ કરે છે. મોટા આદિત્ય હૃદયમાં કોઢ વગેરે રોગો, માથાની વેદના વગેરે નાબુદ કરવા સ્તુતિ છે. રોગ, વૃષ્ટિ વગેરે કરનાર ને ન કરનાર તરીકે મંગળની સ્તુતિ છે, જે સ્તુતિથી દેવું પણ વળી જાય. જેવી રીતે વિદ્યા પ્રાપ્તિ ને વિઘ્ન વિદારણ અર્થે ગણપતિની સ્તુતિ છે તેવી આ ગ્રહોની સ્તુતિ છે. પણ નંગ ધારણ અર્થે કોઈ ઉલ્લેખ મળતો નથી.

## ગ્રહ મંત્ર જપ

નંગ ધારણ કરનાર પાસે જોશીઓ નંગની પૂજા કરાવે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. પણ મોટે ભાગે તો જોશી પોતે જ યજમાન માટે નંગની પૂજા વગેરે કરે છે ને મંત્રના જપ કરે છે. આ મંત્ર જપની સંખ્યા વિભાગ ૧માં આપેલી છે. જો વ્યક્તિ પોતે જ જપ કરવા માગતી હોય તો તેણે મંત્રનો અર્થ સમજીને જપ કરવા જોઈએ.

## પૌરાણિક મંત્રના અર્થ :

**સૂર્યમંત્ર પૃષ્ઠ ૧૪ :** (૧) હ્રીં (વ્યાહૃતિ છે) જાસુદના પુષ્પ જેવા, કશ્યપ મુનિના પુત્ર જે મહા તેજસ્વી છે, અંધારાંનો નાશ કરે છે ને સર્વ પાપ નાશ કરે છે તે દિવાકર સૂર્યને નમું છું.

(૨) હ્રીં ગ્રહોમાં સૌથી પ્રથમ આદિત્ય છે ને તે ત્રિલોકનું રક્ષણ કરનાર છે. આ સૂર્ય ખરાબ સ્થાનમાં આવવાથી ઉત્પન્ન થતી મારી પીડાનો નાશ કરો.

**ચંદ્રમંત્ર પૃષ્ઠ ૨૪ :** (૧) દહિં, શંખ, હિમની કાંતિ જેવા, ક્ષીર (દૂધ)ના સાગરમાંથી ઉત્પન્ન થયેલા, શંકરના મુગટના અલંકાર બનેલા સોમ નામના ચંદ્રને નમું છું.

(૨) રોહિણી નક્ષત્રના અધિપતિ, અમૃતની મૂર્તિ, અમૃતનાં ગાત્રોવાળા, અમૃતનું ભોજન કરનારા ચંદ્રમા અનિષ્ટ સ્થાને આવતાં ઉત્પન્ન થતી પીડાનો નાશ કરો.

**મંગળમંત્ર પૃષ્ઠ ૪૦ :** (૧) પૃથ્વીમાંથી ઉત્પન્ન થયેલા, વીજળી જેવી કાંતિવાળા, હાથમાં શક્તિ શસ્ત્ર ધારણ કરનારા મંગળને નમું છું.

(૨) પૃથ્વીના પુત્ર, મહા તેજવાળા હમેશાં જગતને ભય આપનારા, વરસાદ કરનારા, વરસાદ અટકાવનારા મંગળ મારી પીડાનો નાશ કરો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**બુધમંત્ર પૃષ્ઠ ૫૦ :** (૧) પ્રિયંગુ પુષ્પની કલિકા જેવા શ્યામ, રૂપમાં અપ્રતિમ બુધ, જે સૌમ્યગુણી હોવાથી સૌમ્ય નામે પ્રખ્યાત છે તે બુધને નમું છું.

(૨) જગતમાં ઉત્પાતરૂપ બનતાં ચંદ્રના પુત્ર, મહાન પ્રકાશવાળા, સૂર્યને પ્રિય, વિદ્વાન બુધ મારી પીડા હરો.

**ગુરૂમંત્ર પૃષ્ઠ ૫૮ :** (૧) દેવોના અને ઋષિઓના ગુરુ, જે સુવર્ણ જેવા છે, બુદ્ધિમાન છે, ત્રણે લોકમાં શ્રેષ્ઠ છે તે બૃહસ્પતિને નમું છું.

(૨) દેવોને સલાહ આપનારા, મોટી આંખવાળા, લોકોનું હિત કરવામાં મચ્યા રહેનારા, અનેક શિષ્યોવાળા ગુરૂ મારી પીડાને હરો.

**શુક્રમંત્ર પૃષ્ઠ ૬૮ :** (૧) હિમકુંદ પુષ્પના રેસાની કાંતિવાળા, દૈત્યોના શ્રેષ્ઠ ગુરુ, સર્વશાસ્ત્રનો બોધ કરનાર ભૃગુઋષિના પુત્રને નમું છું.

જૈન સાઇટ JAINSITE .com

(૨) દૈત્યોને સલાહ આપનારા, તેમના ગુરુ, પ્રાણ આપનારા, મહા બુદ્ધિશાળી, તારા અને ગ્રહોના પતિ હે ભૃગુ ! મારી પીડા હરો.

**શનિમંત્ર પૃષ્ઠ ૮૦ :** (૧) નીલઅંજન જેવા પ્રકાશવાળા સૂર્યના પુત્ર, યમના મોટાભાઈ, છાયા સૂર્યથી ઉત્પન્ન થયેલા શનિ દેવ જે ધીમી ગતિવાળા છે તેને નમું છું.

(૨) સૂર્યના પુત્ર. દીર્ઘ લાંબા શરીરવાળા, મોટી આંખોવાળા, શંકરને પ્રિય, ધીમી ગતિવાળા, ચિત્તમાં પ્રસન્ન રહેનારા શનિ મારી પીડા હરો.

**રાહુમંત્ર પૃષ્ઠ ૯૩ :** (૧) અર્ધ શરીરવાળા, મહાબળવાન, ચંદ્ર સૂર્યનું માનભંગ કરનારા, સિંહિકાથી ઉત્પન્ન થયેલા રાહુને નમન કરું છું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨) મોટા માથાંવાળા, મોટા મોંવાળા, લાંબી દાઢવાળા, મહા બળવાન્ સ્થૂળ ઊંચાવાળવાળાં રાહુ મારી પીડા હરો.

**કેતુમંત્ર પૃષ્ઠ ૧૦૦ :** (૧) પલાશના પુષ્પ જેવા, તારાઓ અને ગ્રહોના માથાં જેવા (શ્રેષ્ઠ), રૌદ્ર, રૂદ્ર જેવા ઘોર તે કેતુને હું નમું છું.

(૨) અનેક રૂપ ને વર્ણવાળા સેંકડો ને હજારો રીતે જગતમાં ઉત્પાત કરનારા કેતુ મારી પીડા હરો.

જે ગ્રહની શાંતિ ઉપર ચર્ચા કર્યા પ્રમાણે કરવાની હોય, અને વિચારપૂર્વક ગ્રહ નક્કી કરો તેનું નંગ પહેરવાનું નક્કી કર્યા પછી બને ત્યાં સુધી નંગ ધારણ કરનારે જ મંત્ર જપ કરવા ને રોજ પૂજા કરવી.

આમ ન થાય તો ફક્ત નંગ પહેરવાથી જ તે નંગના ગ્રહ ભાગ્યે જ પ્રસન્ન થાય.

जैन साइट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

❀

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પરિશિષ્ટ : ૨

દરેક રાશિનો પોતાનો સ્વામીગ્રહ હોય છે એ ગ્રહનું નંગ કે રત્ન પહેરવાથી શરીર સ્વાસ્થ્ય, ધન, વૈભવ તથા ઐશ્વર્યની પ્રાપ્તિ થાય છે. હાથમાં લીધેલાં દરેક કામમાં સફળતા મળે છે. નોકરી ધંધામાં ખૂબ લાભ થાય છે જીવનમાં સારા મિત્રો મળે છે. રાજદરબાર તથા કોર્ટ–અદાલતોમાં માન મળે છે. નોકરી ધંધામાં યશ તથા સફળતા મળે છે ટૂંકમાં રોગ તથા શત્રુઓનો નાશ થઈ, ત્રિવિધ તાપ દૂર થઈ દરેક પ્રકારનું સુખ તથા શાન્તિ પ્રાપ્ત થાય છે.

રાશિ, તેનો સ્વભાવ, તેનો સ્વામીગ્રહ તથા તેનું પહેરવાનું નંગ વગેરે બાબત નીચે કોઠામાં દર્શાવી છે.

| રાશિ | સ્વભાવ | સ્વામી ગ્રહ | પહેરવાનું નંગ–રત્ન |
|---|---|---|---|
| ૧. મેષ | ચલ | મંગળ | પરવાળું |
| ૨. વૃષભ | સ્થિર | શુક્ર | હીરો |
| ૩. મિથુન | દ્વિસ્વભાવ | બુધ | પાનું |
| ૪. કર્ક | ચલ | ચંદ્ર | મોતી |
| ૫. સિંહ | સ્થિર | સૂર્ય | માણેક |
| ૬. કન્યા | દ્વિસ્વભાવ | બુધ | પાનું |
| ૭. તુલા | ચલ | શુક્ર | હીરો |
| ૮. વૃશ્ચિક | સ્થિર | મંગળ | પરવાળું |
| ૯. ધન | દ્વિસ્વભાવ | ગુરુ | પોખરાજ |
| ૧૦. મકર | ચલ | શનિ | શનિ |
| ૧૧. કુંભ | સ્થિર | શનિ | શનિ |
| ૧૨. મીન | દ્વિસ્વભાવ | ગુરુ | પોખરાજ |

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પરિશિષ્ટ : ૩

ગ્રહોની માઠી અસર દૂર કરવા વર્ષગાંઠને દિવસે પહેરવાના નંગો અને રત્નો તેમ જ તેમનાથી થતા લાભાલાભ.

| ગ્રહનાં નામ | નંગ–રત્ન | લાભાલાભ |
|---|---|---|
| ૧. સૂર્ય–રવિ | માણેક | મિત્રો તેમજ શેઠ કે ઉપરી અધિકારી તરફથી લાભ થાય. |
| ૨. ચંદ્ર–સોમ | મોતી | ચિંતા દૂર થાય, માનસિક શાંતિ મળે. |
| ૩. મંગળ | પરવાળું | અડગતા તથા વીરતાના ગુણ મળે |
| ૪. બુધ | પાનું | નમ્રતાના ગુણવાળી, પ્રિય અને હસમુખ પત્નીનું સુખ મળે |
| ૫ ગુરુ | પોખરાજ | શંકા અને ચિંતાથી પર એવું સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ મળે, ધનની પ્રાપ્તિ થાય. |
| ૬. શુક્ર | હીરો | મન અને આત્માને શાંતિ મળે, સર્વને પ્રિય થવાય. |
| ૭. શનિ | શનિ | આપત્તિઓને દૂર કરી નવી આશાઓનો સંચાર કરે |
| ૮. રાહુ | ગોમેદક | મિત્રો તેમજ સ્નેહીઓ સાથે મેળાપ થાય. |
| ૯. કેતુ | લસણિયો | સફળતા આપની દાસી થઈ રહે. |

ગ્રહોની અસરથી આવતી આપત્તિઓ દૂર કરવા માસવાર પહેરવાના નંગો.

| માસ | નંગ | માસ | નંગ |
|---|---|---|---|
| જાન્યુઆરી | ગારનેટ | જુલાઈ | માણેક |
| ફેબ્રુઆરી | એમેથસ્ટ | ઑગસ્ટ | ગોમેદક–છત્રપતિ |
| માર્ચ | એલેક્ઝેંડરીટ (બ્લડ સ્ટોન) | સપ્ટેમ્બર | નીલમ |
| એપ્રિલ | હીરો | ઑક્ટોબર | ચંદ્રમણિ–ઓપલ |
| મે | પાનું | નવેમ્બર | પોખરાજ |
| જૂન | અકીક–પીરોજા | ડિસેમ્બર | પીળો પોખરાજ |

JAINSITE.com जैन साइट जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# 卐 નિત્ય નિયમ શ્લોક 卐

* સવારે જાગીને હથેલી જોઈને બોલવાનો શ્લોક *

કરાગ્રે વસતે લક્ષ્મીઃ, કરમધ્યે સરસ્વતી,
કરમૂલે સ્થિતો બ્રહ્મા, પ્રભાતે કરદર્શનમ્.

* ગુરુની પ્રાર્થના *

ગુરૂર્બ્રહ્મા ગુરૂર્વિષ્ણુ; ગુરૂર્દેવો મહેશ્વરઃ,
ગુરૂઃ સાક્ષાત્પરબ્રહ્મ, તસ્મૈ શ્રીગુરવે નમઃ

* જમીન પર પગ મૂકતા બોલવાનો શ્લોક *

સમુદ્રવસને દેવિ,! પર્વતસ્તનમંડલે,
વિષ્ણુપત્ની! નમસ્તુભ્યં પાદસ્પર્શં ક્ષમસ્વમે.

* સ્નાન કરતા બોલવાનો શ્લોક *

ગંગે ચ યમુને ચૈવ, ગોદાવરી સરસ્વતી,
નર્મદે સિંધુ કાવેરી જલેઽસ્મિન્ સન્નિધિં કુરુ.

* સૂર્ય પ્રાર્થના *

આદિદેવ! નમસ્તુભ્યં, પ્રસીદ મમ ભાસ્કર!
દિવાકર! નમસ્તુભ્યં પ્રભાકર! નમોસ્તુતે.

* બ્રહ્માદિકોની પ્રાર્થના *

બ્રહ્મા મુરારિસ્ત્રિપુરાન્તકારી, ભાનુઃશશી ભૂમિસુતો બુધશ્ચ;
ગુરુશ્ચ શુક્રઃ શનિરાહુકેતવઃ કુર્વન્તુ સર્વે મમ સુપ્રભાતમ્.

* ગોપ્રાર્થના *

ગાવો મે અગ્રતઃ સન્તુ, ગાવો મે સન્તુ, પૃષ્ઠતઃ,
ગાવો મે હૃદયે સન્તુ, ગવાં મધ્યે વસામ્યહમ્.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## હરકોઈને ઉપયોગી કર્મકાંડના ધાર્મિક

# ❋ ગુજરાતી ટીકા સાથેના પુસ્તકો ❋

| | | |
|---|---|---|
| પંચદેવ પૂજા વિધિ | | ૧-૦૦ |
| શ્રી લક્ષ્મી નારાયણ રહસ્ય | | ૦-૭૫ |
| યોગની સાદી સમજ | | ૨-૫૦ |
| શ્રાદ્ધ કલ્પતરૂ | ( શ્રાદ્ધ કરાવવાનું પુસ્તક ) | ૧-૫૦ |
| વિવાહ કલ્પતરૂ | ( લગ્નવિધિનું પુસ્તક ) | ૧-૫૦ |
| અષ્ટાધ્યાયી રૂદ્રી | ( ગુજરાતી ટીકા સાથે ) | ૨-૦૦ |
| શીવ સ્વરોદય | ( શીવ પાર્વતીનો સંવાદ ) | ૨-૦૦ |
| નવગ્રહ વિધાન | ( નડતા ગ્રહોની શાંતિ ) | ૨-૦૦ |
| ચંડીપાઠ (પોકેટ સાઈઝ) | ( ગુજરાતી શ્લોક સાથે ) | ૨-૦૦ |
| નવનાથ ચરિત્ર ભાગ ૧-૨-૩ સાથે | | ૬-૦૦ |
| આકાશવાણી ચતુરસુંદર મોટી ગરબાવળી | | ૨-૫૦ |
| અસલ જલારામ બાપાના ભજનોનો મોટો સંગ્રહ | | ૦-૭૫ |
| શ્રી લક્ષ્મી સાધના | ( લક્ષ્મી પૂજન સાથે ) | ૧-૫૦ |
| શ્રી ગણપતી ઉપાસના | ( પૂજન વિધિ સાથે ) | ૧-૫૦ |
| બ્રહત નવગ્રહ સ્તોત્ર | ( નિત્ય પ્રાર્થનાઓ ) | ૧-૫૦ |
| રામદેવ પીરનું આખ્યાન | | ૨-૫૦ |
| સતાર બાપુના ભજનો | ( મોટું પુસ્તક ) | ૫-૨૫ |
| ભક્તશ્રી જલારામ બાપા | | ૨-૦૦ |
| પૂજ્ય ડોંગરે મહારાજની ભાગવત વાણી | | ૨-૦૦ |
| પવિત્ર પ્રાચીન વ્રતકથાઓ | | ૨-૫૦ |
| આકાશવાણી મોટી સંતસમાજ ભજનાવળી | | ૨-૫૦ |

**શ્રી હરિહર પુસ્તકાલય : ટાવર રોડ, સુરત.**


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

## જ્યોતિષના વિદ્વાન લેખકોના

## સર્વોત્તમ પુસ્તકો

| | | |
|---|---|---|
| ભવિષ્યવેત્તા | (૨૦૦ ઉપરાંત ચિત્રો હસ્તરેખાનો ગ્રંથ) | ૭=૫૦ |
| સ્વપ્ન સિદ્ધિ | (સ્વપ્નપરથી ભવિષ્યફળ દર્શન) | ૧=૨૫ |
| મારું ભવિષ્ય | (ભાગ ૧-૨-૩ સાથે) | ૯=૦૦ |
| ફળદિપીકા | (મંત્રેશ્વરનું અદ્ભુત પુસ્તક) | ૯=૦૦ |
| બૃહત સંહિતા | (વરાહ મીહીરની વારાહી સંહિતા) | ૮=૭૫ |
| બૃહતજાતક | (લે. ચંદ્રશેખર ઠક્કુર) | ૫=૦૦ |
| પ્રશ્ન જ્યોતિષ | (પ્રશ્ન પરથી જ્યોતિષ ,, ,,) | ૧=૫૦ |
| હાથની ભાષા | (હસ્તરેખા પરથી ભવિષ્ય ભા.૧.૨.૩) | ૯=૦૦ |
| સારાવલી | (લે ડૉ. ચંદ્રશેખર ઠક્કુર) | ૮=૦૦ |
| ભાવિના ગૂઢ રહસ્ય | (લે. યશોધર મહેતા) | ૩=૦૦ |
| ભાવિના ભેદ | (લે. ,, ,,) | ૩=૫૦ |
| ભાવિના ગગનમાં | (લે. ,, ,,) | ૨=૫૦ |
| ભાવિના ભીતરમાં | (ભાગ ૧-૨-૩ ગજેન્દ્રશંકર પંડ્યા) | ૧૪=૫૦ |
| ભાગ્યચક્રની ભવિષ્યવાણી | (ભડલી વાક્ય, કાગ વિદ્યા સાથે) | ૬=૭૫ |
| લઘુ પારાશરી | (રમાશંકર જોષી) | ૨=૦૦ |
| મુહૂર્ત સાર સંગ્રહ અને બાળબોધ જ્યોતિષસાર | | ૪=૫૦ |
| સરળ સામુદ્રિક શાસ્ત્ર | (કાગ વિદ્યા ને રાશિફળ સાથે) | ૩=૦૦ |
| સર્વાર્થ ચિંતામણી | (લે. ડૉ. ચંદ્રશંકર ઠક્કુર) | ૮=૫૦ |
| ભાવાર્થ રત્નાકર | (લે. ,, ,,) | ૧=૭૫ |
| હોરાસાર | (લે. ,, ,,) | ૩=૭૫ |
| સ્વપ્ન સિદ્ધિ | (સ્વપ્ન ફળદર્શન) | ૧=૫૦ |
| બૃહત પારાશરી | (લે. ડૉ. ચંદ્રશેખર ઠક્કુર) | ૧૦=૦૦ |

## શ્રી હરિહર પુસ્તકાલય, સૂરત


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ ૧ • ફોન ૫૩૬૩૫